


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 30 OCTOBER, 2020 Vol. 16, No. 43 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ગાંધીનગરમાં રાજકીય સન્માન સાથે પ્રખર જનસંઘી કેશુભાઈની અંતિમવિધિ, કચેરીઓ પર અડધી કાઠીએ ધ્વજ ફરકાવાયો

# ગુજરાતના માજી મુખ્યમંત્રી કેશુભાઈનું નિધન

ગાંધીનગર : ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે ગુરુવારે સવારે અવસાન થયું હતું. જનસંઘની સ્થાપનાથી સંઘર્ષમય રાજનીતિ થકી દેશમાં સર્વપ્રથમ ભાજપને કોઈ એક રાજ્યમાં સત્તાના શિખરે લઈ જનારા લોકનેતાનાં નિધનથી ગુજરાત સહિત ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વમાં શોકની લાગણી પ્રસરી છે. સાંજે છ વાગ્યે તેમના નશ્વરદેહના ગાંધીનગર સ્થિત સેક્ટર- ૩૦ના સ્મશાનગૃહ ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

ગુજરાત ભાજપના ભીષ્મ પિતામહ ગણાતા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને ગુરુવારે સવારે ૧૦ – ૩૦ કલાક વાગ્યા આસપાસ શ્વાસ લેવામાં તકલીફ થતા એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગરથી અમદાવાદ સ્થિત સ્ટર્લિંગ હોસ્પિટલમાં લવાયા હતા. મહિના પહેલાં જ તેઓ કોરોના વાઈરસને હરાવીને નિવાસસ્થાને પરત ફર્યા હતા. સવારે નાસ્તા પૂર્વે એકાએક શ્વાસ લેવામાં તકલીફ થતા બેભાન અવસ્થામાં જ હોસ્પિટલમાં લવાયેલા કેશુબાપાએ અડધો કલાકની સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા. બાપાને કેટલાક દિવસોથી હાર્ટ અને શ્વાસ લેવાની તકલીફ હોવાનું જાણવા મળ્યું હતું. આ તરફ બપોરે ત્રણ વાગે મુખ્યમંત્રીએ ખાસ કેબિનેટની બેઠક યોજીને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈને શોકાંજલિ પાઠવીને રાજ્યમાં એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો હતો. સચિવાલય સહિતની સરકારી ઈમારતો પર રાષ્ટ્ધ્વજ અડધી કાઠીએ કરી દેવાયો હતો.



બાદમાં મુખ્યમંત્રી રૂપાણીએ મંત્રી મંડળના સભ્યો સાથે કેશુભાઈના નિવાસસ્થાને જઈને ફરીથી પુષ્પાર્પણ કરી આપ્તજનોને દિલસોજી પાઠવી હતી. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈના નશ્વરદેહને નિવાસસ્થાનેથી ત્રિરંગામાં લપેટીને ગાંધીનગર ભાજપ કાર્યાલયમાં દર્શનાર્થે લઈ જવાયા હતા, પછી સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ યાત્રા નીકળી હતી.

વિશેષ અહેવાલ પેજ નં. ૧૧ પર




## નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

બપોરે પોણા બાર કલાક આસપાસ કેશુભાઈના અવસાનના સમાચાર મળતા જ ગઢડામાં ચૂંટણીસભા સંબોધતા મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટિલ સહિતના આગેવાનો પ્રચાર પડતો મૂકીને ગાંધીનગર દોડી આવ્યા હતા. જ્યારે અબડાસામાં ભાજપના પ્રચાર અર્થે જતા નાયબ મુખ્યમંત્રીએ પણ પ્રવાસ પડતો મૂક્યો હતો.મુખ્યમંત્રી સહિતના મંત્રી મંડળના સભ્યો, ભાજપ–કોંગ્રેસ સહિત રાજકીય પક્ષોના આગેવાનો સહિત સરકારી અધિકારીઓએ સ્વ. કેશુભાઈના નશ્વરદેહને પુષ્પાર્પણ સાથે તેમની સાથેના જોડાયેલા પ્રસંગોના સ્મરણ સાથે શ્રદ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિત રાષ્ટ્રીય નેતાઓએ પણ ટ્વિટ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી પરિવારજનોને સાંત્વના આપી હતી.



























# કેનેડામાં વકરતો કોરોનાઃ ૨૧૬૧ કેસ, ૩૬ના મોત

## ઓન્ટેરિયો અને ક્યુબેકમાં કોરોના વાયરસની સ્થિતિ ચિંતાજનકઃ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૭ હજારથી વધુ

ટોરોન્ટોઃ કેનેડામાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો નોંધાઈ રહ્યો છે. ગુરૂવારે સાંજ સુધીના વિતેલા ૨૪ કલાકમાં નવા ૨૧૬૧ કેસ સામે આવવા ઉપરાંત ૩૬ દર્દીના મોત નોંધાયા હતા. આ ઉપરાંત દેશમાં ૨૩૨ દર્દીઓની હાલત અત્યંત ગંભીર હોવાની વિગતો સાંપડી છે. સમગ્ર કેનેડામાં કોરોનાના ૨૭૦૫૯ એક્ટિવ કેસ છે. જે બાબત ચિંતાજનક મનાઈ રહી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુરૂવારે ઓન્ટેરિયોમાં નવા ૯૩૪ દર્દીઓ કોરોના સંક્રમિત નોંધાયા હતા. જે પૈકી ૧૦ દર્દી મોતને ભેટ્યા હતા. આ જ સમયગાળા દરમિયાન ૮૨૦ રિકવર થયા હતા. ક્યુબેકમાં ૧૦૩૦ નાગરિકોને કોરોનાનો ચેપ લાગ્યો હોવાની પૃષ્ટિ થઈ હતી. જ્યારે અહીં ૨૫ દર્દીના મોત થયા હતા. એ જ રીતે ન્યુ બ્રુન્સવીકમાં નવા ચાર કેસ અને મેનિટોબામાં નવા ૧૯૩ કેસ કોરોના પોઝિટિવ મળ્યા હતા.



### સપ્ટેમ્બરમાં જ સરકારે આગાહી કરી હતી

# ઓન્ટેરિયોમાં પહેલીવાર એક જ દિવસમાં કોવિડના એક હજાર કેસ

ટોરન્ટોઃ ઓન્ટેરિયોમાં હવે કોવિડ -૧૯ના કેસોની સંખ્યા દરરોજના એક હજારના આંકને વટાવી રહી છે. પહેલીવાર ઓન્ટેરિયોમાં સોમવારે કોવિડ -૧૯ના નવા ૧૦૪૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય ખાતાના અધિકારીએ જણાવ્યું હતું. શનિવારે પ્રાંતમાં ૯૭૮ કેસ નોંધાયા હતા.

પ્રાંતિય સરકારે જાહેર કરેલા મોડેલીંગ ડેટા મુજબ સરકારે સપ્ટેમ્બર માસમાં જ એવી આગાહી કરી હતી કે, ઓકટોબરના મધ્ય સુધીમાં ઓન્ટેરિયોમાં પણ દરરોજ ૧૦૦૦થી વધુ કેસ નોંધાશે. આ બધા જ કેસ ઓન્ટેરિયોના ચાર કોવિડ -૧૯ હોટસ્પોટ વિસ્તારમાંથી જ મળી આવ્યા હતા. જે હાલમાં કોવિડના બીજા તબક્કામાં નક્કી કરાયા હતા. ટોરન્ટોમાં ૩૦૯, પીલ રીજિયનમાં ૨૮૯, યોર્ક રીજિયનમાં ૧૧૭ અને ઓટાવામાં ૮૦ નવા કેસ નોંધાયા હતા. ઓન્ટેરિયોમાં કોવિડ -૧૯ને કારણે નવા સાત મૃત્યુ પણ નોંધાયા હતા. જેને કારણે સોમવાર સુધીનો કુલ મરણાંક ૩૦૯૩નો થયો હતો. લેબમાં નિદાન થયેલા કુલ ઈન્ફેકશનના કેસોની સંખ્યા હવે ૭૦૩૭૩ને પાર થઈ છે. જેમાં મરણાંક અને સાજા થયેલાઓનો આંક પણ સમાવિષ્ટ છે. રવિવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે, વધુ ૭૩૬ દરદીઓ સાજા થયા હતા જેની સાથે મળીને કુલ સાજા થયેલા દરદીઓનો આંક ૬૦૧૬૦નો થયો હતો. ગયા અઠવાડિયાની ૭૪૭ની સરખામણીમાં નવા કેસોની સરેરાશ આ અઠવાડિયે રોજની ૮૫૮ થઈ હતી. અન્ય વિસ્તારો અને પ્રાંતોમાં દરરોજ કોવિડ -૧૯ના દસથી વધુ કેસો નોંધાય છે. જેમાં ડરહામ રિજીયનમાં ૫૨, ઈસ્ટર્ન ઓન્ટેરિયો હેલ્થ યુનિટમાં ૧૭, સિમકોર મુસ્કોકામાં ૧૬, વિન્ડસર એકસેસમાં ૧૨, હેલ્ટનમાં ૩૧, નાયેગ્રામાં ૨૩ અને વોટરલુમાં ૨૧નો સમાવેશ થાય છે. નવા નોંધાયેલા કેસોમાં વયજુથની રીતે જોવા જઈએ તો ૩૯૦ કેસ ૨૦થી ૩૯ વર્ષ અને ૪૦થી ૫૯ વર્ષના જુથમાં ૨૮૨ કેસ,૧૯ અને એથી ઓછી વયના જુથમાં ૧૯૩ નવા કેસ જોવા મળ્યા હતા. જયારે ૬૦ વર્ષથી વધુ વયનાઓમાં ૧૭૭ નવા કેસ હતા. હાલમાં એટલે કે મંગળવારે સાંજ સુધીમાં ઓન્ટેરિયોની હોસ્પીટલમાં કોવિડ -૧૯ના ૨૭૮ દરદીઓ છે. જે શનિવારની સરખામણીમાં થોડા ઓછા છે. જે પૈકી ૭૯ આઈસીયુમાં છે અને ૫૪ દરદીઓ વેન્ટીલેટર પર છે.

**અઠવાડિયામાં નોંધાતા કેસની સરેરાશ ૭૪૭થી વધીને ૮૫૮ થઈ**
















# કેનેડામાં પ્રવેશનારા પૈકી ૭૫ ટકા લોકોએ કવોરન્ટાઈન ટાળ્યું

## • કોવિડને કારણે સરહદ બંધ થયા પછી ૪.૯ મિલીયન લોકોએ કેનેડામાં પ્રવેશ કર્યો



ઓટાવા : છેલ્લા માર્ચમાં કેનેડાની સરહદ બંધ થઈ એના પછી ૪.૯ મિલીયન લોકોએ કેનેડામાં પ્રવેશ કર્યો હતો. પણ એ પૈકી માત્ર ૨૫ ટકા કે એથી ઓછા લોકોએ જ કવોરેન્ટાઈન પાળ્યો હતો. બાકીનાઓ જરૂરી પ્રવાસ અને અન્ય કારણોસર કવોરન્ટાઈનને ટાળ્યો હતો.

કેનેડાએ માર્ચથી વિદેશ પ્રવાસ પર નિયંત્રણ લાદયું હતું અને કેનેડીયનોને બિનજરૂરી પ્રવાસ ટાળવા વિનંતી કરી હતી અને ૧૯મી માર્ચ બાદ તો માત્ર કેનેડીયન, પરમેનન્ટ રેસીડેન્ટ અને યુએસ સિટીઝનોને જ પ્રવાસની છૂટ અપાતી હતી. અન્યોને માટે પ્રતિબંધ હતો. માર્ચની ૨૧મી બાદ તો અમેરીકનો પર પણ પ્રતિબંધ હતો. ૩૦ દિવસ માટે કેનેડા - અમેરીકા સરહદ બંધ કરી દેવાઈ હતી.જેનો સમય અનેકવાર વધારવામાં આવ્યો હતો.

હવે એની મુદત ૨૧મી નવેમ્બરે પૂર્ણ થશે. વડા પ્રધાન જસ્ટીન ટ્રુડોએ શુક્રવારે ઓન્ટેરિયો રેડીયો સ્ટેશન પર જણાવ્યું હતું કે, તેઓ હવે કોઈ પણ સમયે સરહદ બંદી હટાવી લેવા આતુર છે. તેમણે કહ્યું હતું કે,' મને લાગે છે કે આપણે બધા એવું ઈચ્છીએ છીએ કે બધું ઝડપથી સામાન્ય થઈ જાય. એ પણ જાણીએ છીએ કે એમ થવામાં આપણે કોવિડ -૧૯ના પ્રસાર પર નિયંત્રણ લાવવું પડશે. આવા સંજોગોમાં અત્યારે સરહદ ખુલ્લી મુકવામાં મોટું જોખમ તો રહેવાનું છે. આવશ્યક હોય તેવા પ્રવાસીઓ પણ મોટા પ્રમાણમાં આવી ગયા હોવાનું જાહેર આરોગ્ય વિભાગ તરફથી જાણવા મળી રહ્યું છે. ઓકટોબરની ૨૦મી સુધીમાં ૩.૫ મિલીયન પ્રવાસીઓએ આવશ્યકતાને કારણે કવોરન્ટાઈન ટાળ્યું હતું. જયારે ૧.૧ મિલીયન પ્રવાસીઓ બિનઆવશ્યક જણાતા તેમને બે અઠવાડિયા કવોરન્ટાઈન પાળવા જણાવ્યું હતું. પીએચએસી આ બધા પર ધ્યાન આપે છે અને સ્થાનિક પોલીસ પણ કવોરન્ટાઈન કરાયેલા ૨૪૭૧૩૭ લોકોની જાણકારી રાખે છે અને ભંગ કરનારાઓને દંડ પણ કરવામાં આવે છે.

# મહામારીની અસરમાંથી કયારેય બહાર આવી શકાશે નહીં, દર ત્રણ કેનેડીયન પૈકી એકને ભય

## • મહામારી પહેલાની સરખામણીમાં સ્થિતિ વધુ ખરાબ હોવાનું તારણ

ઓન્ટેરિયો : આપણને એમ કહેવાયું હતું કે, કોવિડ -૧૯ની વૈશ્વિક મહામારીને કારણે સર્જાયેલી આર્થિક કટોકટીમાંથી બહાર આવવા માટે લાંબા ગાળાની તૈયારી કરવી પડશે. પરંતુ તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, મોટાભાગના કેનેડીયનો માને છે કે, તેઓ કયારેય આમાંથી બહાર નહીં આવી શકે. એફપી કેનેડાએ હાથ ધરેલા સરવેમાં ભાગ લેનારાઓ પૈકી અંદાજે ૩૦ ટકા માને છે કે, મહામારીને કારણે સર્જાયેલી આર્થિક કટોકટીમાંથી કયારેય બહાર નહીં આવી શકાય. દેશના અર્થ તંત્ર માટે આ વર્ષનો આ સૌથી મોટો ઝટકો છે. કોવિડની આર્થિક અસરને કઈ રીતે પુરી કરવી એ વિશે હાથ ધરાયેલા સર્વેક્ષણમાં ૪૨ ટકા કેનેડીયનો એવું માને છે કે, બીજો તબક્કો શરૂ થઈ ચુકયો છે. એટલે એના પડકારોને પહોંચી વળવાની આર્થિક ક્ષમતા નથી રહી. ૪૧ ટકા લોકો કહે છે કે, મહામારી પહેલાની સરખામણીમાં અત્યારની સ્થિતી વધુ ખરાબ છે. યુવાનો અને મધ્યમ આયુના લોકો જેમના પર પોતાના સંતાનો અને માતા-પિતાની જવાબદારી છે તેઓ હાલ ભારે દબાણ હેઠળ જીવી રહ્યા છે એમ ટોરોન્ટોની એક ફાઈનાન્સ કંપનીની અધિકારી ટીના તેહરાન્ચીયને મીડિયા સાથેની વાતચીતમાં કહયું હતું. યુવા અને અન્ય જુથો પર આર્થિક ભારણ વધી ગયું છે અને ૩૫ વર્ષના વયજુથના લોકોએ મોટા દેવાનો બોજ ઉભો કરી દીધો છે. જેમાંથી બહાર આવવું એમના માટે મોટો પડકાર છે.

# નાયગ્રા પંથકમાં ૪૦ પાલતુ પ્રાણીના કોવિડ-ટેસ્ટ, શ્વાનનો રિપોર્ટ પોઝિટિવ

## • મોટાભાગના પ્રાણીઓને વાયરસની અસર થતી ન હોવાનો સંશોધકોનો મત

ટોરોન્ટો : ઓન્ટેરિયોના નાયગ્રા વિસ્તારના એક શ્વાનનો કોવિડ -૧૯નો ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જો કે, સંશોધકો કહે છે કે, પાલતુ પ્રાણીઓ ધરાવનારાઓએ ચિંતા કરવા જેવું નથી. કેમકે શ્વાનોમાં કોરોના વાઈરસ મળવાનું જવલ્લે જ બને છે. યુનિવસીટી ઓફ ગ્લુફસ ઓન્ટેરિયો વેટરનરી કોલેજના ચીફ ઓફ ઈન્ફેકશન કંટ્રોલર સ્કોટ વેસેએ કહ્યું હતું કે, જે ઘરમાં પોઝિટિવ કેસ મળે ત્યાંના લોકો અને તેમના પાલતુ પ્રાણીઓને પણ કવોરન્ટાઈન જેવા તકેદારીના પગલા લેવા જોઈએ. તેમણે કહ્યું હતું કે, તમારા પાલતુ શ્વાનને પણ પરિવારના અન્ય સભ્યની જેમ ચેપ લાગી શકે છે અને આપણે એવું જોખમ લેવું ન જોઈએ. જો કે, પાલતુ પ્રાણીઓના માલિકોએ એનાથી ડરવાનું કારણ નથી. કેમકે એ વાઈરસ માત્ર માણસોને જ અસર કરે છે. માત્ર કેટલાક પ્રાણીઓને જ એની અસર થાય છે. તેમણે કહ્યું હતું કે કુલ ૪૦ પાલતુ પ્રાણીઓનો ટેસ્ટ અભ્યાસ માટે કરવામાં આવ્યો હતો. જેમાં માત્ર આ એક શ્વાનનો રીપોર્ટ જ પોઝિટિવ આવ્યો છે.

# ગુજરાતમાં ભાજપના ભીષ્મપિતામહ કેશુભાઈની ફાની દુનિયાને અલવિદા

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ગુજરાતમાં ફિલ્મ જગતના બે કલાકારના નિધન બાદ ગુરૂવારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનું પણ નિધન થયું. ગુજરાતના રાજકારણમાં કેશુબાપા વટવૃક્ષ હતા. રાજકારણમાં માણસ ઉચ્ચ સ્તરે પહોંચે અને છતાં તેનામાં માણસાઈ જળવાઈ હોય, સારપ સચવાઈ હોય એવું બહુ ઓછું બને. કેશુબાપા એવા નોખા માણસ હતા કે જેમની સારપ કદી મરી પરવારી નહીં. એ સારા માણસ હતા અને આજીવન સારા માણસ રહ્યા. કેશુબાપાનું ગુજરાતના રાજકીય ક્ષેત્રમાં યોગદાન બહુ મોટું છે. ભાજપ આજે ગુજરાતમાં અજેય છે અને દેશમાં પણ અજેય જેવી જ સ્થિતીમાં છે. ગુજરાત અને દેશમાં બંને સ્થળે ભાજપને અજેય બનાવવાનું શ્રેય નરેન્દ્ર મોદીને જાય છે પણ તેના પાયામાં કેશુબાપા જેવા માણસો છે. ગુજરાતમાં તો કેશુબાપાને ભાજપના પાયાના પથ્થરોમાં સૌથી પહેલાં ગણવા પડે. ગુજરાતમાં ભાજપ પાટીદાર સહિતના સવર્ણોની તાકાત પર ઉભો થયો છે. સવર્ણોમાં પણ પાટીદારોનું યોગદાન વધારે છે. કેમ કે પાટીદારોએ સાવ કડકીના જમાનામાં ભાજપના પૂર્વાવતાર જનસંઘ અને પછી ભાજપને પણ ધનથી મદદ કરીને તેને ટકાવી રાખ્યો. પાટીદારોને જનસંઘ-ભાજપ તરફ વાળનારા કેશુબાપા હતા. કેશુબાપાએ ભાજપનું પાટીદારો સાથેનું જોડાણ એવું મજબૂત કર્યું કે, એ કદી તૂટ્યું જ નહીં.

કેશુબાપાનું આ યોગદાન આજે કોઈને બહુ મોટું નહીં લાગે કેમ કે, અત્યારે ભાજપનો સિતારો બુલંદી પર છે. પણ ૧૯૬૦ના દાયકામાં કોંગ્રેસનો સુરજ મધ્યાહને હતો. તે સમયે કોંગ્રેસ સિવાયની વાત કરનારા મૂરખ ગણાતા. કોંગ્રેસ સિવાયનો બીજો પક્ષ કાઠું કાઢશે એવી કોઈને કલ્પના પણ નહોતી થતી. કેશુબાપા જેવા વિરલા બીજા પક્ષનો ભેખ ધરીને નીકળતા તો તેમને કાર્યકરો નહોતા મળતા. ચૂંટણી આવે ત્યારે ઉભા રહેતા પણ ડીપોઝિટ પણ જપ્ત થઈ જાય એટલા ઓછા મળતા. હતાશ થઈ જવાય એવો માહોલ હતો. આમ છતાં એ જમાનામાં કેશુબાપા જનસંઘ માટે દિવસ રાત કામ કરતા હતા. લોહી-પાણી એક કરીને કેશુબાપાએ જનસંઘને મજબૂત કર્યો હતો. કેશુબાપા જેવા સારા માણસ શાસક તરીકે લાંબો સમય ના રહ્યા. તેમાં કેશુબાપાનો વાંક હતો કે એ સત્તાનાં સમીકરણોનો એ સમજવું મુશ્કેલ છે. ભલમનસાઈના કારણે તેઓ માણસોને ઓળખી ના શક્યા. પોતાની નજીકના માણસને કાબૂમાં ના રાખી શક્યા અને તેનું પરિણામ એ આવ્યું કે, ભાજપને ઉભો કરવા માટે સાડા ત્રણ દાયકા મહેનત કરનારા કેશુબાપા મુખ્યમંત્રીપદે સાડા ત્રણ વર્ષ પણ ના ટક્યા.

કેશુબાપા ગુજરાતમાં ભાજપનો પાયાનો પથ્થર હતા અને ભાજપના પહેલા મુખ્યમંત્રી હતા. કેશુભાઈએ ભાજપ માટે આખી જાત ઘસી નાંખેલી તેથી મુખ્યમંત્રી તરીકે કેશુભાઈ ભાજપની પહેલી પસંદગી હતા. કમનસીબે કેશુબાપા મુખ્યમંત્રી તરીકે એટલા સફળ ના થયા. કદાચ તેમની સારપ જ તેમને ખાઈ ગઈ. કેશુબાપાને તેમની જ નજીકના બે નેતા શંકરસિંહ વાઘેલા અને નરેન્દ્ર મોદીથી નુકસાન થયું તેમ કહી શકાય. કેશુબાપા ૧૯૯૫માં મુખ્યમંત્રી બન્યા ત્યારે ભાજપની સર્વમાન્ય પસંદગી હતા અને ગુજરાતની પ્રજાનો પણ તેમને ટેકો હતો. કેશુબાપાની એકદમ નજીક રહેલા શંકરસિંહ વાઘેલાને પણ મુખ્યમંત્રી બનવાના કોડ હતા, પણ ગાદી ના મળી તેથી એ નારાજ હતા.

નરેન્દ્ર મોદી એ વખતે ગુજરાત ભાજપમાં સંગઠન મહામંત્રી હતા. ગુજરાતમાં ભાજપની સરકાર રચાઈ પછી તંત્ર પર મોદીએ અંકુશ જમાવી દીધેલો. તેના કારણે વાઘેલાને તક મળી. તેમણે ધારાસભ્યોને ભડકાવીને ખજૂરીયા કાંડ કરી નાંખ્યો. આ ખજૂરીયા કાંડે પહેલી વાર કેશુબાપાનો ભોગ લીધો. સમાધાનના ભાગરૂપે સાવ મોળા સુરેશ મહેતા ગાદી પર બેઠા. વાઘેલાને તો ગાદી જોઈતી હતી તેથી વરસ પછી તેમણે મહેતાને પણ ઉથલાવ્યા અને પોતે સીએમ બન્યા. વાઘેલાએ વાવ્યું એવું લણ્યું કેમ કે કોંગ્રેસે તેમની સાથે ગદારી કરીને તેમને વરસ પછી ઘરભેગા કરી દીધેલા. ૧૯૯૮માં ફરી ચૂંટણી આવી ત્યારે પ્રજા ફરી કેશુબાપાને પડખે ઉભી રહી કેમ કે કેશુબાપા સાથે જે ગદારી અને વિશ્વાસઘાત થયા હતા તેની પ્રજા સાક્ષી હતી. કેશુબાપા ૧૯૯૮માં ફરી મુખ્યમંત્રી બન્યા એ તેમને માટે સુવર્ણ તક હતી પણ કેશુભાઈનું નસીબ કામ ન આપ્યું. કેશુભાઈ બીજી વાર મુખ્યમંત્રી બન્યા એ પહેલાં નરેન્દ્ર મોદીને ગુજરાતમાંથી વિદાય કરી દેવાયા હતા. તેમની જગ્યાએ કેશુબાપાના જમાઈરાજ મયૂર દેસાઈને સ્થાન અપાયું હતુ.

મયૂર દેસાઈએ પણ જબ સૈયાં ભયે કોટવાલ તો ડર કાહે કા એમ સમજીને સસરા ગાદી પર બેઠા તેનો લાભ ઉઠાવીને બેઉ હાથે ઉસેટવાનો ખેલ શરૂ કરી દીધેલો. બાકી હતું તે પરમાણંદ ખટ્ટર જેવા પ્રધાનો મળ્યા, તેમાં કેશુબાપાનું શાસન ભ્રષ્ટાચારનો પર્યાય ગણાવા લાગ્યું હતું.ગુજરાતમાં ૨૦૦૦ની સાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવી તેમાં ભાજપ પછડાયો હતો. અમદાવાદ અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ ભાજપને શિકસ્ત ખાવી પડી હતી. બાકી હતું તે સાબરમતી વિધાનસભા બેઠક અને સાબરકાંઠા લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપ હાર્યો. આ ઓછું હોય તેમ કુદરત પણ બરાબર રૂઠી. પહેલાં કંડલા પર વાવાઝોડું ત્રાટક્યું અને પછી ૨૦૦૦માં કચ્છમાં ભૂકંપ આવ્યો. કેશુભાઈ માટે ૨૦૦૧નો કચ્છનો ભૂકંપ રાજકીય કારકિર્દી ખતમ કરનારો સાબિત થયો. કચ્છના ભૂકંપે ભયંકર તબાહી વેરી હતી. કેશુભાઈએ કચ્છમાં ધામા નાખીને લોકોને થાળે પાડવા મચી પડવાની જરૂર હતી. તેના બદલે એ કચ્છના લોકોને રામભરોસે મૂકીને ગાંધીનગરમાં બેઠા રહ્યા હતા. મોદી ભૂકંપના દિવસે જ દિલ્હીથી એક કોર્પોરેટ કંપનીના હેલિકોપ્ટરમાં કચ્છ આવ્યા હતા. સ્થળ પર જઈને તેમણે રીપોર્ટ મેળવીને દિલ્હી હાઈકમાન્ડને આપ્યો. મોદીની સ્ફૂર્તિ જોઈને વાજપેયી વારી ગયા અને કેશુબાપાને ખસેડી મોદીને ગુજરાતની ગાદી પર બેસાડી દીધા હતા. મોદીએ દિલ્હીમાં બેસીને કેશુબાપાનો બચાવ કર્યો હોત તો ઈતિહાસ કદાચ અલગ હોત. જે પછી કેશુબાપા ન્યાય માગતા રહ્યા, પણ તેમની વાત સાંભળવા જ કોઈ તૈયાર નહોતું. કેશુબાપાના કમનસીબે ૨૦૦૨માં ગોધરા કાંડ થયો અને તોફાનો ફાટી નિકળ્યાં. મોદીએ એ વખતે લીધેલા વલણના કારણે તેમની પાકા હિન્દુવાદી તરીકેની ઈમેજ બની તેમાં ભાજપ તરી ગયો. મોદી ૨૦૦૨ની ગુજરાતની ચૂંટણી રમખાણોના જોરે જીત્યા હતા.

કેશુબાપાએ એ પછી પણ આશા નહોતી છોડી અને તેમણે મોદીને હટાવીને ફરી ગાદી પર બેસવા પૂરા પ્રયત્નો કર્યા પણ એ ફળ્યા નહીં. તેનું કારણ એ કે, કેશુબાપા ભાજપ સામે બગાવત કરવાની હિંમત ના બતાવી શક્યા. ૨૦૧૨માં તેમણે હિંમત બતાવીને નવી પાર્ટી બનાવી ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયું હતુ. તેઓ શિક્ષિત ન હતા. પરંતુ દીર્ઘદ્રષ્ટા અને કોઠા સૂઝવાળા વ્યક્તિ હતા. તેઓ કાર્યકરો માટે એક સાચા માર્ગદર્શક બની રહ્યા. ગુજરાતના ગ્રામ્ય વિસ્તાર, ખેડૂતો અને ખેતી માટે તેમણે નોંધપાત્ર કામ કર્યું હતુ. નર્મદા પરિયોજના એ તેમની દેન છે. જયારે ગામડાઓ માટે ગોકુળ ગ્રામ જેવી મહત્વની યોજના પણ તેમના શાસનનુ મહત્વનું પાસુ છે. એટલે જ તેમના માટે લોકોને જે માન હતું તે છેક લગી જળવાયું. કેશુબાપાની પ્રમાણિકતામાં લોકોની શ્રધ્ધા ટકી રહી હતી એ બહુ મોટી વાત કહેવાય. આજે મૂલ્યોને વરેલી અને પ્રમાણિકતામાં માનતી પેઢીનો એક મહાન માણસ વિદાય થયો છે.



manoj1968@yahoo.ca




સ્પેશિયલ ફાફડા, જલેબી, પપૈયા છીણ મળશે.



Saturday Special
દેશી ઘી ની જલેબી મળશે

(Place Order in advance to ensure availability!)

Sai-Lila
Khaman-Dhokla House
(Fine Indian Fast-Food Take-Out)
870, Markham Road, Scarborough, ON, M1H 2Y2
Tel: 416-431-9991
All items subject to availability




Spacious 2-Bedroom Condo Near Schools, Transit, Highway And Other Amenities. Ideal For First Time Buyer Or Investor. Presently Tenanted. Tenant Is Willing To Stay Or Vacate. Priced For A Quick Sale!! Extras:All Existing Appliances.
TORONTO




You'll Love This 4 Bedroom Semi With 4 Bathrooms On A Premium 164Ft Deep Lot In The Heart Of Downsview. Featuring Modern Open Concept Floor Plan With 4 Well Appointed Bedrooms, Hardwood Floors Thru-Out, 4 Bathrooms, Fully Finished Basement With Wet Bar, Separate Entrance, Modern Family Size Kitchen.
TORONTO




Location Location!! Exceptional Live/Work Concept Townhome Southeast Brampton Bordering Vaughn, Mississauga & Toronto Feat Spacious 1875 Sq Ft Residential + 550 Sq Ft Of Sep. Comm/Retail Space W/ Separate Entrance & Shares Parking W/ A Large Busy Retail Plaza Steps To Tim Hortons, Banks, Restaurants, Grocery Shopping & Much More.
BRAMPTON




(Wow) Absolute Show Stopper! 4842 Sf(As Per Builder Floor Plan) Of Mesemrising Luxury, 10 Feet Ceiling On Main, 9 On 2nd And 9 Basement, 60 Feet Wide Lot 4 Huge Bedrooms With 5 Washrooms , Family Room Have 20 Feet Open To Above Ceilings, Upgraded Kitchen With Highend Appliances,Porceline Tiles And Upgd Light Fixture Spells Luxury, Quiet Child Safe Street Close To All Amenities.
BRAMPTON

RE/MAX
REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED

JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com



Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

દશેરા સ્પેશિયલ
ફાફડા ઝલેબી મળશે

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Quarantine Special Package**

**$50 Per Day**



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ચૂંટણીમાં સાસ્કચેવાન પાર્ટીને ચોથીવાર સ્પષ્ટ બહુમતી

## પ્રાતીય ચૂંટણીના પરિણામ જાહેર : ૬૧ બેઠકોવાળી વિધાનસભામાં ૪૫ બેઠકો પર વિજય મેળવ્યો

સાસ્કેચવાન : સ્કોટ મોએના નેતૃત્વવાળી સાસ્કચેવાન પાટીએ પ્રાંતીય ચૂંટણીમાં સતત ચોથીવાર સ્પષ્ટ બહુમતીથી વિજય મેળવ્યો હતો. હાલની સ્થિતિમાં કોવિડ -૧૯ની મહામારીની ગાઈડલાઈન હેઠળ યોજાયેલી આ ચૂંટણીમાં મોએની પાટીએ ૬૧ બેઠકોવાળી વિધાનસભામાં ૪૫ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

કોવિડ -૧૯ની મહામારી દરમિયાન યોજાયેલી આ ત્રીજી પ્રાંતીય ચૂંટણી હતી, જેમાં વિપક્ષી પાટીએ જીત મેળવી હોય. ગયા મહિને ન્યુ બ્રુનવિસ્કમાં પ્રોગ્રેસીવ કન્ઝર્વેટીવ્સ અને પ્રિમીયર બ્લેની હિગ્સે લઘુમતીમાંથી બહુમતીથી સરકાર બનાવી હતી. જોન હોર્ગાનના એનડીપીએ પણ બ્રિટીશ કોલંબિયામાં શનિવારે એવું જ પરિણામ મેળવ્યું હતું.



જમણેરી સાસ્ચેવાન પાર્ટી વર્ષ ૨૦૦૭થી સત્તામાં છે અત્યારે એ સૌથી વધૂ સમય સરકાર ચલાવનારી કેનેડાની સત્તાધારી પાટી છે અને કેનેડાના રાજકીય ઈતિહાસમાં મોટુ પ્રભુત્વ ધરાવનારી પાટી બની છે. છેલ્લે સૌથી વધુ સમય સત્તામાં રહેનારી પાટી એનડીપી હતી. જેની મુદત ૨૦૦૭માં પૂર્ણ થઈ હતી. છેલ્લી એક સદીના મધ્યથી ટોમી ડગ્લાસ અને સીસીએફે પાંચ વાર બહુમતી મેળવી સરકારો ચલાવી હતી. સાસ્કેચવાન પાટીએ એનડીપીને ૨૦૦૭ની ચૂંટણીમાં હરાવી ત્યારે એના નેતા બ્રાડ વોલ હતા અને ૫૦ પૈકી ૩૮ બેઠકો જીત્યા હતા. ત્યારથી પાટીની બહુમતીમાં સતત વધારો થતો રહ્યો છે. જેની સામે ડેમોક્રેટસ સતત બેઠકો ગુમાવી રહ્યા છે. છેલ્લે સરકાર વિખેરાઈ ત્યારે સાસ્કેચ્વાન પાટી પાસે ૪૬ બેઠકો હતી. જયારે ડેમોક્રેટસ પાસે ૧૩ હતી. બે બેઠકો ખાલી હતી. મહામારીને કારણે ચૂંટણી પ્રક્રિયામાં પણ ફેરફારો આવ્યા હતા. મતદારોને ફરજિયાત માસ્ક પહેરીને મતદાન માટે આવવા જણાવાયું હતું. કુલ ૧૮૫૦૦૦ લોકોએ મતદાન કર્યુ હતું. મતદાન પૂર્વેની રાત્રીએ યોજાનારા કાર્યક્રમોમાં પણ સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન થયું હતું.

# ક્યૂબેક ચેલ્સીયામાં પ્રતિબંધ છતાં પાર્ટી કરનારા ૮૩ વિદ્યાર્થીને દંડ

- પાડોશીએ પોલીસને જાણ કરતા જ મધરાતે રેડ પડાઈ હતી, કુલ ૮૩ હજાર યુએસ ડોલર દંડ પેટે જમા થયા

ક્યૂબેક : કોવિડ -૧૯ની મહામારી દરમિયાન સાવચેતી રાખવામાં ચૂક કરનારાઓને ફટકારવામાં આવતો હતો. દંડનો એક મોટો કિસ્સો કયુબેકમાં બહાર આવ્યો છે. જેમાં કોવિડ -૧૯ મહામારી દરમિયાન અનેક પ્રતિબંધો અમલમાં હતા. આમ છતાં પાટી ન યોજવાના નિયમનો ભંગ કરનારા ૮૩ વિદ્યાર્થીઓને પ્રત્યેકને ૧૦૦૦ યુએસ ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ જાણકારી કયુબેક પોલીસે એમઆરસી ડેસ કોલિન્સના ટવીટરથી આપી હતી. જે આ કેસની તપાસ કરી રહ્યા છે. ચેલ્સીયામાં એરબીએનબી ખાતે આ પાટી યોજાઈ હતી. કુલ ૮૩ હજાર યુએસ ડોલરનો દંડ જમા થયો હતો. કયુબેક ઓન્ટેરિયો સરહદ નજીક ગેટીનેઉની નાની મ્યુનિસીપાલીટી ગણાતા ચેલ્સીયામાં આ પાટી યોજાઈ હતી. પાડોશીઓએ પોલીસને ફોન કરી મધરાતે બે વાગ્યે જાણ કરતા પોલીસે રેડ પાડી હતી અને એરબીએનબીમાં હાજર ૮૩ જણાને ઝડપી પાડયા હતા. કેટલાક લોકો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. એરબીએનબીએ જણાવ્યું હતું કે, હવેથી તેઓ પણ ભાડુઆતોને કડક સુચના આપશે કે કોવિડ -૧૯ને કારણે ઓગસ્ટ માસથી પાટી યોજવા પર પ્રતિબંધ છે.

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
416.988.5784
Email:adsgasservice@gmail.com
www.adsgas.ca
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT A STEP AHEAD FSRA # 10252

Purchase Refinance Renewal/Switch

5 Yrs Fixed @ 1.69%* High Ratio Only
5 Yrs Variable @ 1.70%* High Ratio Only


Rakesh Patel**
Vice President- Commercial.


Pranay Jani *


Nilesh Tailor *


Tushar Patel*


Bala Shah*


Vijay Rana*


Rajesh Khurana, MBA
Principal Broker

Cell : 416-616-1300

Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President * Some conditions apply

# ગુજરાતમાં કોરોનાનું જોર ઘટી ગયું ૯૮૭ કેસ, માત્ર ૪ના મોત નોંધાયા

**• રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૦૮ ટકા થયો**



ગાંધીનગર : રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ને નીચે પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. ગુરુવારે રાજ્યમાં નવા ૯૮૭ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૮૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે.

અત્યાર સુધીમાં કુલ ૧,૫૪,૦૭૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૦૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૯૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૫.૨૨ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૯,૫૦,૬૧૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૫,૨૬૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૧૫,૦૪૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૧૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૦૮ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૨૫૪ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૧ છે. જ્યારે ૧૩૧૯૩ લોકો સ્ટેબલ છે. ૧,૫૪,૦૭૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૦૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૧, ગાંધીનગર કોર્પોરેશન ૧, સુરત ૧ અને સુરત કોર્પોરેશનનાં એક સહિત કુલ ૫ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# ભાવનગર સામૂહિક આપઘાતમાં આર્થિક ગોલમાલ જ જવાબદાર

**• સંપતિનું વીલ લખી આપવાનું દબાણ કરી મૃતકના સાઢુભાઈએ ગોલમાલ કર્યાનો આરોપ**

ભાવનગર : ભાવનગરમાં નિવૃત્ત ડીવાય.એસ.પી.ના પુત્રની પરિવારના સભ્યોને ગોળી મારી પોતે પણ આત્મહત્યા કરી લેવાના પ્રકરણના દોઢ માસ બાદ સમગ્ર ચર્ચાસ્પદ પ્રકરણમાં નવો પણ અણધાર્યો વળાંક આવ્યો છે. મૃતક યુવાન અને તેના પરિવારને તેમના મૃતક પુત્રના સાઢુ તથા તેના જ પરિવાર દ્વારા તેમના દિકરા સાથે મૃતકના પુત્રની દિકરીની સગાઇ કરવાનું કહી અર્ધી સંપતિનું વીલ લખી આપવાનું દબાણ કરી ભાગીદારી પેઢીમાં રૂ.૪૫.૩૦ લાખની ગોલમાલ કરી વિશ્વાસઘાત કરી તમામને મરવા મજબૂર કર્યાની આત્મહત્યા કરી લેનાર મૃતક યુવાનના પિતા અને નિવૃત ડીવાય. એસ.પી.એ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

જેમાં જણાવ્યું છે કે, તેમના મૃતક પુત્ર અને પરિવારના નિધન બાદ તેમના કબાટમાંથી નવ પાનાની એક ફાઈલ મળી આવી હતી. તેમાં દર્શાવાયેલ વિગત અને તેના આધારે તપાસ કરતાં મૃતક પુત્ર પ્રધુમનસિંહ ઉર્ફે પૃથ્વીરાજસિંહના સાઢુભાઇ યસુભા ઉર્ફે યશવંતસિંહ રઘુભા રાણા સાથે માં એન્ટરપ્રાઇઝ નામથી ભાગીદારી પેઢી બનાવી હતી. જેમાં તેમના સાઢુ યસુભાએ અલગ-અલગ સમયે વિવિધ વ્યવહારો અને ખર્ચ બતાવી ભાગીદારી પેઢીમાંથી રૂ.૪૫,૩૦,૪૮૨નો ગોટાળો કરી તેમની સાથે દગો અને વિશ્વાસઘાત કર્યો હતો. યસુભા, તેમના પત્ની મીનાબા, યશુભાના પિતા રઘુભા રાણા યસુભાના માતા દ્વારા ફરિયાદીના મૃતક પુત્ર પ્રધુમનસિંહને તેમની પુત્રી યશસ્વીબાની સગાઇ મૃતકના સાઢુભાઇ યસુભાના પુત્ર યજ્ઞાદિપસિંહ સાથે કરાવવા દબાણ કરતા હતા. અને સગાઈની સાથે તેમના મૃતક પુત્રની સંપતિના અર્ધો ભાગની વીલ તેમના પુત્ર યજ્ઞાદિપના નામે કરી આપવા દબાણ કરી ધાક-ધમકી આપતાં હોવાનું પણ તેમણે ફરિયાદમાં ઉમેર્યુ હતું. સાથોસાથ, યસુભાની પુત્રી રૂતિકાબા, પુત્ર યજ્ઞાદિપસિંહ તેમની બન્ને પૌત્રીને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં હતા










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# કચ્છના સીમાડા સળગ્યા : રણ-જંગલમાં આગ લાગતા અનેક પ્રાણી-પક્ષીના મોત

ભુજ : સોમવારે ખડીરના જનાણ બાંભણકા રણના જંગલ વિસ્તારમાં આગ લાગતા અનેક પક્ષીઓના મોત થયા હતા. ભચાઉ ખાતે આવેલા જીઈબીના સબ સ્ટેશનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. માંડવી તાલુકાના ગઢશીશા અને મંગવાણા વચ્ચે આવેલા જંગલ વિસ્તારમાં આગ લાગી હતી. તેમજ નખત્રાણાના વડવા ભોપા ગામની સીમમાં આગ લાગતા સુકુ ઘાસ બળી ગયું હતું.

ખડીરના જનાણ બાંભણકા રણના જંગલ વિસ્તારમાં ચિંકારા હરણ, ઘુડખર તેમજ અન્ય અનેક રખાલના વિસ્તારમાં આગ લાગી હતી. એક અઠવાડિયા પહેલા ચાર-પાંચ કિલોમીટરમાં આગી લાગી હતી. તો અગાઉ પણ છ-સાત કિલોમીટર સુધી આગ લાગી હતી. જેમાં વનવિભાગ દ્વારા જવાબદારી થી હાથ ખંખેરી ને કહેવા મુજબ વનવિસ્તાર નથી નું રટણ કર્યુ હતું. જનાણ બાંભણકા ના રણકાંઠાના વિસ્તારમાં આવેલુ વિભાગની રખાલમાં અને વાડી વિસ્તારમાં આગ લાગી હતી. આ આગ લાગતા વન વિભાગની રીતે રક્ષિત મા આવતા રણ ચકલીઓના મોત થયા હતા. જેમાં અસંખ્ય પ્રમાણમાં પક્ષીઓ જેમાં રણ, ચકલી, કબુતર, મોર સહિતના વન્ય પક્ષીઓ આગમાં મૃત્યુ પામ્યા હતા. ભચાઉ સબ સ્ટેશનમાં અચાનક ભયાનક આગ ભભૂકી ઉઠી હતી. માંડવી તાલુકાના ગઢશીશા અને મંગવાણા વચ્ચે આવેલા જંગલ વિસ્તારમાં આગ લાગી હતી. તેમજ નખત્રાણા તાલુકાના વડવા ભોપા ગામની સીમમાં આગ લાગતા સુકુ ઘાસ બળી ગયું હતું.

# જૂનાગઢના પૂર્વ સાંસદ દીનુ બોઘાના ભત્રીજાના પુત્રનો ગોળી મારી આપઘાત

જૂનાગઢઃ કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવા સોલંકીના એકના એક ૨૨ વર્ષીય પુત્રએ સોમવારે બપોરે દેવળી ગામે આવેલ પોતાના ઘરે મિત્રની રિવોલ્વરમાંથી લમણે ફયરીંગ કરી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

જૂનાગઢના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકીના ભત્રીજા અને કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવા સોલંકીના એકના એક પુત્ર મિતરાજ સોલંકી ઉ.૨૨એ આજે બપોરે દોઢથી બે વાગ્યાના અરસામાં દેવળી ગામે આવેલ પોતાના માનઘર નામના ઘરે રૂમમાં લમણે રિવોલ્વરમાંથી ફયરીંગ કર્યુ હતું. અહીંથી તેને સારવાર માટે કોડીનારની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો જ્યાં ફજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો.

સ્થળ પર તપાસમાં મિતના જમણા લમણે ગોળીનું નિશાન જોવા મળ્યું હતું, મૃતદેહને પીએમ માટે જામનગર ખસેડવામાં આવેલ છે. મિતે પોતાના મિત્ર પાસેથી તેની રિવોલ્વર લઈને આપઘાત કરી લીધાનું બહાર આવ્યું છે. હાલ અંગે ક્યા કારણોસર આપઘાત કર્યો છે, કોની રિવોલ્વર છે, તે અંગે તપાસ ચાલી રહી છે.

# ત્રણ દીકરી અને પત્નીની હત્યા કરનારાની કોહવાયેલી લાશ મળી

માંડવીઃ જખણીયા ગામે ઘરના મોભીએ પતિ અને તેમની ત્રણ પુત્રીની હત્યા નિપજાવી આરોપી પિતા ફરાર થઈ હતો. માંડવીના મોટા આસંબિયા ગામના સીમાડે વિગોઠી ડેમના ઓગન નજીક ગાંડા બાવળની ઝાડીમાં જખુનો ગળે ફાંસો ખાધેલી હાલતમાં કોહવાઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક શિવજી ઊર્ફે જખુએ બુધવારે ૨૧મી ઓક્ટોબરે ઘરમાં પહેલા પત્ની ઝેર પીવડાવી હત્યા કરી બાદમાં ત્રણ માસુમ દીકરીને તીક્ષ્ણ હથિયારના ધા ઝીંકી હત્યા કરી આરોપી ફરાર થઇ ગયો હતો. જખણીયા ગામે સામુહિક હત્યા બનાવ પગલે ભારે ચકચાર મચીજવા પામી હતી. પોલીસે હત્યારા ઝડપી પાડવા માટે આકાશ-પાતાળ એક કર્યા હતા. પરંતુ તે મળતો ન હતો. બે દીકરીઓની શારીરિક બીમારી અને આર્થિક સંકડામણથી તંગ આવી ગયેલાં જખુએ પોતાની અને પરિવારની જિંદગીને ટૂંકાવી દેવાના હેતુથી આ હત્યાકાંડને અંજામ આપ્યો હતો. હત્યાકાંડને અંજામ આપ્યા બાદ જખુએ અહીં આપઘાત કરી લીધો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

# આ કચ્છ ઈભલા શેઠનું નહીં, મહાત્મા ગાંધી અને સરદારનું છે : મુખ્યમંત્રી

## • નલિયાથી વિધાનસભાની પેટા ચૂંટણીના પ્રચારનો રૂપાણીએ પ્રારંભ કર્યો

નલિયા : નલિયા ખાતેથી ગુજરાત વિધાનસભાની આઠ બેઠકો માટેની પેટા ચૂંટણીના પ્રચારનો પ્રારંભ કરતા રાજ્યના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ કચ્છ ઈભલા શેઠનું નહીં, પરંતુ ગાંધીનું કચ્છ છે, સરદારનું કચ્છ છે. આ સ્થિતિનું સર્જન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સંદર્ભે ગુંડાઓ અને લેન્ડ ગ્રેબિંગ સામે કડક પગલા લેવા માટે નવા કાયદાઓ ઘડયા છે.

અબડાસા બેઠકના પ્રચાર માટે આવેલા વિજય રૂપાણીએ નલિયામાં યોજાયેલી જાહેરસભામાં કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસ મુસ્લિમ સમુદાયનો કાયમી મત માટે જ ઉપયોગ કર્યો છે. તેને માણસ નહીં પરંતુ મત તરીકે ગણે છે. ત્યારે અબડાસાના મુસ્લિમ સમાજે આ પેટા ચૂંટણીમાં સમગ્ર રાજ્યને બતાવી દેવાનું છે કે, કોંગ્રેસના દિવસો હવે પુરા થયા છે. તેમણે અબડાસાના ઉમેદવાર અંગે જણાવ્યું હતું કે, તેઓ પ્રજાને પુછીને ભાજપમાં જોડાયા છે. પ્રજાએ હા પાડી એટલે આવ્યા છે. તેઓ ઈચ્છે તેનાથી સવાયા કામ રાજ્ય સરકાર કરી આપશે. માટે આગામી ૩ તારીખે મતદાન કરવાની જવાબદારી લોકોની છે, ત્યાર બાદની બાધી જવાબદારી રાજ્ય સરકારની છે. પ્રદેશ કોંગ્રેસ પર આક્ષેપ કરતા તેમણે સવાલો ઉઠાવ્યા હતા કે, અમિત ચાવડાના સમયમાં સૌથી વધુ ૧૫ ધારાસભ્યોએ પાર્ટી કેમ છોડી દીધી છે?

# મોરબીમાં ભાજપના ચૂંટણી પ્રચારનો ખેડૂતો દ્વારા વિરોધ

મોરબીઃ મોરબી- માળીયા વિધાનસભા બેઠકની આગામી પેટા ચૂંટણી માટે પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે ત્યારે મત માંગવા નીકળતા ઉમેદવારો પાસે ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો બળાપો ઠાલવી રહયાના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા છે. જેમાં ભાજપના ઉમેદવાર બ્રિજેશ મેરજાને ગામડાઓમાં પ્રચાર દરમ્યાન સ્થાનિક લોકોનો વિરોધનો સામનો કરવો પડયો છે.

મોરબી માળીયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીના પ્રચાર દરમ્યાન અમુક લોકોએ બ્રિજેશ મેરજા પર ભારે શાબ્દિક પ્રહાર કર્યા હતા. જેમાં વીડિયોમાં અમુક લોકો મેરજાને કહે છે કે , તમે જ્યારે ધારાસભ્ય હતા ત્યારે ખેડૂતોના સિંચાઈ સહિતના પ્રશ્ને ધ્યાન જ આપ્યું નથી. ખેડૂતોએ રજુઆત કર્યા છતાં કોઈ કાર્યવાહી કરી ન હતી. તેઓ ખેડૂતોનો ફેન જ ઉપાડતા ન હતા.જ્યારે કાંતિભાઈ અડધી રાત્રે કામ કરી આપતા અને પ્રજાને પૂછયા વગર કોંગ્રેસ અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને મેરજાએ કાંતિભાઈને સાઈડ લાઈન કરી દીધા હોવાનો સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો.

# જૂનાગઢ ગિરનાર રોપ-વેની સુવિધાનો આરંભ

જૂનાગઢ રોપ-વે ની ટીકીટના ઊંચા દરને લઈને જૂનાગઢ શહેરમાંથી ઉઠેલા વિરોધ વંટોળથી ઉષા બ્રેકો કંપનીએ નવી જાહેરાત કરી હતી, ગિરનાર રોપ-વેની ટિકીટના દર નક્કી કરાયા છે. જેમાં રોપ વે બનાવના ઉષા બ્રેકોએ ભાવ ઘટાડ્યો છે, પરંતુ GSTનો ઉમેરો કર્યો છે. જેથી GST સાથે રૂ.૭૦૦નો ભાવ નક્કી કરાયો છે. બાળકોની ટિકીટનો દર GST સાથે રૂ.૩૦૦નો થાય છે.

એક પુખ્ત વ્યક્તિને રોપ-વેમાં બેસવા માટે રૂપિયા ૭૦૦ની સાથે ૧૮% અલગથી જીએસટી લેવાતું હતું. હવે નવા ભાવ ૭૦૦ રૂપિયા જીએસટી સાથે લેવાશે. બાળકોની ટિકિટમાં પણ જીએસટી ઉમેર્યુ છે.

# રાપરમાં ભરબપોરે પરિણીતાનું અપહરણ કરીને માસીયાઈ ભાઈઓ દ્વારા દુષ્કમ આચરાયું

ભુજઃ રાપરમાં પરિણીતાને છરીની અણીએ મોટર સાયકલ પર અપહરણ કરી ત્રંબૌ રોડ પર આવેલા ખેતરમાં બે માસીયાઈ ભાઈઓએ વારાફરતી દુષ્કર્મ આચર્યુ હતું. પરિણીતાએ ગત સાંજે વલ્લભપર ગામના ભરત હોથી કોલી અને પ્રકાશ વેલા કોલી નામના યુવાનો સામે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ ૧૨ દિવસ પહેલા બન્યો હતો. દુષ્કર્મનો ભોગ બનનાર ૨૫ વર્ષિય પરિણીતા રાપરમાં માવતરે આવી હતી. બનાવના દિવસે તે બપોરના ભાગે નજીકમાં રહેતી બહેનના ઘરે જતી હતી ત્યારે મોટર સાયકલ પર ધસી આવેલા આરોપીઓએ તેને આંતરી લીધી હતી. પ્રકાશે છરી બતાવી અને ધમકી આપ્યા બાદ તેને બળજબરીપૂર્વક બાઈક પર બેસાડી હતી. બંને આરોપીઓ તેને ત્રંબૌ રોડ પર આવેલા એક ખેતરમાં લઈ ગયા હતા. જયાં છરી બતાવીને તેના વસ્ત્રો ઉતારી બંનેએ વારાફરતી દુષ્કર્મ આચર્યુ હતુ.


અઘોર સમ્શાનિક, નૂરહજુરી સિપલી ઈલમના ખાસ જાણકાર
(તાંત્રિક સમ્રાટ - ગોલ્ડ મેડાલિસ્ટ) - ૧૭ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ
શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
ખતરનાક ઈચ્છાધારી વશીકરણ, શત્રુનાશ, ધારેલી વ્યકિતનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
અશક્ય કશું નથી, બધું શક્ય છે.
૧૫૧% કામની લાઈફટાઈમ ગેરંટી
બિઝનેસ પ્રોબ્લેમ, શત્રુથી હેરાનગતિ.
ચંદ્રમોહીની વશીકરણ સ્પેશ્યાલીસ્ટ
ઘરે બેઠા કામ
ખવડાવ્યા-પીવડાવ્યા વગર વશીકરણ થઈ શકે છે.
NRI ભાઈઓ બહેનો માટે ફોન પર માર્ગદર્શન
બધી જગ્યાએથી નિરાશ થયેલા ખાસ મળો (વાત ગુપ્ત)
84/A, શ્રીકુંજ રો હાઉસ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
M:+91 99246 34078



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ગુજરાતી ફિલ્મોના સુપર સ્ટાર નરેશ અને મહેશ કનોડિયાનો જીવનદીપ બુઝાયો

# કનોડિયા બંધુ: ગુજરાતી ચલચિત્રના અજોડ કલાકાર

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ગત અઠવાડિયે ગુજરાતના જાણીતા સંગીતકાર અને ભૂતપૂર્વ સાંસદ મહેશ કનોડિયાનું ૮૩ વર્ષની વયે ગાંધીનગરમાં નિધન થયું. આ વાતને હજુ માંડ ત્રણ દિવસ પણ ન થયા ત્યાં મંગળવારે તેમના નાના ભાઈ અને એક જમાનાના ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર નરેશ કનોડિયાએ પણ વસમી વિદાય લઈ લીધી. નરેશ કનોડિયા કોરોનાનો ભોગ બન્યા પછી અમદાવાદની એક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ હતા. તેમના ચાહકો તેમની તબિયત વિશે ચિંતામાં હતા. નરેશ કનોડિયાની તબિયત વિશે અફવાઓ પણ આવ્યા કરતી હતી. જો કે, મંગળવારે રેશ કનોડિયાના નિધન અંગે તેમના દીકરા હિતુ કનોડિયાએ ટ્વિટ કરીને સમાચાર આપ્યા હતા.મહેશ કનોડિયા આ દેશના કરોડો એવા લોકો માટે રોલ મોડલ છે કે જેમની પાસે સપનાં સિવાય કંઈ ન હતુ. તૂટી જવાય એવી ગરીબી અને જવાબદારીઓના બોજ છતાં માણસમાં તાકાત હોય તો એ ધારે એ કરી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ મહેશ કનોડિયા છે. મોઢેરાથી પાસે આવેલા મહેસાણા જિલ્લાના નાનકડા કનોડા ગામમાં જન્મેલા મહેશ કનોડિયાના પિતા મીઠાભાઈ તથા માતા દલીબેન વણાટકામ કરતાં હતાં. સાડી, ટુવાલ, ધોતિયાં જેવા કપડાં બનાવીને ગુજરાન ચલાવતા પરિવારમાં મહેશ કનોડિયા સૌથી મોટા હતા. ત્રણ ભાઈઓ નરેશ, શંકર અને દિનેશ કનોડિયા તથા ત્રણ બહેનો નાથીબેન, પાની બેન તથા કંકુબેનનો પરિવાર હતો અને ઘર નાનું હતું. ચાર ભાઈ, ત્રણ બહેનો તથા માતા-પિતા એક રૂમના મકાનમાં રહેતા. ગરીબી એવી હતી કે, પિતા કોઈને સ્કૂલે મોકલીને અક્ષરજ્ઞાન પણ નહોતા આપી શક્યા.

જો કે, મહેશ કનોડિયા પાસે સારા અવાજની કુદરતી દેન હતી. તેના જોરે તેમણે સ્ટેજ પરફોર્મન્સ કરવા માંડ્યાં. મહેશભાઈ પુરૂષ અને સ્ત્રી બંનેના અવાજમાં ગાઈ શકતા હતા. તેથી બધાંને તેમનું ઘેલું લાગ્યું અને જામી ગયા. મહેશકુમારે લતા મંગેશકર જેવાં દિગ્ગજને પણ પોતાની આ ખાસિયતથી દંગ કરી દીધેલાં. અલગ અલગ પ્રકારના અવાજો કાઢીને ગીત ગાવામાં મહેશ કુમાર માહિર હતા તેથી સ્ટેજ પરફોર્મન્સમાં છવાતા ગયા. પછીથી તેમણે પોતાની મહેશ કુમાર એન્ડ પાર્ટી બનાવી. સ્ટેજ પરફોર્મન્સમાં મળેલી સફળતાના પગલે મહેશ-નરેશની જોડી તરીકે તેમણે ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપવા માંડ્યું. અવિનાશ વ્યાસની જેમ મહેશ-નરેશનું સંગીત અમર નથી પણ તેને જોરદાર લોકપ્રિયતા ચોક્કસ મળી છે. મોટાભાગની ફિલ્મોમાં નરેશ કનોડિયા હીરો હોય તેથી તેમના સંગીતે નરેશ કનોડિયાને સુપરસ્ટારપદ અપાવ્યું એમ કહીએ તો પણ ચાલે. ગુજરાતી ફિલ્મોમાં ઉપેન્દ્ર ત્રિવેદી પછી નરેશ કનોડિયા સુપરસ્ટાર તરીકે ઉભર્યા તેમાં મોટાભાઈનું મોટું યોગદાન હતુ. વણઝારી વાવ તેમના સંગીતમાં શીખર મનાય છે. એ સિવાય જીગર અને અમી, તાનારીરી, વેલીને આવ્યાં ફૂલ, ઢોલામારૂ જેવી ઘણી સફળ ફિલ્મોમાં તેમણે સંગીત આપ્યું હતુ. મહેશ કનોડિયા એ જમાનામાં ભાજપમાં આવી ગયેલા. દીપિકા ચિખલિયા અને અરવિંદ ત્રિવેદીની સાથે એ પણ ૧૯૯૧માં સાંસદ બન્યા હતા. એ વખતે ઉત્તર ગુજરાતની પાટણ બેઠક અનુસૂચિત જાતિ (એસસી) માટે અનામત હતી. કનોડિયા સુપરસ્ટાર હતા તેથી ખેમચંદ ચાવડા જેવા ધુરંધર તેમની સામે ધૂળચાટતા થઈ ગયેલા. ૧૯૯૬માં કનોડિયા કોંગ્રેસના પૂનમચંદ પરમારને હરાવીને ફરી જીત્યા અને ૧૯૯૮માં ફરી જીતીને તેમણે જીતની હેટ્રિક કરેલી. ૧૯૯૯માં કોંગ્રેસ યુનિયન નેતા પ્રવિણ રાષ્ટ્રપાલને લઈ આવી. રાષ્ટ્રપાલે કનોડિયાનો વિજયરથ રોક્યો. કનોડિયા લગભગ ૧૭ હજાર મતે હાર્યા. એ વખતે લાગતું હતું કે, કનોડિયાની આભા ઓસરી ગઈ છે અને તેમની લોકપ્રિયતાનાં વળતાં પાણી થઈ ગયાં છે પણ ૨૦૦૪ની ચૂંટણીમાં પાટણ બેઠક પરથી ફરી જીતીને કનોડિયાએ શાનદાર પુનરાગમન કર્યું. ૧૯૯૯માં પોતાને હરાવનારા પ્રવિણ રાષ્ટ્રપાલને હરાવીને મહેશ કનોડિયાએ હારનું સાટું પણ વાળી લીધું હતુ. ૨૦૦૯માં નવા સીમાંકનમાં પાટણ બેઠક અનુસૂચિત જાતિ (એસસી) માટે અનામત મટીને સામાન્ય થઈ પછી જ્ઞાતિના સમીકરણોના કારણે એ બેઠક પર ઠાકોર ઉમેદવારને ઊભો રાખવાની પરંપરા શરૂ થઈ તેમાં કનોડિયાનું પત્તું કપાયું હતુ. ખેર વાત મુળ વિષયની કરીએ. ત્રણ દિવસ પહેલાં મહેશભાઈએ વિદાય લીધી હતી ત્યારે સૌ કહેતા કે, મહેશ-નરેશની જોડી ખંડિત થઈ ગઈ છે. જો કે, તે પછી ૩ દિવસમાં નરેશ કનોડીયાએ પણ વિદાય લેતા હવે આપણે વચ્ચે તેમની યાદો જ રહી ગઈ છે. નરેશભાઈના નિધનથી ગુજરાતી ફિલ્મોનો સુવર્ણ યુગ આથમી ગયો છે. નરેશ કનોડિયાના નિધનથી ગુજરાતે પોતાની આગવી છાપ છોડનારો એક સજ્જન અને માટી સાથે જોડાયેલો માણસ ચોક્કસ ગુમાવ્યો છે. ગુજરાતી ફિલ્મોમાં સુવર્ણ યુગ જેવું કશું હતું નહીં અને ભવિષ્યમાં એવો સમય આવશે કે નહીં એ ખબર નથી પણ નરેશ કનોડિયાને જેવી લોકપ્રિયતા મળી એવી લોકપ્રિયતા બહુ ઓછા અભિનેતાઓને મળે છે. ગુજરાતીમાં એક જમાનામાં સામાજિક ફિલ્મો બનતી હતી.

જેમાં હિન્દી ફિલ્મોના ટોચના કલાકારો પણ કામ કરતા હતા. ૧૯૭૦ના દાયકામાં ગુજરાતી ફિલ્મોની તરાહ બદલાઈ અને સૌરાષ્ટ્રની કહેવાતી લોકકથાઓ પર આધારિત ફિલ્મો બનવા માંડી. વીર ફાળિયાવાળા અને વીર ચોયણાવાળા સ્ટાઈલની ફિલ્મો બનવા માંડી. ઉપેન્દ્ર ત્રિવેદી હીરો અને સ્નેહલતા હીરોઈન હોય એવી થોકબંધ ફિલ્મો બનવાનું શરૂ થયું. એ વખતે સિંગલ સ્ક્રીન થિયેટરનો જમાનો હતો અને ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે મનોરંજન કરમુક્તિનો લાભ અપાતો હતો. તેથી ગામડાંમાં આ ફિલ્મો ધૂમ મચાવતી. ઉપેન્દ્ર ત્રિવેદીએ આ ફિલ્મોના જોરે એક દાયકા સુધી સુપરસ્ટારપદ ભોગવ્યું. કિરણ કુમાર, રાજીવ, અસરાની વગેરે પણ એ જમાનામાં ગુજરાતી ફિલ્મોમાં હીરો બનીને આવ્યા હતા. ઉપેન્દ્ર ત્રિવેદી પછી નરેશ કનોડિયાએ એ વારસો સાચવ્યો. તેમણે ગુજરાતની ગ્રામીણ પ્રજાના સુપરસ્ટાર તરીકે જબરદસ્ત લોકચાહના મેળવી. નરેશ કનોડિયા એ ફોર્મ્યુલામાં બરાબર ફિટ થઈ ગયા અને એક પછી એક સુપરહિટ ફિલ્મો આપી. ૧૯૭૦માં આવેલી વેલીને આવ્યાં ફૂલ કનોડિયાની પહેલી ફિલ્મ હતી. તે પછીના દાયકામાં તેમણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું. ૧૯૮૦ના દાયકામાં ઉપેન્દ્ર ત્રિવેદીનાં વળતાં પાણી થવાં શરૂ થયાં પછી નરેશ કનોડિયાનો યુગ શરૂ થયો હતો. ઢોલા મારૂ કનોડિયાને સુપરસ્ટાર બનાવનારી પહેલી ફિલ્મ હતી. નરેશભાઈ તે પછી છવાઈ ગયા. ગુજરાતમાં શહેરી વર્ગમાં મોટાભાગનાં લોકો એ વખતે પણ ગુજરાતી ફિલ્મો નહોતા જોતા. પણ ગ્રામીણ વિસ્તારોમાં નરેશ કનોડિયા લોકોના હૃદય પર રાજ કરતા હતા તેમાં શંકા નથી. પહેલાં સ્નેહલતા અને પછી રોમા માણેક સાથે તેમણે સુપરહિટ જોડી જમાવી હતી. ગુજરાતમાં એક મોટો વર્ગ આ જોડીઓ પર ઓળઘોળ હતો. કનોડિયાએ કેટલી ફિલ્મોમાં કામ કર્યુ એ વિશે મતભેદ છે. ક્યાંક સવાસો ફિલ્મોનો આંકડો છે તો ક્યાંક ત્રણ સો ફિલ્મો કહેવાય છે. જે પણ આંકડો હોય પણ આ ફિલ્મોએ ગુજરાતી દર્શકોના એક મોટાવર્ગને જોરદાર મનોરંજન ચોક્કસ પૂરું પાડેલું. નરેશ કનોડિયાની ઓળખ ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર તરીકેની સ્થાપિત થઈ એ સાચું છે પણ તેમનું યોગદાન ગુજરાતી ફિલ્મો પૂરતું મર્યાદિત નથી. ગુજરાતી સંગીત અને સ્ટેજ શોને લોકપ્રિય બનાવવામાં પણ તેમનું મોટું યોગદાન છે. કનોડિયા પરિવારે જે કંઈ મેળવ્યું તેના પાયામાં મહેશ કનોડિયા હતા. પણ નરેશ કનોડિયાએ તેમાં ઉમેરો કર્યો એ કબૂલવું પડે. મહેશ કનોડિયા કલાકાર વધારે હતા. જ્યારે નરેશ કનોડિયા પરફોર્મર વધારે હતા. નરેશ-મહેશની જોડી એ રીતે એકબીજાને પૂરક હતી. તેથી સ્ટેજ શોમાં તેમને અકલ્પનિય સફળતા મળી. નરેશ કનોડિયાને ફિલ્મોમાં મળેલી સફળતા તો પ્રસંશનિય છે જ પણ વધારે પ્રસંશનિય તેમણે આ ધાંય ધાંય સફળતા મેળવવા કરેલો સંઘર્ષ અને પછી સફળતાને પચાવી એ છે.



**મહેશ-નરેશની જોડી મર્યા પછી પણ ખંડિત નહીં થઈ, મહેશ કનોડિયા દેશના કરોડો લોકો માટે રોલ મોડલ છે કારણ કે તેમની પાસે સપનાં સિવાય કંઈ ન હતુ. આમ છતાં સતત સંઘર્ષ સાથે કલાને રજૂ કરી અને અદ્ભૂત સફળતા મેળવી**

સ્વદેશ

FRIDAY 30 OCTOBER 2020



## વિશ્વસનીય બ્રાન્ડ સેલિબ્રિટીની યાદીમાં બીગ-બી પ્રથમ

મુંબઈ: બોલીવૂડ સેલિબ્રિટિસની પોપ્યુલારિટીનો અંદાજ તો સહુને હોય છે. પરંતુ આ બધા સેલેબ્સમાં સોથી વધુ વિશ્વાસનીય કોણ છે એ પ્રશ્ન પણ સહુને ઉદભવતો હોય છે. ઇન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઓફ હ્યૂમન બ્રાડંસ તરફથી ટિયારા રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. જેના અનુસાર બોલીવૂડમાં અમિતાભ બચ્ચન પ્રથમ રહ્યા છે. આ રિપોર્ટમાં સેલેબ્સનો બ્રાનડ કરીકે સર્વે કરવામાં આવ્યો છે. જેમાંથી જાણવા મળ્યું છે કે સૌથી વધુ વિશ્વસનીય બ્રાન્ડ તરીકે કઇ સેલિબ્રિટિ છે. રિપોર્ટના અનુસાર, અમિતાભ બચ્ચનને ૮૮.૦ ના ટિયારા સ્કોર સાથે ભારતની સૌથી વિશ્વસનીય હસ્તી ગણીને વોટ આપવામાં આવ્યા છે.

## મહેશ-નરેશની બેલડીએ લીધી વિદાય

# પહેલાં મોટાભાઈ અને બાદમાં નાના ભાઈએ "ફાની દુનિયા"ને કહ્યુ અલવિદા

અમદાવાદ: ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ કલાકાર નરેશ કનોડિયા કોરોનાની ઝપેટમાં આવ્યા હતા. જેમનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ. જેમની સારવાર અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં ચાલી રહી હતી. યુએન મહેતા હોસ્પિટલનાં પ્રવક્તાએ તેમના મોતનાં સમાચાર આપ્યા હતા. ૨૫ ઓક્ટોબરે ગુજરાતના પ્રખ્યાત કલાકાર અને સંગીતકાર મહેશ કનોડિયાનું ૮૩ વર્ષની વયે નિધન થયું હતું. લાંબી માંદગી બાદ તેઓએ ગાંધીનગર સ્થિત પોતાના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધી હતા. મહેશ કનોડિયા ગુજરાતના પ્રખ્યાત એક્ટર નરેશ કનોડિયાના ભાઈ છે. મહેશ કનોડિયા પુરુષ અને સ્ત્રી એમ બંનેના અવાજમાં ગીતો ગાઈ શકતા હતા. આ ઉપરાંત તેઓ પાટણના સાસંદ પણ રહી ચૂક્યા હતા. મહેશ કનોડિયાએ ફિલ્મોમાં આપ્યુ છે સંગીત ઢોલીવૂડમાં મહેશ-નરેશના નામથી આ બંને ભાઈઓ ની જોડી ખૂબ પ્રખ્યાત હતી. મહેશ કનોડિયા પોતાના અવાજ માટે ખૂબ જાણીતા હતા. તેમણે ઘણી ફિલ્મોમાં ગીતો ગાયાં છે જ્યારે ખાસ કરીને મહિલા ના અવાજમાં તેમના ગીતોને કારણે તેમણે ભારે લોકપ્રિયતા મળી હતી. મહેશ કનોડિયાનો જન્મ ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામા કનોડ ગામમાં થયો હતો. ચાર ભાઈ, ત્રણ બહેનો અને માતા પિતા સાથે એક ઓરડીમાં વસવાટ કરતા હતા. ગુજરાતી ફિલ્મો ઉપરાંત મહેશ કનોડિયાએ ગરબા, લોકસંગીત, અને અન્ય ગેર ફિલ્મી આલ્બમોમાં પણ સંગીત આપ્યું છે.



### ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીમાં નરેશ કનોડિયા ભાજપના ધારાસભ્ય બન્યાં

અમદાવાદ: ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર રહી ચૂકેલા નરેશ કનોડિયા મહેસાણા જિલ્લાના નાનકડા કનોડા ગામમાં ૨૦મી ઓગસ્ટ ૧૯૪૩ના રોજ જન્મ્યા હતા અને ફિલ્મી કારકિર્દી દરમિયાન જ તેઓએ ૧૯૯૦માં રાજકરાણમાં એન્ટ્રી કરી હતી અને ભાજપમાં જોડાયા હતા. ૨૦૦૨માં ભાજપે તેમને કરજણ બેઠક પરથી ટિકિટ આપતા તેઓ ચૂંટણી જીત્યા હતા.

### નરેશ કનોડિયાએ નાની વયે સ્ટેજ પર્ફોર્મન્સ આપવાનું શરૂ કર્યુ હતું

અમદાવાદ: મહેશ અને નરેશ કનોડિયાના પિતા મીઠાભાઈ તથા માતા દલીબેન વણાટકામ કરતાં હતાં. તેઓ સાડી, ટુવાલ, ધોતિયાં જેવાં કપડાં બનાવતાં હતાં. મહેશ કનોડિયાના ભાઈ નરેશ કનોડિયાએ નાની ઉંમરમાં જ ભાઈ સાથે સ્ટેજ પર પર્ફોર્મન્સ આપવાની શરૂઆત કરી હતી. આ બેલડીએ અનેક ફિલ્મોમાં સંગીત આપ્યું હતું.

### નરેશ-મહેશની વિદાયથી ગુજરાતી ફિલ્મના દિગ્ગજ વિલન પણ દુ:ખમાં સરી પડ્યા

ગુજરાતી ફિલ્મ અભિનેતા નરેશ કનોડિયાએ ૭૭ વર્ષીય ઉંમરે અંતિમ શ્વાસ લેતા છેલ્લા ૨ દિવસમાં 'મહેશ–નરેશ' બંધુ બેલડી ખંડિત થઈ છે. ત્યારે ગુજરાતી પ્રશંસકો આ બંધુ બેલડીને યાદ કરી શોકમગ્ન છે. વિતેલા જમાનાનાં ગુજરાતી ફિલ્મોના દિગ્ગજ વિલન ફિરોઝ ઇરાનીએ પણ દુ:ખ વ્યક્ત કરતા તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

### નરેશ કનોડિયાની વિદાયથી ગુજરાતી સ્ટાર સિંગર્સને પડી મોટી ખોટ

ગુજરાતી ફિલ્મોના મિલેનિયમ મેગાસ્ટાર નરેશ કનોડિયાના નિધનના સમાચાર સાંભળતાની સાથે જ તેમના પ્રશંસકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. ત્યારે ગુજરાતી ફિલ્મોના સિંગર અને અભિનેતા પણ શોકમગ્ન છે. ગુજરાતી સિંગર જિગ્નેશ કવિરાજ, લોકગાયક રાજદીપ બારોટ, લોડલાડીલા લોક ગાયક કિર્તિદાન ગઢવી તથા રાજલ બારોટ પણ આ અભિનેતાને લઇ શ્રદ્ધાંજલી આપી હતી.

"ગુજરાતી સિનેમાના દિગ્ગજ કલાકાર અને ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી નરેશ કનોડિયાના અવસાનથી વ્યથિત છું. મનોરંજન તથા સમાજસેવાના ક્ષેત્રે એમનું યોગદાન હંમેશા યાદ રહેશે. શોકગ્રસ્ત પરિવાર અને એમના વિશાળ ચાહકવર્ગને સાંત્વનાપઓમ શાંતિ !!

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

ગુજરાતી ફિલ્મના અભિનેતા નરેશ કનોડિયાના નિધન પર ગુજરાતના લોડલાડીલા લોક ગાયક કિર્તિદાન ગઢવીએ ભારે હૈયે દુ:ખ વ્યક્ત કર્યુ છે. કિર્તીદાન ગઢવીએ વ્યક્ત કરી દુખદ લાગણીગુજરાતી ગાયક કિર્તીદાન ગઢવીએ આ અંગે દુખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે, હું તેમની ફિલ્મો ઘણો જ જોતો, નરેશ કનોડિયા પોતાની કલાથી ગુજરાતી સિનેમાને ઊંચાઇ પર લઇ ગયા હતા. તેમના જવાથી ગુજરાતી ચિત્રપટ અને સંગીતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ગુજરાતી ફિલ્મ જગતમાં બંન્ને ભાઇઓએ જે યોગદાન આપ્યું છે તે અન્ય કોઇ નહીં આપી શકે.

"સ્વ. નરેશ કનોડિયાએ ગુજરાતી ચલ ચિત્ર જગતમાં અભિનયના ઓજસ પાથરીને દસકાઓ સુધી લોક માનસમાં એક આગવું સ્થાન મેળવેલું તેનું સ્મરણ કરતાં કહ્યું છે કે તેમનું આ યોગદાન ગુજરાતી ચલચિત્ર જગતમાં સદાકાળ અવિસ્મરણીય બની રહેશે.

- મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી

## શ્રદ્ધા કપૂર ઇચ્છાધારી નાગિનની ભૂમિકા ભજવશે



મુંબઈ: શ્રદ્ધા કપૂરનું નામ બોલીવૂડની અભિનેત્રીઓ રીના રોય, શ્રીદેવી અને મનીષા કોઇરાલા સાથે જોડાવાનું છે. સિલ્વસ્ક્રીન પર । ત્રણેય અભિનેત્રીઓએ ઇચ્છાધારી નાગિનનું પાત્ર ભજવ્યું છે. હવે શ્રદ્ધા કપૂર પણ રૂપેરી પડદે નાગિનનો રોલ ભડવવાની છે. આ ફિલ્મનું ટાઇટલ નાગિન હશે અને તેને ત્રણ ફિલ્મોની સીરીઝમાં બનાવામાં આવશે. આ સીરીઝને વિશાલ ફુરિયા ડાયરેક્ટ કરશે અને નિખિલ દ્વિવેદી પ્રોડયુસ કરશે. લાંબા સમય પછી રૂપેરી પડદે ઇચ્છાધારી નાગિન દર્શકોને જોવા મળશે. શ્રદ્ધા કપૂરે પોતાના ટ્વીટમાં જણાવ્યું હતું કે, સ્ક્રીન પર નાગિનનું પાત્ર ભજવવું એ મારા માટે ખુશીની વાત છે. હું શ્રીદેવી મેમની નાગિન અને નિગાહેની ખૂબ ફેન રહી છું અને આ જોઇને મોટી થઇ છું. મને લાંબા સમયથી આવો રોલ કરવાની ઇચ્છા હતી. હવે ફરીથી મોટા પડદે ઇચ્છાધારી નાહિનનો જાદુ જોવા મળશે.

## ટીવી અભિનેત્રી માલવી મલ્હોત્રા પર ચાકુથી હુમલો



મુંબઈ: ટેલિવિઝન જગતની અભિનેત્રી માલવી મલ્હોત્રા પર ચાકુથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. તે ગંભીર રીતે ઘાયલ થતાં તેને મુંબઇની કોકિલાબેન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે. પોતાને પ્રોડયુસર કહેનારા યોગેશ નામના યુવકે માલવી પર હુમલો કર્યો છે. ફેસબુક પર માલવી અને યોગેશની દોસ્તી થઇ હતી. આશંકા છે કે, એકતરફી પ્રેમને કારણે યોગેશે તેના પર હુમલો કર્યો છે. જોકે પોલીસ તપાસ ચાલુ છે અને આ લખાઇ છે ત્યાં સુધી યોગેશની શોધ થઇ શકી નથી. વર્સોવા પોલિસના અનુસાર યોગેશે માલવી પર ચાર વખત ચાકુથી હુમલો કર્યો છે. જોકે અભિનેત્રીની હાલત ગંભીર નથી. માલવીની ફરિયાદ અનુ,ાર, આરોપી યોગેશ મહિપાલ સિંહ સાથે તેની દોસ્તી ફેસબુક પર થઇ હતી. તે કામ મેળવવા માટે તેને એક વખત કોફી ડેમાં મળી હતી. સોમવારે રાતના તે પોતાના ઘરથી બહાર નીકળી ત્યારે યોગેશ પોતાની ઓડી કાર લઇને બહાર ઊભો હતો.

## સુશાંતની બહેનો પર મુકાયેલા આરોપોને સીબીઆઈએ કાલ્પનિક ગણાવ્યા: મુંબઈ પોલીસની ઝાટકણી કાઢી

મુંબઈ: સુશાંતસિંહ રાજપૂતના મોત મામલામાં રિયા ચક્રવર્તીએ તેની બહેનોની વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જેને લઈને સીબીઆઈએ મુંબઈ હાઈકોર્ટમાં પોતાનું નિવેદન દાખલ કર્યુ હતું. એક ખાનગી સમાચાર પત્ર દ્વારા મળતી માહિતી મુજબ સીબીઆઈએ બુધવારે મુંબઈ હાઈકોર્ટને જણાવ્યું હતું કે સુશાંતસિંહ રાજપૂતના મોત મામલામાં રિયા ચક્રવર્તીએ સુશાંતની બહેનો ઉપર જે આરોપ લગાવ્યા છે. તે કાલ્પનિક છે. એટલા માટે અનુમાનના આધારે એફઆઈઆર દાખલ ન થઈ શકે. રિયા ચક્રવર્તીએ પોતાના આરોપમાં કહ્યું છે કે જૂન ૨૦૨૦માં નકલી પિસ્ક્રિપ્શનના આધારે સુશાંત માટે પ્રતિબંધિત દવાઓ ખરીદી હતી. સીબીઆઈનું કહેવું છે કે રિયાએ સુશાંતની બહેનોની વિરૂદ્ધ જે આરોપોને લઈને એફઆઈઆર દાખલ કરી છે તે કાલ્પનિક છે. સુશાંતસિંહ રાજપૂતના પિતા કે. કે.સિંહે રિયા ચક્રવર્તી અને તેમના પરિવારના લોકોની વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.



# કેશુભાઈએ જ ભાજપને ૧૨૧ બેઠકો અપાવી હતી

## મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરકારોને સમજાવી નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના ૨,૫૦૦થી વધુ ગામડાંઓ સુધી પહોંચતું કર્યું હતું

## વર્ષ ૧૯૯૫ની બાપાની પહેલી સરકાર માત્ર પાંચ-છ મહિનામાં જ શંકરસિંહ વાઘેલાના બળવાને કારણે તૂટી પડી હતી

ગાંધીનગર : ગુજરાતમાં ૧૯૮૦માં ભાજપની સ્થાપના કરી ૧૯૯૦માં સત્તાસ્થાન સુધી અને ૧૯૯૫માં ભાજપની પહેલી સરકાર બનાવવામાં કેશુભાઈ સવદાસ પટેલનો સિંહફાળો રહ્યો છે, કેશુભાઈ બીજીવાર ૧૯૯૮માં ૧૨૧ બેઠકો સાથે બે તૃતીયાંશ બહુમતીથી મુખ્યમંત્રીના સિંહાસનપદે આરૂઢ થયા, એ ભાજપનો ઐતિહાસિક રેકોર્ડ છે, કેમ કે આટલી બધી બેઠકો એ પછી ભાજપે આજ સુધી હાંસલ કરી નથી.

કેશુભાઈ, ભાજપમાં એમની કોઠાસૂઝ માટે જાણીતા છે. સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા હોઈ ખેડૂતોના ખેતીના પ્રશ્નોમાં ગ્રામીણ- અર્થતંત્રને સુધારવામાં એમની સતત દિલચશ્પી રહી. એ જ કારણથી તેઓ બાબુભાઈ જશભાઈ પટેલની મોરચા સરકારમાં પહેલીવાર મંત્રી બન્યા અને તેય સરકારમાં સિંચાઈ વિભાગના મંત્રી રહ્યા.

કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાના પ્રયાસોમાં તેમણે ગામડાંઓને સુંદર અને સદ્ધર બનાવવા ગોકુળ ગ્રામ યોજના લોન્ચ કરી. સૌરાષ્ટ્રમાં પીવાના પાણીનો પ્રશ્ન ઉકેલવા માટે એમણે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરકારોને સમજાવી નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના ૨,૫૦૦થી વધુ ગામડાંઓ સુધી પહોંચતું હતું. તો સિંચાઈના પાણીનો પ્રશ્ન ઉકેલવા તેમની સરકાર પહેલીવાર ૮૦:૨૦ની જનભાગીદારીવાળી જળસંચય યોજના લાવી, જેમાં હજારો ચેકડેમ બનાવાયા. આદિવાસીઓ માટે બજેટમાં વધારે જોગવાઈ ધરાવતી ગુજરાત પેટર્ન યોજનાનો અમલ પણ એમના શાસનકાળમાં થયો.

૧૯૯૫ની એમની પહેલી સરકાર પાંચ-છ મહિનામાં જ શંકરસિંહ વાઘેલાના બળવાને કારણે તૂટી પડી હતી. એ વખતે સમાધાનકારી ફોર્મ્યુલામાં ભાજપે સુરેશ મહેતાને મુખ્યમંત્રીપદે બેસાડયા, પણ સરકાર વર્ષ પૂરું કરે એ પહેલાં ફરી શંકરસિંહે બળવો કરી રાષ્ટ્રીય જનતા પાર્ટી રચી હતી. તેઓ એકાદ વર્ષ સત્તાસ્થાને રહ્યા અને એ પછી ચારેક મહિના દિલીપ પરીખનું શાસન રહ્યું. પરંતુ ડિસેમ્બર ૧૯૯૮ની ચૂંટણીમાં ફરી કેશુભાઈ બીજીવાર મુખ્યમંત્રીપદે બેઠા. જો કે આ બીજીવારનું શાસન અનેક આફતોથી ભરેલું રહ્યું હતું.

### દરેક વર્ગની સંભાળ રાખનારા ઉત્તમ નેતા હતા : વડાપ્રધાન મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરી કેશુભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, વડાપ્રધાને લખ્યું કે, કેશુભાઈના અવસાનથી હું ખૂબ દુ:ખી અને વ્યથિત છું. તેઓ સમાજના દરેક વર્ગની સંભાળ રાખનારા એક ઉત્તમ નેતા હતા, તેમનું જીવન ગુજરાતની પ્રગતિ અને દરેક ગુજરાતીઓના સશક્તીકરણ માટે સમર્પિત હતું. મારા જેવા અનેક કાર્યકર્તાઓનું કેશુભાઈએ માર્ગદર્શન કરી ઘડતર કર્યું. તેમના મિલનસાર સ્વભાવને કારણે ખૂબ લોકપ્રિય હતા, તેમની વિદાયથી ભારે ખોટ પડી છે. એમના અવસાનથી આપણે સૌ ભારે ગ્લાની અનુભવીએ છીએ.



### જનસંઘથી ભાજપા સુધી વટવૃક્ષ ઊભું કરનારા નેતાઃ રૂપાણી

અમદાવાદઃ રૂપાણીએ રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન અને વરિષ્ઠ અગ્રણી સ્વ. કેશુભાઈ પટેલના દુ:ખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી હતી. મુખ્ય પ્રધાને સ્વ. કેશુભાઈ પટેલને ગુજરાતમાં જનસંઘથી લઇને ભાજપા સુધી વટવૃક્ષ ઊભું કરનારા અને રાજકીય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કરનારા સમર્પિત નેતૃત્વ કર્તા ગણાવ્યા હતા સ્વ. કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને અર્પણ કર્યું હતું. એટલું જ નહિ, ખેડૂતપુત્ર તરીકે પણ તેમણે ખેડૂત હિત સહિત અનેક લોક સેવા કાર્યોથી ભાજપાને અપ્રતિમ લોકચાહના અપાવી છે.

કેશુભાઈ પટેલની ગોકુળ ગ્રામ યોજના ગામડાના વિકાસ માટે આશીર્વાદ રૂપ નીવડી હતી.

– નીતિન પટેલ, નાયબ મુખ્યમંત્રી

અમારા મોભી કેશુભાઈનાં નિધનથી હું અત્યંત દુ:ખની લાગણી વ્યક્ત કરું છું. તેમનું આખું જીવન રાષ્ટ્રસેવા–જનસેવાના કાર્યો માટે સમર્પિત હતું.

– સી.આર. પાટીલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ

ગુજરાતના જાહેર જીવનના એક મૂઠીઉંચેરા વ્યક્તિએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે, નાનામાં નાના માણસ સાથે સીધો સંવાદ કરવાની તેઓની એક આગવી શૈલી હતી.

– એહમદ પટેલ, સાંસદ, રાજ્યસભા

### બીજેપીના ભીષ્મપિતામહ હતા : શંકરસિંહ વાઘેલા

શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે કેશુભાઈ ગુજરાત ભાજપના ભીષ્મ પિતામહ હતા. કેશુભાઇ છેલ્લે છેલ્લે દુ:ખી હતા. તેમના ખભા પર બેસીને લોકો આજે દિલ્હી અને ગાંધીનગરની ગાદી પર બેઠા છે. તેમને દુ:ખ થયેલું એટલે ભારતીય જનતા પાર્ટી છોડી પણ દીધી હતી. અને નવી જીપીપી પાર્ટી ઉભી કરી હતી. એ વખતે સહયોગ મળે ન મળે એ સામાન્ય વાત છે, તેમના નિધનથી ગુજરાતના જાહેર જીવનને બહુ મોટી ખોટ પડી છે.

ગુજરાતે એક મહાન રાજનેતા ગુમાવ્યા છે । ગુજરાતે એક મહાન રાજનેતા ગુમાવ્યા છે, કેશુભાઈએ ગુજરાતના જાહેર જીવનમાં વર્ષો સુધી કાર્યરત રહીને ગુજરાતની ઉત્તમ સેવા કરી છે. ગુજરાતના રાજકારણમાં પણ તેઓ એક આદર્શ માની શકાય તેમ છે.

– પરેશ ધાનાણી, વિપક્ષ નેતા

ટ્વિટ કરી કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પી હતી, તેમણે ટ્વિટમાં લખ્યું હતું કે, કેશુભાઈ પટેલનાં નિધનથી રાષ્ટ્રે એક મોટા ગજાના નેતા ગુમાવ્યા છે. કેશુભાઈનું જાહેર જીવન લાખો લોકોના જીવન સુધારણા માટે સમર્પિત હતું. તેઓ લોકો સાથે ગજબનો નાતો ધરાવતા હતા. તેમના કુટુંબ અને મિત્રોને મારી દિલસોજી. દેશના

– રામનાથ કોવિંદ, રાષ્ટ્રપતિ



# વર્લ્ડવાઈડ નેશન બ્રાન્ડમાં કેનેડા ત્રીજા સ્થાને, અમેરિકા પછડાયું

## નેશન બ્રાન્ડ ઈન્ડેક્ષમાં વિશ્વના ટોચના ૫૦ દેશોને જુદા જુદા ધોરણો બદલ રેન્કીંગ આપવામાં આવ્યું

ટોરોન્ટો : કેનેડીયનો માટે આનંદ અને ગૌરવ લેવા જેવા સમાચાર છે. વિશ્વના ૫૦ દેશોના થતાં રેંકીંગ 'નેશન બ્રાન્ડ'માં કેનેડાએ જર્મની અને યુ.કે. બાદનો એટલે કે ત્રીજો ક્રમ મેળવ્યો છે.

નેશન બ્રાન્ડ ઈન્ડેક્ષમાં વિશ્વના ટોચના ૫૦ દેશોને જુદા જુદા ધોરણો બદલ રેન્કીંગ આપવામાં આવે છે. ઈપ્સોસ સરવે આ કામ સંભાળે છે. વિશ્વના ૨૦ દેશોના અંદાજે ૨૦૦૦૦૦થી વધુ લોકો સાથે વાતચીત કરીને તારણ કાઢવામાં આવે છે. જેમાં કુલ છ કેટેગરી છે. લોકો, વહીવટ, સંસ્કૃતિ, પ્રવાસન, એક્ષપોર્ટસ અને ઈમિગ્રેશન. કેનેડાને ત્રણ કેટેગરીમાં પહેલું સ્થાન મળ્યું હતું. જેમાં લોકો, વહીવટ અને ઈમિગ્રેશન/ઈન્વેસ્ટમેન્ટનો સમાવેશ



થાય છે. સરવેના એક લેખક સાઈમન એન્હોલ્ટે કહયું હતું કે, આ વર્ષે કેનેડાની મજબૂત બાજુ લોકો અને વહીવટની કેટેગરીમાં હતી. જેમાં સારા પ્રતિભાવો મળ્યા હતા. કેનેડાના લોકો ઘણાં મળતાવડા છે અને વિશ્વભરમાં સૌથી વધુ પસંદ કરાય છે. ઓસ્ટ્રેલિયા અને ઈટાલી આ બાબતમાં બીજા અને ત્રીજા ક્રમે છે. કલ્ચર અને એક્ષપોર્ટસમાં કેનેડા થોડું નબળુ રહ્યું છે. જર્મનીએ પહેલું સ્થાન સતત બીજા વર્ષે જાળવી રાખ્યું છે. બધી કેટેગરીમાં એ આગળ રહ્યું છે. બીજા સ્થાને યુકે આવ્યું છે જયાં ગયા વર્ષે ફ્રાન્સ હતું એ આ વર્ષે પાંચમા સ્થાને જતું રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે અમેરિકા આ સરવેમાં ૧૦મા સ્થાને છે.

# ટોરોન્ટોમાં ફુડ ડીલીવરી સર્વિસિઝના કમિશન ફી ઉપર મર્યાદા આવશ્યક

ટોરન્ટો : ટોરન્ટોના મેયરે પ્રાંતીય સરકારે ફુડ ડીલીવરી સર્વસિ કંપનીઓની કમિશન ફી ઉપર મર્યાદા નક્કી કરવાના કરેલા પ્રસ્તાવને ટેકો આપતા કહ્યું હતું કે, કોવિડ-૧૯ની મહામારીના સમયમાં રેસ્ટોરાંને ચાલવા દેવામાં એમનો ફાળો મોટો હોવાથી તેમણે ફીની મર્યાદા રાખવી જોઈએ. સોમવારે સાંજે જોન ટોરીએ કહ્યું હતું કે, ફી વિશેની લાંબી ચર્ચા બાદ એમ લાગે છે કે, કંપનીઓએ તેમના કમિશનમાં ઘટાડો કરવો જ જોઈએ.

આ બધા રેસ્ટોરાં ચાલતા રહે એ આપણે ખાસ જોવાનું છે. કેમ કે, એનાથી ઘણાં લોકોને રોજગારી મળી રહે છે. સીટી કાઉન્સીલ સમક્ષ આ પ્રસ્તાવ કાઉન્સેલર માઈકલ ફોર્ડે મુકયો હતો. જેના પર આ અઠવાડિયે ચર્ચા થશે. ટોરન્ટોની રેસ્ટોરાં ઈન્ડસ્ટ્રીએ મહામારીને કારણે ઘણાં કપરા સમયનો સામનો કરવો પડયો છે. ઈન્ડોર ડાઈનીંગ બંધ હોવાથી એમના બિઝનેસનો બધો મદાર ટેક અવે ઉપર જ રહે છે. ઘણો સમય તો તેમણે રેસ્ટોરાં બંધ પણ રાખવા પડયા છે. ટોરન્ટો એવા ચાર પ્રાંતોમાં ગણાય છે, જયાં કોવિડ-૧૯ના બીજા તબક્કામાં વધુ અસર જોવા મળી હોય અને કેસોની સંખ્યા પણ વધતી રહી છે. અત્યારે પણ ઈન્ડોર ડાઈનીંગ બંધ છે અને ટેક અવે પર જ મદાર છે. ગયા વર્ષના આ સમયગાળાની સરખામણીમાં ગયા અઠવાડિયે જ રેસ્ટોરાંના ડીનરની સંખ્યામાં ૯૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. રેસ્ટોરાં બંધ રહેવાને કારણે હજારો લોકોએ નોકરી ગુમાવવી પડી છે.










# INDIA TOWN FOOD & SPICES LTD.

Indian, Pakistani, Srilankan, Bangladeshi & Canadian Groceries

બધી સેલ આઇટમ રોકડેથી

# DIWALI SALE

ALL SALE ITEMS CASH OR DEBIT ONLY

SALE START 30 OCTOBER 2020

641, MARKHAM ROAD, SCARBOROUGH, ONTARIO, M1H 2A4

Phone or Fax : 416-438-1013




| | | | |
|---|---|---|---|
| HOT DEAL<br>TOOR DAL (MADHI, MALAVAI, ANGUR)<br>$9.99/ 10 LB<br>( REG $~~14.99~~) | ORGANIC GREEN RAISINS<br>$1.49/ LB | MOOG WHOLE<br>$4.99/ 4 LB<br>( REG $ ~~6.99~~) | FLIPZEE KHAKHARA<br>$1.29/ EACH |
| ALL DAL SPECIAL OFFER<br>$4.99/ 4 LB<br>(FROM INDIA) | GLOBAL CHOICE CTC. TEA<br>4 / $5 ( REG $~~2.99~~)<br>(1 LB X4=4 LB) | URAD DAL<br>$4.99/ 4 LB<br>( REG $ ~~6.99~~) | INDUBEN KHAKHARA<br>$1.29/ EACH |
| BANSI SABUDHANA (NYLON)<br>99c /<br>PACK 2 LB | LAXMI – KESAR MANGO PULP<br>$7.99/ TARJ<br>6 PCS | URAD GOTA<br>$4.99/ 4 LB<br>( REG $~~6.99~~) | SURATI TOOR LILLVA – PAPDI LILVA<br>$1.99/ EACH |
| WAGH BAKRI TEA<br>$9.99/ EACH (2LB)<br>( REG $~~12.99~~) | VIDHYA INSTANT MIX<br>2/ $1 | GUJ-17 RICE<br>$7.99/ EACH<br>(10 LB) | 100 DECORATIVE LED LIGHTS<br>$9.99/ EACH<br>( REG $~~14.99~~) |
| JIVRAJ TEA<br>$7.99/ EACH (2LB)<br>( REG $~~11.99~~) | DEEP CHIKKI ATTA<br>$8.99/EACH 20LB<br>( REG $~~12.99~~) | DEEP KHAKHARA<br>$1.79/ EACH (2LB)<br>( REG $~~2.99~~) | PATANJALI TOOTH PASTE<br>$3 / $10<br>( EXTRA BIG SALE) |
| PAPAD<br>KIRTIRAJ, YASH PAPAD<br>3 / $ 1.99 | LAXMI SHARBATI ATTA<br>$9.99 20 LB<br>REG $ ~~14.99~~ | SATVAM INSTANT MIX<br>4 PACKS / $ 5<br>REG $ ~~1.99~~ | INDIAN SUGAR<br>$7.99/ EACH<br>5 K.G |
| LIJJAT PAPAD<br>2 / $ 1 | LAXMI SOONA MASOORI RICE<br>$11.99/ EACH 20 LB<br>REG $ ~~14.99~~ | AMUL CHEESE (BIG SIZE)<br>$9.99/ EACH<br>REG $ ~~14.99~~ | MOOG DAL<br>$4.99/ 4LB<br>REG $ ~~6.99~~ |
| SHAN MASALA<br>$2.99/ PACK ( 3 IN 1 )<br>UNIT COST 99 C/ EACH | LAXMI XXXL BASMATI RICE<br>$7.99/ EACH 10 LB<br>REG $ ~~12.99~~ | K.T.C SUNFLOOR OIL<br>$6.99/ 3 LT | MOOG DAL SPLIT<br>$4.99/ 4 LB<br>REG $ ~~6.99~~ |
| GUR (JAGGERY)<br>$7.99/ 11 LB<br>(5 K.G.) | DEEP XXL BASMATI RICE<br>$7.99/ 10 LB<br>REG $ ~~10.99~~ | K.T.C OLIVE OIL<br>$9.99/ 3 LT | SAFFRON<br>$14.99<br>(12X1gm BOX) |
| NIRAV XXL BASMATI RICE<br>$6.99/ 10 LB | LAXMI BRAND COCONUT<br>$149 PACK | KAWAN PARATHA (PLAIN/ONION)<br>$3.99 PACK<br>(25 PIECES) | FANCY DIVA - 4 PCS<br>3PACK / $5<br>($ 1.99/EACH PACK) |

ALL ITEM SUBJECT TO AVAILABLE. NO RAIN CHECK, NOT RESPONSIBLE FOR ANY TYPOGRAPHICAL ERROR. NO EXCHANGE NO RETURN

વધુ વિગતો માટે મુલાકાત લો :

WWW.FACEBOOK.COM / INDIATOWNFOODANDSPICES

# ગુજરાત સરકારને જીએસટી વળતરનાં લેણાં પેટે ૭૦૦ કરોડની લોન અપાઈ

ગાંધીનગરઃ ગુજરાત સરકારના જીએસટી વળતરના લેણાં પેટે કેન્દ્ર સરકારે લોન તરીકે રૂ.૬૯૯ કરોડ આપ્યા છે. કેન્દ્ર સરકારે ચતુરાઈપૂર્વક પોતાનું દેવું ના વધે એટલા માટે ગુજરાત સરકારના નામે રિઝર્વ બેન્ક પાસેથી લોન લઈને આ રકમ ગુજરાત સરકારને ચૂકવી છે.આ પેમેન્ટ ડિમાન્ડ નં-૩૮ તરીકે સદર નં- ૭૬૦૧ હેઠળ લોન અને એડવાન્સરૂપે દર્શાવાશે.

કુલ ૧૬ રાજ્યોને તેમના જીએસટી કોમ્પેન્સેશનના લેણાં સામે લોન તરીકે રૂ. ૫,૩૮,૩૨૦ લાખ ચૂકવાયા છે, જે પૈકી ગુજરાતને રૂ. ૬૯૯ કરોડનું પેમેન્ટ થયું છે. રિઝર્વ બેન્ક પાસેથી જે તે રાજ્યોના નામે લેવાયેલી આ લોનનું વ્યાજ કેન્દ્ર સરકાર ચૂકવશે અને મુદ્દલ રાજ્યોના લેણાં પેટે એડજસ્ટ થશે. સૂત્રો જણાવી રહ્યાં છે કે, વર્ષ ૨૦૧૯-૨૦માં કેન્દ્ર સરકારે જીએસટી કોમ્પેન્સેશન પેટે રૂ. ૧૦,૬૪૬.૫૨ કરોડ ચૂકવ્યા હતા, જેની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧ના એપ્રિલથી સપ્ટેમ્બરના સમયગાળામાં જીએસટી વળતર પેટે કેન્દ્ર સરકારે કાણી પઈ પણ ચૂકવી નથી. જો કે આ ગાળામાં રૂ. ૧૬ હજાર કરોડનું લેણું ઊભું થયું છે.

જો કે એપ્રિલ-૨૦ અને મે-૨૦માં રાજ્યને જીએસટીની આવકમાં જે ઘટ પડી તે સામે થોડા સમય પહેલાં કેન્દ્ર સરકારે રૂ. ૧,૪૬૮.૯૩ કરોડની રકમ ગ્રાન્ટ-ઈન-એઈડ તરીકે ચૂકવી છે, જેની સામે આ બે માસમાં જ ગુજરાતે વળતરરૂપે રૂ. ૭,૨૬૩ કરોડ લેવાનાં નીકળતા હતા એમ સૂત્રો જણાવી રહ્યાં છે.

## ગૃહરાજ્ય પ્રધાન સામે થયેલી આચારસંહિતાના ભંગની ફરિયાદ હાઈ કોર્ટે રદ કરી

અમદાવાદઃ વર્ષ ૨૦૦૭માં વિધાનસભા ચૂંટણીમાં પ્રદીસસિંહ જાડેજાએ અસારવા બેઠક પરથી ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી હતી. ૧૧મી ડિસેમ્બર અને ૧૬મી ડિસેમ્બરના રોજ મતદાન યોજાવાનું હોવાથી રાજ્યમાં આચારસંહિતા લાગુ હતી. નવરાત્રિ દરમિયાન ૧૦મી ઓક્ટોબરના રોજ અસારવા વિસ્તારમાં ગરબાના આયોજન દરમિયાન પ્રદીપસિંહ દ્વારા મુદ્રક અને પ્રકાશકના નામના ઉલ્લેખ વગરની પત્રિકાઓનું વિતરણ કરાવવામાં આવ્યું હતું, જેને કારણે તત્કાલીન શહેર કોંગ્રેસ પ્રમુખ પંકજ શાહે પ્રદીપસિંહ જાડેજા સામે આચારસંહિતાનો ભંગની ફરિયાદ કરી હતી. ચૂંટણી ચાલતી હોવા છતાં પ્રદીપસિંહે પ્રચાર કરતા પેમ્ફલેટ વેચ્યાં હતાં, જેમાં અસારવાના ધારાસભ્યના નામથી આપણું ગુજરાત, આપણું અસારવા નામે સ્લોગન લખ્યું હતું અને તેમાં નરેન્દ્ર મોદી અને પ્રદીપસિંહ જાડેજાનો ફોટો હતો. કલેક્ટરે ગંભીરતાથી નોંધ લઈને અસારવાની ચૂંટણીપંચની કચેરીને કોર્ટમાં અરજી કરવા આદેશ કર્યો હતો. ત્યાર બાદ ૩૦ ડિસેમ્બરે મેટ્રોપોલિટન કોર્ટે પ્રદીપસિંહ જાડેજા સામે ફરિયાદ દાખલ કરવા આદેશ કર્યો હતો.

## 'ચૂંટાઈને પક્ષપલટો કરે તેની પાસેથી ચૂંટણી ખર્ચ વસૂલો' હાઈકોર્ટમાં પીઆઈએલ

અમદાવાદ : પક્ષપલટુ ધારાસભ્યો અને તેના લીધે આવતી પેટા ચુંટણીના મુદ્દાને લઈને હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવેલી છે. અરજીમાં અરજદારની રજૂઆત છે કે જે ચુંટાયેલા ધારાસભ્યો જુલાઈ ૨૦૧૮ થી જૂન ૨૦૨૦ની વચ્ચે પક્ષ છોડીને ભાજપમાં જોડાયા છે અને તેમના લીધે ત્રીજી નવેમ્બરે રાજ્યમાં પેટા ચુંટણી યોજાઈ રહી છે. જેમાં, કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા અનેક ધારાસભ્યો ભાજપની ટિકિટ પર ચુંટણી લડી રહ્યા છે. આ ધારાસભ્યો પાસેથી ચુંટણી સંદર્ભનો ખર્ચ વસુલવા માટે ચુંટણી પંચ નિયમ અને જોગવાઈઓ બનાવે. ઉમેદવારો પાસેથી બાહેંધરી લેવામાં આવે કે તેઓ ચુંટાશે તો તેમની ટર્મ પૂર્ણ કરશે અને ટર્મ પૂર્ણ થયા પહેલા તેઓ પક્ષ છોડીને અન્ય કોઈ પક્ષમાં જોડાશે નહીં.

અરજદારની એ પણ રજૂઆત છે કે, આ પ્રકારના પક્ષપલટુ નેતાઓના લીધે ચુંટણી પંચે ખાલી પડેલી જગ્યાઓ પરથી સમયાંતરે પેટા ચુંટણીનુ આયોજન કરવું પડે છે. જેના લીધે ખર્ચનુ ભારણ વધે છે.

# અમદાવાદમાં લગ્નના ૧૦ મહિનામાં જ સાસુને પાઈપ મારી સળગાવી દીધી

અમદાવાદ : અમદાવાદમાં ગોતામાં આવેલા રોયલ્સ હોમમાં પુત્રવધુ નિકીતાએ સાસુ રેખા અગ્રવાલને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આરોપી પુત્રવધુ નિકિતાએ સાસુ રેખાબેન અગ્રવાલને લોખડના રોડથી હત્યા કરીને લાશને સળગાવી દેવાની કોશિશ કરી હતી. જેમાં તેના હાથ પણ દાઝ્યા હતા.

મૂળ રાજસ્થાનનો અગ્રવાલ પરિવારમાં ૬ મહિના પહેલા જ રોયલ હોમ્સમાં રહેવા આવ્યો હતો. મારબલનો વેપાર કરતા દિપક અગ્રવાલ પત્ની નિકિતા તેમજ માતા રેખાબેન અને પિતા રામનિવાસ સાથે રહે છે. ૧૦ મહિના પહેલા જ નિકિતા અને દિપકના લગ્ન થયા હતા. લગ્ન બાદ સાસુ રેખા બેન પુત્રવધૂ નિકીતાને ઘરની બહાર નીકળવા દેતા ન હતા. એટલે કે ૧૦ મહિનાથી પુત્રવધૂ ઘરમાં કેદ હતી. જેથી બન્ને વચ્ચે અવારનવાર તકરાર થતી હતી.. જેથી કંટાળી સાસુની કેદમાંથી છુટવા માટે હત્યા કરી હોવાનું નિકિતાએ પોલીસ તપાસમાં જણાવ્યું છે. મહત્વનું છે કે નિકિતાએ તેના પતિને સાસુએ રૂમમાં પુરી દીધી હોવાનું કહીને ડ્રામા કર્યો હતો.

### પુત્રવધુના સસરા સાથે આડાસંબંધનો કકળાટ હતો

મંગળવારે રાત્રે સાસુએ તારા ગર્ભમાં સસરાનું સંતાન છે તેવો આક્ષેપ કરતા ઝઘડો થયા બાદ પુત્રવધૂએ સાસુના માથામાં લોખંડના સળિયાથી પ્રહાર કરીને હત્યા કરી નાખી હતી. હત્યા બાદ તે બેડરૂમમાં પુરાઈ ગઈ હતી. પતિને ખબર પડતા દરવાજો પણ ખોલ્યો નહીં અને રસોડાની બારીથી પ્રવેશ કર્યો ત્યારે માની લાશ જોઈ ભાંગી પડયો હતો.

## ડીસા તાલુકા સંઘનું કરોડો રૂપિયાનું કૌભાંડ સામે આવ્યું

ડીસાઃ ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લીમીટેડમાં પૂર્વ ચેરમેન દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયાનો પર્દાફાશ થયો છે. તપાસ દરમિયાન પૂર્વ ચેરમેન દ્વારા રૂપિયા ૪.૬૦ કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનુ બહાર આવતા ચેરમેને કૌભાંડ કરનાર કોઈ પણ વ્યક્તિને છોડવામાં નહીં આવે તેમ જણાવ્યું હતું. પૂર્વ ચેરમેન દશરથભાઈ દેસાઈ દ્વારા ખોટી મંડળીઓ ઉભી કરી ૪.૬૦ કરોડ કૌભાંડ કરવામાં આવ્યું હોવાની જાણ થતાં સરકાર દ્વારા સમગ્ર બોર્ડને રદ કરી નવી વ્યવસ્થાપક કમિટીની રચના કરાઈ છે. બાદમાં તેના અધ્યક્ષ તરીકેનો ચાર્જ ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયાને આપ્યો હતો અને આ અંગે રજિસ્ટ્રાર દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા પૂર્વ ચેરમેન અને તેમના દ્વારા ખોટી મંડળીઓ ઉભી કરી મંડળીઓ ન હોવા છતાં પણ ખાતર બિયારણ આપવામાં આવ્યું હતું તેમજ બાકી આપવાની જોગવાઈ ન હોવા છતાં પણ ખાતર અને બિયારણ બાકી આપી કુલ રૂપિયા ૪.૬૦ કરોડનું ગેરરીતિ કરી હોવાનું બહાર આવ્યું છે.

## ગુજરાતમાં રીંછને બચાવવા ટૂરિઝમ કોરિડોર આકાર પામશે

ગાંધીનગરઃ ભારતમાં લુપ્ત થઈ રહેલા રીંછને બચાવવા, જનજાગ્રતિ આણવા ગુજરાતમાં ટૂરિઝન કોરિડોરને આકાર આપવા સરકાર આગળ વધી રહી છે. ગુજરાત સરકારે રીંછ સંવર્ધન- સંરક્ષણ અને એ દિશામાં પ્રવાસન વધારવાના પ્રયાસો શરૂ કર્યા છે. બનાસકાંઠામાં જૈસોર અભયારણ્યમાં સૌથી વધુ રીંછની સંખ્યા છે. જેને કોરિડોરમાં રૂપાંતર કરીને દાહોદ- પંચમહાલના રતનમહાલ સાથે સાંકળી સંરક્ષણ-સંવર્ધનની યોજના ઉપર રાજ્ય સરકાર આગળ વધી રહી છે. જ્યારે નર્મદા પાસેના વનક્ષેત્રમાં રીંછ આધારિત પ્રવાસનવૃત્તિની શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે. જંગલમાં કીડી, મકોડા, ઊધઈ, મધ અને મીઠા ફળો પર નભતા રીંછ માસાહારી નથી. એમ છતાંયે કેટલાક સમયથી જાણકારીના અભાવે રીંછ અને માનવ વચ્ચે ઘર્ષણ વધી રહ્યું છે. ગુજરાતમાં જ્યાં રીંછની વસતી છે તેવા વિસ્તારોના નાગરિકોને અવગત કરવા મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં નિર્ણય લેવાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### પોપ્યુલર બિલ્ડરના વધુ એક કૌભાંડનો પદાર્ફાશ

પોપ્યુલર બિલ્ડર રમણ પટેલ અને દશરથ પટેલના એક પછી એક કૌભાંડ બહાર આવી રહ્યા છે. પહેલા પુત્રવધુની હત્યાની કોશિષમાં જેલ ભેગા થયા છે ત્યાર બાદ બોગસ મંડળી બનાવી ગરીબ ખેડૂતોની જમીન હડપી લેવાના કાંડની શાહી શુકાઇ નથી ત્યાં થલતેજમાં વૃધ્ધ વેપારીની ભાડે રાખેલી ઓફિસ પોપ્યુલર બિલ્ડરે પચાવી પાડી છે. ૧૧ મહિનાનો કરાર પૂર્ણ થયા બાદ વૃધ્ધને ધમકી આપી ૩ કરોડની પ્રોપર્ટી પડાવી લેવાનું કાવતરુ રચ્યું હોવાની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં બુધવારે બપોરે નોંધાઇ હતી.

### મહેસૂલી કેસની તપાસ હવેથી ઓનલાઇન

ગાંધીનગરઃ રાજયના મહેસૂલી વહીવટને કમ્પ્યુટરાઈઝડ, સલામત, સુરક્ષિત, સુદ્દઢ અને ઝડપી બનાવવાના પગલાંરૂપે હસ્તલિખિત મહેસૂલી રેકર્ડ જાન્યુઆરી-૨૦૦૪થી ઓનલાઈન કરવામાં આવેલ છે. રાજયની તમામ જમીનોના ૮ કરોડ જેટલા હસ્તલિખિત ૭/૧૨ અને હસ્તલિખિત નોંધોને સ્કેન કરીને ઓનલાઇન ઉપલબ્ધ કરાવ્યાં છે એવું રાજ્યના મહેસૂલ પ્રધાન કૌશિકભાઇ પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતુ કે, મહેસૂલી કોર્ટ કેસ, હક્કપત્રકની નોંધો અને વિવિધ પરવાનગીની અરજી તથા પ્રક્રિયા ઓનલાઇન કરવામાં ગુજરાત રાજય ભારતભરમાં મોખરે છે. હવેથી તમામ મહેસૂલી પરવાનગી, હક્કપત્રકની નોંધો અને મહેસૂલી કેસની તપાસ ઓનલાઇન મોડ્યુલમાં કરવામાં આવશે.

### ગાંધીનગર અક્ષરધામ ભક્તો માટે ખૂલ્લું મુકાયું

ગાંધીનગર અક્ષરધામ મંદિર ૨૫ ઓક્ટોબરે (રવિવારે) ખોલવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગાંધીનગરના અક્ષરધામ મંદિરમાં સાંજે ૫થી ૭:૩૦ સુધી જ દર્શન કરી શકાશે. તેમજ સાંજે ૭.૧૫ વાગ્યે યોજાતો વોટર શો દર્શનાર્થીઓ નિહાળી શકશે. મંદિરમાં અભિષેક અને તમામ પ્રદર્શની બંધ રહેશે. આ સિવાય રાજ્ય સરકારની કોરોના ગાઈડલાઈનનો ચુસ્ત અમલ કરાશે. ગાંધીનગરના અક્ષરધામ મંદિર આશરે ૭ મહિનાના સમયગાળા બાદ ભક્તો માટે ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અક્ષરધામ મંદિરમાં ભક્તોને થર્મલ ગન વડે ટેમ્પરેચર ચેક કરી હેન્ડ સેનેટાઈઝ કર્યા બાદ માસ્ક સાથે જ લોકોને પ્રવેશ આપવામાં આવશે.

### પાટીદાર સમાજની પહેલ, લગ્ન માત્ર ૧ રૂપિયામાં

કોરોના મહામારી વચ્ચે અનેક લોકો આર્થિક ભીંસમાં મૂકાયાં છે, ત્યારે આવા પરિવારો માટે વિસનગરના સાતસો કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. માત્ર એક રૂપિયાથી રજીસ્ટ્રેશન કરાવી પોતાના સંતાનોના ધુમધામથી લગ્ન કરાવી શકાય તેવી યોજના આ સમાજ દ્વારા શરૂ કરાઈ છે. જેમાં નવદંપતીને ૨૦ જેટલી ભેટ સોંગાધો પણ આપવામાં આવતી હોવાનું સમાજના અગ્રણી રાજુભાઈ પટેલે જણાવ્યું હતુ. વિસનગર ખાતે સાતસો વિવેકાનંદ ટ્રસ્ટ અને સાતસો પીપલ્સ ક્રેડીટ સોસાયટીના સહયોગથી ફક્ત ૧ રૂપિયામાં લગ્ન કરાવી આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરીવારોના દિકરા દિકરીઓના પ્રથમ લગ્ન યોજાયા હતા. પ્રથમ દિવસે શાહપુર વડનગરની દિશા પટેલે અનંદપુરાના અક્ષય પટેલ સાથે પ્રભુતામાં પગલા પાડયા હતા.

### નવરાત્રિમાં અંબાજી મંદિરને ૧.૩૪ કરોડની આવક

અમદાવાદઃ અંબાજી ખાતે શારદિય નવરાત્રિની ઉલ્લાસ-ભક્તિભર્યા માહોલમાં ઉજવણી થઇ હતી. ગાઇડલાઇન્સ પ્રમાણે ભક્તો માટે દર્શનની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. નવરાત્રિ પ્રસંગે ૨.૫૦ લાખથી વધુ માઇભક્તોએ માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. વ્યસનમુક્તિ અભિયાનમાં ૧૦૪૩ યાત્રિકોએ વ્યસનમુક્ત થવા માતાજીના ચરણોમાં સંકલ્પ લીધો હતો. સોશિયલ મીડિયાના મારફતે વિશ્વના ૧૪ દેશોમાં વસતા ૨૯.૫૦ લાખથી વધુ ભક્તોએ માતાજીના ઓનલાઇન દર્શન કર્યા હતા. આ પ્રસંગે અંબાજી ટ્રસ્ટને રૂ. ૧,૩૪,૧૫૮૨૫ની આવક ભેટસ્વરૂપે થઇ છે. નવરાત્રિમાં માઇભક્તો દ્વારા અંબાજી ટ્રસ્ટને ૧૧૨૬.૯૯૦ ગ્રામ સોનાની-૧૨૮૪.૮૧૦ ગ્રામ ચાંદીનું પ્રાપ્ત થયું છે.

### સાહિત્ય પરિષદની ચૂંટણીમાં પ્રકાશ શાહનો વિજય

અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટણીમાં ત્રણ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ છેડાયો હતો. જેમાં પ્રકાશ શાહ ૫૬૨ મત મેળવી પ્રમુખપદ પર વિજેતા જાહેર થયા છે. હરીફ ઉમેદવારોમાં હર્ષદ ત્રિવેદીને ૫૩૩ તથા હરિકૃષ્ણ પાઠકને ૧૯૭ મત મળ્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીના ઇતિહાસમાં આ વર્ષે પહેલી વાર ત્રિપાંખિયો જંગ જામ્યો હતો, જેમાં ભારે રસાકસીના અંતે પ્રકાશ ન. શાહ વિજયી બન્યા હતા. કુલ માન્ય મતો ૧૨૯૨માંથી પ્રકાશ ન. શાહને ૫૬૨ મત સાથે વિજય પ્રાપ્ત થયો. હર્ષદ ત્રિવેદીએ ૫૩૩ મતો સાથે ભારે ટક્કર આપી, પરંતુ છેલ્લે ૨૯ મતનું છેટું રહી ગયું અને પરાજય થયો હતો. મજબૂત ઉમેદવાર મનાતા હરિકૃષ્ણ પાઠકને માત્ર ૧૯૭ મતો પ્રાપ્ત થયા હતા.

### સી- પ્લેન સર્વિસનું ટાઈમ ટેબલ જાહેર

સાબરમતી રિવરફ્રન્ટ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતી સી- પ્લેન સર્વિસનું દૈનિક ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સાબરમતી રિવરફ્રન્ટથી પહેલુ ટેકઓફ સવારે ૮ વાગે કરશે અને કેવડિયામાં છેલ્લુ લેન્ડીંગ સાજે ૪ વાગેને ૨૦ મિનિટે કરશે. દરેક ફેરા વચ્ચે સવા બેથી અઢી કલાકનું અંતર રાખવામાં આવશે. સવારે આઠ વાગે પ્રથમ ટેકઓફ થયા બાદ બીજા ફેરામાં બે કલાકને ૧૫ મિનિટનું અંતર રહેશે. ત્યાર બાદના ત્રીજા ફેરામાં ૨ કલાકને ૩૦ મિનિટનું અંતર અને ચોથા છેલ્લા ફેરામાં ૨ કલાકને ૨૦ મિનિટનું અંતર જાળવવામાં આવશે. સાબરમતી રિવરફ્રન્ટથી સી-પ્લેનનું ટેકઓફ થયાના સવા કલાક બાદ એટલે કે, સવારે ૯ વાગેને ૧૫ મિનિટે કેવડિયાથી સી-પ્લેનનું ટેકઓફ થશે. કેવડિયામાં પ્રથમ લેન્ડિંગ સવારે ૮ વાગેને ૪૫ મિનિટે થશે.

# PANCHVATI SUPERMARKET

www.panchvatisupermarket.ca

સર્વે ભાઈ અને બહેનોને શરદ પૂર્ણિમાની હાર્દિક શુભકામનાઓ

## DIWALI SALE STARTS NOW

6th Location

## OPENING SOON

1255 Markham Road Scarborough M1H 2Z5

દિવાળી નિમિત્તે દીવા અને પૂજા સામગ્રી મળશે



Design by Gujarat Abroad

Now Hiring
Cook,
Cashier,
General help
Send your Resume at :
PVSTUXEDO@GMAIL.COM

| MISSISSAUGA | BRAMPTON | SCARBOROUGH | ETOBICOKE | AJAX |
|---|---|---|---|---|
| 169 Dundas St. E, Unit# 1 to 4, Mississauga, ON L5A 1W8 | 8814 The Gore Road, Unit 4-8, Brampton, ON L6P 0B1 | 2141 Ellesmere Road, Behind Scotia Bank Scarborough, ON M1G 3M6 | 3-45 Woodbine Downs Blvd, Etobicoke, ON M9W 6N5 | 18, Harwood Ave. South, Ajax, ON L1S 6N2 |
| Call : 905-232-3955 | Call : 905-794-5372 | Call : 416-439-9393 | Call : 416-213-9394 | Call : 905 426 2499 |

# બેચરાજીમાં બહુચરાજી માતાજીને રૂપિયા ૩૦૦ કરોડનો નવલખો હાર પહેરવાયો

બેચરાજી : સુપ્રસિદ્ધ શક્તિપીઠ એવા મહેસાણાના બેચરાજી સ્થિત બહુચરાજી મંદિરે માતાજીને આજે અમૂલ્ય એવો નવલખો હાર પહેરાવવામાં આવ્યો હતો. આમ તો દર વર્ષે આજે માતાજીને હાર પહેરાવીને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ગાર્ડ ઓફ ઓનર આપીને મુખ્ય મંદિરથી સમી વૃક્ષ સુધી પાલખી યાત્રા નીકળતી હોય છે. પરંતુ ઈતિહાસમાં પહેલીવાર આ પરંપરા આજે તૂટી છે. પાલખી યાત્રા રદ કરીને માત્ર માતાજીની ગાદીએ માતાજીને નવલખો હાર થોડી વાર માટે પહેરાવીને પરંપરા સાચવવામાં આવી હતી.

આ હાર વર્ષમાં માત્ર બે વાર જ દશેરા અને બેસતા વર્ષે માતાજીને પહેરાવાય છે. આ હારની અંદાજિત કિંમત ૩૦૦ કરોડથી વધુની આંકવામાં આવી રહી છે. નવલખા હારનો ઈતિહાસ જોઈએ તો, ત્રણસો વર્ષ પૂર્વે માનાજીરાવ ગાયકવાડે પાઠાનો રોગ મટી જતાં માતાજીને નવલખો હાર ભેટ આપ્યો હતો. આ હારનું તે વખતે મૂલ્ય નવ લાખ રૂપિયા હતુ. આ કારણોસર તે હારને નવલખો હાર નામ અપાયુ હતુ. પણ સમય જતાં આ હારનું મૂલ્ય વધતુ ચાલ્યુ અને આજે તેની બજાર કિંમત રૂપિયા ૩૦૦ કરોડને આંબી ગઈ છે.



# ડાકોર મંદિરને અમદાવાદના ભક્ત દ્વારા ૧,૧૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન

ડાકોર : યાત્રાધામ ડાકોરમાં અમદાવાદના શ્રધ્ધાળુ કુટુંબ દ્વારા રણછોડરાય શ્રીના ચરણોમાં ૧,૧૧,૧૧,૧૧૧ની રોકડ રકમનું દાન અર્પણ કર્યુ છે. અમદાવાદના ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ સુજલ રાજુભાઈ પટેલ દ્વારા તેમના પિતા સ્વ.રાજુભાઈ સોમાભાઈ પટેલની યાદમાં આ માતબર રકમનો ચેક મંદિરમાં શ્રીરણછોડરાય પ્રભુના ચરણોમાં અર્પણ કર્યો હતો.

ડાકોરમાં દશેરાનો ખૂબ મોટો મહિમા છે. વિજયાદશમી નિમિત્તે યાત્રાધામ ડાકોરમાં શ્રી રણછોડરાય મંદિરમાં પરંપરા મુજબ વિધિવત શસ્ત્ર પૂજા કરવામાં આવી હતી. આજે વિજયાદશમીના દિને દશેરા મહોત્સવની તમામ પરંપરાની ઉજવણી ડાકોર રણછોડરાય પરિસરમાં કરવામાં આવી હતી. કોરાના મહામારી કાળને લઈ તમામ વિધિ બંધબારણે કરવામાં આવી હતી. આ પ્રસંગે રણછોડરાયજી મંદિરના ટ્રસ્ટી અગ્રણી સેવક આગેવાન તેમજ તાજેતરમાં જ અમૂલ ડેરીમાં બિનહરીફ ચેરમેન નિમાયેલ રામસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આજે દશેરાને વિજયાદશમીના રોજ ભગવાન રણછોડરાયજીને સવારે કેસર સ્નાન કરાવી શ્રી રામચંદ્ર પ્રભુના સ્વરૂપનો શૃંગાર અંગીકાર કરાવવામાં આવ્યો હતો.

# દાહોદમાં રિક્ષા તળાવમાં ખાબકતાં 3 બાળકનાં મોત, પ્રસૂતાનો બચાવ

દાહોદ : દાહોદમાં એક અરેરાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે. પ્રસૂતિ બાદ ઘરે પરત ફરતી મહિલાઓની રીક્ષા તળાવમાં ખાબકી હતી. રીક્ષામાં સવાર ૩ મહિલાઓનો આબાદ બચાવ થયો છે. પણ તેઓની સાથે સફર કરી રહેલાં ૩ માસૂમ બાળકોનાં કરૂણ મોત નિપજ્યા છે. જેમાં એક તો તાજુ જન્મેલુ બાળક હતું, જે હોસ્પિટલમાંથી માતા સાથે ઘરે જઈ રહ્યું હતું. આ દર્દનાક અકસ્માતમાં ૩ બાળકોનાં મોત નિપજતાં પરિવાર પર આભ ફાટી નીકળ્યું હતું. તો સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, ચોસાલા ગામની ૨૫ વર્ષીય મહિલાને પ્રસવ પરીડા ઉપડતાં તે ગામની બે મહિલાઓ તેમજ બે બાળકો સાથે નજીકના પીએચસી સેન્ટર પર પ્રસૂતિ કરાવવા માટે ગઈ હતી. જ્યાં તેણે તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો હતો. જે બાદ આજે રીક્ષા મારફતે ત્રણેય મહિલાઓ નવજાત અને અન્ય બે નાનાં બાળકો સાથે ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે નાનીડોકી ગામે ૩૦ ફૂટ ઊંડા તળાવમાં રીક્ષા ખાબકી હતી. જેમાં નવજાત બાળક સહિત બે બાળકોનાં મોત નિપજ્યા હતા.

# નડિયાદમાં તબીબને હનીટ્રેપમાં ફસાવી નાણા પડાવી લેનાર ત્રણ મહિલા સહિત છ પકડાયા

આણંદ : નડિયાદ ખાતે રહેતા ધીરેનકુમાર શાહ સીવીલ હોસ્પિટલમાં ફરજ બજાવે છે. આશરે દશેક વર્ષ પહેલા નડિયાદની સીવીલ હોસ્પિટલમાં એક દર્દીનું સારણગાંઠનું ઓપરેશન કરી સારવાર બાદ દર્દીને સારું થતાં તેઓ દર્દીના પત્ની પ્રફુલાબેન દરજીના સંપર્કમાં આવ્યા હતા. એકાદ માસ પૂર્વે પ્રફુલાબેને પેટલાદ તરફના એક દર્દીને બતાવવાનું કહેતા ગત તા. ૨૯-૯-૨૦૨૦ના રોજ ધીરેનકુમાર શાહ પેટલાદ ખાતેની સીવીલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં કામકાજ અર્થે આવનાર હોઈ પેટલાદ સીવીલમાં દર્દીને લઈ આવવા પ્રફુલાબેનને જણાવ્યું હતું. બાદમાં તા. ૨૯ના રોજ તબીબ પેટલાદ સીવીલ હોસ્પિટલ ખાતે આવતા પ્રફુલાબેને દર્દી પથારીવશ હોવાથી ધીરેનકુમારને દર્દીના ઘરે આવવાનું જણાવતા તબીબે સંમતિ દર્શાવી હતી. બાદમાં આશી ગામ પછી તેઓ એક ઘરે પહોંચ્યા હતા. જ્યાં ઘરમાં હાજર હેતલબેને દરવાજો અંદરથી બંધ કરી અચાનક કપડા કાઢી નાખ્યા હતા. ત્યારબાદ હેતલબેને બૂમ પાડતા પાછળના દરવાજેથી ત્રણ શખ્સો અંદર આવ્યા હતા અને પોતે પોલીસ હોવાની ઓળખ આપી બળાત્કારના ગુનામાં જેલભેગા કરી દઈશું તેવી ધાકધમકી આપી બળજબરીથી તબીબના કપડા કઢાવી ફોટા તેમજ વિડીયો ઉતારી લીધા હતા. અને તબીબ પાસે રૂા. પાંચ લાખની માંગણી કરી હતી. જે અંગે ધીરેનકુમાર શાહે પેટલાદ શહેર પોલીસ મથકમાં ફરીયાદ કરતાં હની ટ્રેપ કરનાર ટોળકીના પ્રફુલાબેન પ્રકાશભાઈ દરજી, સકુ પ્રવિણભાઈ ચાવડા, અફરોજબાનુ રાશીદ ખલીલઆગા સૈયદ, ધીરેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ સોલંકી, ગીરીશભાઈ ચૌહાણ, ઈશ્વરભાઈ પટેલને ઝડપી પાડ્યા છે.

# ગુમાનદેવ મંદિરે અકસ્માતના બહાને જૂની અદાવતમાં હુમલો કરાતાં પંથકમાં ચકચાર

- મહંત ઉપર હુમલાની ઘટનામાં આઠ ઈસમો સહિત ટોળા સામે ફરિયાદ
- હુમલાખોરો મહંતની સોનાની ચેઈન, રોકડા ૪.૫૦ લાખ લૂંટી ગયા હતા

ઝઘડિયા : સુપ્રસિધ્ધ ગુમાનદેવ મંદિરના મહંત પર અકસ્માતના બહાને થયેલા હુમલા બાદ મહંત મનમોહન દાસ દ્વારા ગત મોડી સાંજના સમયે આઠ જેટલા હુમલાખોરના નામ સાથે ૫૦ થી ૬૦ ના પુરૂષ ટોળા તેમજ ૨૫ થી ૩૦ ના સ્ત્રી ટોળા વિરૂધ્ધ ઝઘડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. મંદિરનો દરવાજો તોડી હુમલાખોર ટોળાએ મહંતના ગળામાં પહેરેલી બે તોલાની સોનાની ચેઈન, રોકડ તેમજ હનુમાનજી ની મૂર્તિને પહેરવાની ચાંદીની પાટ મળી કુલ ૫.૮૦ લાખની લૂંટની મહંત દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મંદિરના મહંત મનમોહન દાસ ઉપર જૂની અદાવતની રીસ રાખી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ઘાયલ થયેલા મનમોહન દાસને સારવાર માટે અંકલેશ્વરની ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તો મોડી સાંજના સમયે મનમોહન દાસ દ્વારા હુમલાખોરો વિરૂધ્ધ લૂંટધાટની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મહંત મનમોહન દાસ દ્વારા અરૂણ ઠાકોરભાઈ પટેલ, યોગેશ કેશવભાઈ પટેલ, મિલન રમેશભાઈ પટેલ, જીતુ ઠાકોરભાઈ પટેલ, ઈશ્વર ભવાનભાઈ પટેલ, કલ્પેશ નારણભાઈ પટેલ, હિતેશ નારણભાઈ પટેલ તથા દિપક ભીખાભાઈ પટેલ તમામ રહે. ઉંચેડિયા તથા ૫૦ થી ૬૦ ના પુરૂષ ટોળા તેમજ ૨૫ થી ૩૦ સ્ત્રીના ટોળા વિરૂધ્ધ ઝઘડિયા પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી છે.

# બનાસ ડેરી વરાળમાંથી ઉત્પન્ન કરશે ૧૨૦ લીટર પીવાનું પાણી

- બનાસ ડેરીએ સોલાર પ્લેટની મદદથી નવી પધ્ધતિ વિકસાવી, હવામાંથી પાણી બનશે

પાલનપુર : શું તમે કોઈએ સાંભળ્યું છે કે હવે હવામાંથી પાણી પણ બનશે. કદાચ અત્યાર સુધી નહીં સાંભળ્યું હોય પરંતુ આવનાર સમયમાં જે રીતે હવામાંથી વીજળી ઉત્પન્ન થાય છે તેવી જ રીતે કદાચ લોકો હવામાંથી પાણી પીતા હોય તો નવાઈ નહિ લગાડતા. એશિયાની સૌથી મોટી બનાસ ડેરી હવામાંતી પાણી બનાવવાની પદ્ધતિ પછી રિસર્ચ કરવામાં આવી રહ્યું છે અને આમાં કેટલાક અંશે સફળતા પણ મળી છે. બનાસ ડેરી દ્વારા ભવિષ્યમાં પાણીની સમસ્યાને પહોંચી વળવા બનાસકાંઠાના સરહદી રણ વિસ્તારમાં સોલાર પ્લાન્ટના ઉપયોગથી એક પધ્ધતિ વિકસાવી છે. જેના દ્વારા હવાની વરાળમાંથી ટેકનોલોજીની મદદથી દિવસનું ૧૨૦ લીટર જેટલું પીવાનું શુધ્ધ પાણી બનાવવામાં આવી રહ્યું છે. જે રણ વિસ્તારમાં વસતા લોકો અને દેશના જવાનો માટે ખુબ ઉપયોગી બની રહેશે. જો આ પ્રયોગ સફળ થશે તો આવનાર સમયમાં પાણીની સમસ્યામાંથી છુટકારો મળી શકશે. આ અંગે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસ ડેરી હંમેશા કંઈક નવું કરવા માટે તૈયાર રહે છે.

# વડોદરાના દુમાડ ખાતે ફાયરિંગના ચકચારી પ્રકરણમાં પાંચ શખ્સ પકડાયા

વડોદરા : દુમાડ બ્રિજ પાસે છકડો લઈ ભરવાડ યુવકો ઉભા હતા ત્યારે એક શ્રમજીવી મહિલા દોડતી આવી હતી અને તેણે તેના પતિને માર મારીને જબરદસ્તી લઈ જવાતા હોવાનું કહી મદદ માંગતા વજુ જોગરાણા અને અન્ય સાગરીતો મદદ માટે ગયા હતા.આ દરમિયાન કાર અને બાઈક પર કેટલાક લોકો આવ્યા હતા અને તે પૈકીના એક જણાએ પાંચ થી છ રાઉન્ડ ફાયરિંગ કરતાં બે જણાને ઈજા થઈ હતી.સામે પક્ષે ફાયરિંગ કરનાર ઐયુબઅલી અને તેના ત્રણ પરિવારજન પર હુમલો થયો હતો. આ બનાવમાં સમા પોલીસે ફાયરિંગ કરનાર ઐયુબઅલી કિફાયતઅલી પઠાણ, તેના પુત્ર અજમલઅલી અને અલ્તાફઅલી અને ભાણીયા ગુફરાનખાન મુસ્તાકખાન પઠાણની ધરપકડ કરી છે.જ્યારે,કમરાન મુસ્તાકખાન પઠાણ ની અટકાયત કરાઈ છે.

# વડોદરા : કેનાલમાં દીકરીને ડૂબતી જોઈ માતાએ પણ ઝંપલાવી દીધું, બંનેના મોત

વડોદરા - શહેરના પંચવટી થી અંકોડીયા જતી કેનાલમાં રવિવારે સવારે કપડાં ધોવા ગયેલી માતા પુત્રી કેનાલમાં ડૂબી જતા લાપતા થયા હતા. પાંચ વર્ષની પુત્રીનો પગ લપસી જતા તે કેનાલમા તણાવવા લાગતા માતા તેને બચાવવા પડતા બન્ને તણાઈ ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ માતા પુત્રીની શોધખોળ માટે ભારે કવાયત કરવા છતા તેમનો પત્તો લાગ્યો ના હતા. મુળ દાહોદમાં રહેતા નરેશભાઈ વાગુલ પરિવાર સાથે અત્રે મજુરી અર્થે આવ્યા હતા. લક્ષ્મીપુરા થી અંકોડીયા જતી કેનાલ પાસેના ફાર્મ હાઉસ નજીક નરેશભાઈ પત્ની શિલ્પા (ઉ.વ.૨૫) અને ઉર્વશી (ઉ.વ.૫) સાથે રહેતા હતા. આજે સવારે શિલ્પા પુત્રીને લઈને અંકોડીયા કેનાલ ઉપર કપડાં ધોવા ગઈ હતી. ત્યારે અચાનક ઉર્વશીનો પગ લપસી જતા તે કેનાલમાં પડી ને તણાવવા લાગી હતી. પુત્રીને પાણીમાં તણાતી જોઈને માતા શિલ્પાએ પણ તેને બચાવવા માટે કેનાલમાં કુદી પડી હતી. જોકે માતા પુત્રી બન્ને તણાવવા લાગ્યા હતા. કેનાલમાં તણાતા માતા-પુત્રીને શોધવા માટે તેમને સવારે ૧૦ કલાકથી કામગીરી હાથ ધરી હતી. સાંજે ૭ કલાકે માતા પુત્રીને શોધવાની કામગીરી ફાયર બ્રિગેડે બંધ કરી હતી. ૯ કલાકની ભારે શોધખોળ છતા કેનાલમાંથી માતા-પુત્રીનો પત્તો લાગ્યો ના હતો.

# અરવલ્લીમાં સાસુ-વહુના ઝઘડાથી ત્રસ્ત પુત્ર દ્વારા ઘા ઝીંકી માતાની હત્યા

ભીલોડા: અરવલ્લી જીલ્લામાં સાસુ વહુના ઝગડામાં પુત્રએ પત્નીનો પક્ષ લઈ જનેતાને મોતને ઘાટ ઉતારતા ભારે ચકચાર મચી હતી. માલપુર તાલુકાના ભેમપોડા ગામે સાસુ-વહુના ઝગડાથી કંટાળી વહુએ તેના પતિની મદદથી વૃદ્ધ સાસુને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હત્યાનું પાપ છુપાવવા ગામ નજીક કૂવામાં નાખી દીધી હતી.

માલપુર તાલુકાના ભેમપોડા ગામે જમકુબેન શનાભાઈ ખાંટ તેમના પુત્ર સોમાભાઈ અને તેની પત્ની મીનાક્ષી બેન સાથે રહેતાં હતાં. પુત્રવધુ મીનાક્ષી સાથે વૃદ્ધાને કામકાજ અંગે ઝગડા થતા હોવાથી અને તેમના પુત્રના ઘરે પારણું ન બંધાતા વારંવાર પુત્રવધુ મીનાક્ષીબેનને મહેણાં ટોણા મારતા હોવાથી ગૃહકંકાસ વધી જતા ઝગડાથી કંટાળેલ પુત્ર સોમાભાઈ અને તેની પત્ની મીનાક્ષીએ જમકુબેનને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતાં.

# હાઈવેની જમીન સંપાદનનો એવોર્ડ રદ કરાવવા માટે ખેડૂત સમાજ લડત આપશે

**• પલસાણા તાલુકાના ગંગાધરા ખાતે ખેડૂત સમાજની મિટીંગ**

સુરત : પલસાણા તાલુકાના ગંગાધરા ખાતે ખેડૂત સમાજની મિટીંગ મળી હતી. જેમાં એક્સપ્રેસ હાઈવેમાં જમીન સંપાદન અંગેનો એવોર્ડ રદ કરાવવાનો નિર્ણય લઈ કાનુની લડત શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગંગાધરાના ચોરીતરીયા લેઉવા પાટીદાર સમાજ ભવનમાં ગુજરાત પ્રદેશ ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ (પાલ)ની આગેવાનીમાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવેના અસરગ્રસ્ત ખેડૂતો તેમજ ખેડૂત આગેવાનોની મિટીંગ મળી હતી. જેમાં ખેડૂતોએ જમીનના વળતર બાબતે અસંતોષ વ્યક્ત કરી લડત કરવા રજૂઆત કરી હતી તેમજ જમીન સંપાદનના વળતરના રૂપમાં બજાર કિંમતને સ્થાને જંત્રીના ચાર ઘણા વળતર સ્વીકારવાનો વિરોધ કરી ઈન્કાર કર્યો હતો. સુરત જિલ્લા ખેડૂત સમાજ પ્રમુખ પરિમલ પટેલે જણાવ્યું કે હવે કાયદાકીય કાર્યવાહીનો સમય થઈ ગયો છે. ખેડૂતોએ સંગઠિત થઈને વ્યૂહાત્મક રીતે લડાઈ લડવી પડશે. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ પ્રમુખ રમેશ પટેલે જણાવ્યું કે, કોઈ રાજકીય આગેવાન ખેડૂતોની પડખે ઉભો રહેનાર નથી. ખેડૂતોએ પોતાની લડાઈ પોતે જાતે જ લડવાની છે. જયેશ પટેલ (પાલ)એ જમીન સંપાદનની અટપટી પધ્ધતિ અંગે ખેડૂતોને સમજાવ્યું, કે પ્રથમ આ એવોર્ડ રદ કરાવવો પડશે. બાદમાં જમીનની બજાર કિંમત પ્રમાણે જંત્રી સાથે વળતર ચૂકવવાની માંગણી કરવી પડશે.

# ભરૂચમાં ઝઘડિયા પાસે અકસ્માત ૪ના મોત સાથે હાઈવે ચક્કાજામ

ભરૂચ : ભરૂચ પાસે બુધવારે સાંજે સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મૃત્યુ થવાની પુષ્ટિ થઈ હતી. ઘટનાના પગલે ગ્રામજનોએ આખા રોડ પર ચક્કાજામ કરી દીધો હતો જેથી રોડ પર લાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

બે દિવસ પહેલા જ ગુજરાતમાં થતા અકસ્માતના આંકડાઓ સામે આવ્યા હતા. જેમા એવું કહેવામાં આવ્યું હતું કે, આ વર્ષે અકસ્માતોની ઘટનાઓ ઘટી છે પરંતુ હિટ એન્ડ રનની ઘટનાઓ ઘટી રહી નથી. ભરૂચમાં ટ્રકની અડફેટે ૪ લોકોના મોત થયા છે. ઝઘડિયાના ગુમાનદેવ પાસે આ અકસ્માત હતો. અકસ્માત બાદ ગ્રામજનોએ આખા રસ્તામાં ચક્કાજામ કરી દીધો હતો. જોકે, પોલીસની સમજાવટ બાદ ગ્રામજનો માની ગયા હતા અને રસ્તો ખાલી કરી દીધો હતો. અકસ્માત બાદ ગ્રામજનોએ સીસીટીવી બંધ હોવાનું કહેતા મહંતને માર પણ માર્યો હતો. આ દરમિયાન ટોળાને વીખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ પણ કર્યો હતો.

ભરૂચના ઝઘડિયાના ગુમાનદેવ નજીક હિટ એન્ડ રનનો મામલો બન્યો હતો. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા અને એક મહિલાને ખુબ જ ઈજાઓ પહોંચી હતી. જેના તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પરંતુ આ મહિલાએ હોસ્પિટલમાં જ દમ તોડી દીધો હતો. જેથી કુલ મૃત્યુ આંક ૪ પર પહોંચ્યો હતો.

## હજીરા ઘોઘા રો-રો ફેરી સેવા ડિસેમ્બરના અંત સુધીમાં શરૂ થશે

ભાવનગર : ભાવનગરના ઘોઘા અને સુરતના હજીરા વચ્ચે રોપેક્ષ સેવા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. હજીરા-ઘોઘા રો-રો ફેરી સેવા ડિસેમ્બરના અંત સુધીમાં શરૂ થશે. હાલ રોડ દ્વારા જતાં થોડી લાંબી મુસાફરી કરવી પડે છે. ત્યારે આ સેવા શરૂ થતાં પરિવાહનના સમયમાં ઘટાડો થશે. સૌરાષ્ટ્રવાસીઓ માટે ફરી એક વખત રોપેક્ષ સેવાને લઈને મહત્વના સમાચાર સામે આવી રહ્યાં છે. સુરત ખાતે હિરા ઉદ્યોગ અને ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે ઘણા સૌરાષ્ટ્રના વેપારીઓ જોડાયાં છે. ઘોઘા-હજીરા વચ્ચેની રોપેક્ષ સેવાને લઈને પેસેન્જર, વાહનોના દર કંપનીએ નક્કી કરી દીધા છે. રોપેક્ષ સેવાથી ઘોઘાથી હજીરા ૪ કલાકમાં પહોંચી જવાશે.

# ૧૪ ગામના આદિવાસીઓ ઘરમાં જ ક્વૉરન્ટાઈન થઈ મોદીનો વિરોધ કરશે

**• ૧૪ ગામના સરપંચોએ ઠરાવ કર્યો કે ૩૦-૩૧મીએ બજારો બંધ રહેશે**

કેવડિયા : ૩૦-૩૧મીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાનારાં રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે પણ કેવડિયાના આસપાસના ૧૪ ગામના આદિવાસીઓએ પોલીસના ડરથી ઘરમાં જ કવોરન્ટાઈન થઈને વડાપ્રધાનના કાર્યક્રમનો અનોખી રીતે વિરોધ કરવા નક્કી કર્યુ છે જેના કારણે પોલીસ- સ્થાનિક તંત્રની ઉંઘ હરામ થઈ છે. જો બંધનુ એલાન આપે તો પોલીસ ધરપકડ કરી કાર્યવાહી કરે જેના પગલે આદિવાસીઓએ કોરોનાનું બહાનુ ધરી વિરોધ કરવા રણનીતિ ઘડી કાઢી છે. ૩૦મીએ નરેન્દ્ર મોદી કેવડિયા કોલોની આવી પહોંચશે. વડાપ્રધાનની આ મુલાકાતને લઈને આદિવાસીઓ વિરોધ નોંધાવ્યો છે. જમીન સહિત અન્ય માંગોને લઈને આદિવાસીઓ સરકાર સામે લડત લડી રહ્યાં છે. જોકે, કેવડિયા બચાવો આંદોલન સમિતીએ ૩૦-૩૧મીએ કેવડિયા બંધનુ એલાન આપતાં પોલીસ દોડતી થઈ હતી. એટલું જ નહીં, આંદોલન સમિતીના મુખ્ય આંદોલનકારીઓ પર પોલીસે વોચ રાખી છે.બંધ સફળ ન થાય તે માટે પોલીસ સક્રિય થઈ છે. આ તરફ, આ જ સમિતીના આગેવાનોએ બંધનુ એલાન યથાવત રહે તે માટે નવો રસ્તો શોધી કાઢ્યો છે. આજે કેવડિયા બચાવો આંદોલન સમિતીએ નર્મદા કલેક્ટરને આવેદનપત્ર આપીને એવી રજૂઆત કરી છેકે, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે એકતા દિનની ઉજવણી થવાની છે ત્યારે સ્થાનિકોને ન્યાય મળવો જોઈએ.

# માંડવી વીસડાલિયાની બેકરીના બિસ્કિટ હવે કેનેડામાં વખણાશે



સુરત : સુરતના વીસડાલિયા ક્લસ્ટર દ્વારા ચાલતી મહિલા બેકરીની ઓળખ દેશમાં જ નહીં વિદેશમાં પણ પ્રસરાઈ છે. આદિવાસી બહેનો દ્વારા બનાવેલા બિસ્કિટ હવે સુરત બાદ કેનેડામાં પણ પ્રખ્યાત થવા જઈ રહ્યા છે. વિસડાલિયા ખાતે વન વિભાગના સૌજન્યથી મહિલાઓ એક બેકરી ચલાવે છે. આ બેકરીમાં અલગ અલગ પ્રકારના બિસ્કિટો બનાવવામાં આવે છે, આ બિસ્કિટનો કેનેડાથી ઓર્ડર મળતાં બેકરીમાં કામ કરતી મહિલાઓમાં ખુશી વ્યાપી ગઈ હતી. હવે માંડવીના વીસડાલિયા ખાતેના મહિલા બેકરીના બિસ્કિટ કેનેડામાં વખણાશે. સુરત જિલ્લાના વીસડાલિયા ખાતે આવેલ બેકરીની ઓળખ હવે વિદેશમાં થઈ છે. વન વિભાગના સૌજન્યથી ચાલતી બેકરીમાં મહિલાઓ કામ કરે છે અને બેકરીનું સંચાલન મહિલાઓ પોતે જ કરે છે.

## કોંગી ઉમેદવાર માટે ૨૫ લાખ લઈ જતાં ૨ શખ્સ ઝડપાયા

કરજણ : કરજણ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસના ઉમેદવારને પહોંચાડવાના નાણાં એલસીબી પોલીસે ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે એલસીબી પોલીસે બે ઈસમોની અટક કરેલ છે જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાએ આપેલી સુચના મુજબ પોલીસ ઈન્સ્પેકટર એલ. સી.બી. તથા એલ.સી.બી. સ્ટાફ નેશનલ હાઈવે નં. – ૪૮ પર મુલદ ટોલ પ્લાઝા વાહન ચેકીંગમાં હતા ત્યારે લાલ કલરની મારૂતિ કાર સુરત તરફથી આવતાં તેને રોકી કારમાં બેઠેલા બેની પુછપરછ કરી હતી. પોલીસે કારમાં તપાસ કરતાં રોકડા રૂ.૨૫ લાખ ભરેલી થેલી મળી હતી.

# પુષ્ય નક્ષત્રની આકાશી ઓળખ તેમજ તેની માહિતી ગણિત અને ફળકથન સાથે આપેલ છે

૧ - રાશિ : ૩૦ અંગ, ૧ રાશિ : ૯ ચરણ આવે જે ૧૩ અંશને ૨૦ કળા બરાબર થાય. ચંદ્ર ૧ રાશિમાં સવાબે દિવસ લગભગ ૫૪ કલાક જેટલો સમય રહે છે. ૪ ચરણનો સમય પૂર્ણ કરતા લગભગ ૨૪ કલાક જેટલો સમય લાગે ૧ ચરણમાં આશરે ૬ કલાક સુધી ચંદ્ર રહે છે.




રાશિ - કર્કનો ચંદ્ર, નામ અક્ષર - ડ. હ., નક્ષત્રનું નામ - પુષ્ય નક્ષત્ર, તત્વ - જળ, નક્ષત્ર ચરણ - ૪ (ચાર) ૧. સિંહ, ૨. કન્યા, ૩. તુલા, ૪. વૃશ્ચિક, અંશ કળા કુલ, ૦૦ અંશ થી ૧૩ અંશને ૨૦ કળા સુધી, રાશિ માલિક ગ્રહ - ચંદ્ર (કર્ક રાશિ) ૦૩-૨૦ થી ૧૬-૪૦ સુધી, નક્ષત્ર પતિ ગ્રહ - શનિ વિશોત્તરી મહાદશા વર્ષ ૧૯, નક્ષત્ર વૃક્ષ : પિપળો, નક્ષત્ર દેવ - બૃહસ્પતિ - ગુરૂ, નક્ષત્ર દિશા - પૂર્વ, નક્ષત્ર ખૂણો - અગ્નિ-પૂર્વ, નક્ષત્ર તારા સંખ્યા ૩ (ત્રણ), આકૃતિ ⋗⟶ તીર સમાન, લક્ષની પ્રાપ્તિ થાય, સૂર્ય પુષ્ય નક્ષત્ર પ્રવેશ તારીખ - ૧૯ જુલાઈ

પુષ્પ નક્ષત્રની ચીજવસ્તુઓ - સોનું, ચાંદી, મોતી, દેવિ-દેવતાની મૂર્તિઓ,યંત્રો, શ્રી યંત્ર વિશેષ ઘી ચોખા, મીંઠુ, હિંગ, સરસવ વિગેરેની ખરીદી માટે ખૂબ સારૂ નક્ષત્ર છે. પુષ્ય નક્ષત્રમાં જન્માનાર વ્યક્તિની ઓળખ તેમજ ધંધો- રોજગાર - સોના ચાંદીની ચીજ વસ્તુઓનો વિધ્વાન, ધનવાન, કિર્તિવાન, પ્રમાણીક, ધિરવાન દેખાય છે. અભ્યાસ - સાયન્સ અને મેડીકલ લાઈન તેમાં પ્રવેશ કરે તો અભ્યાસ સરળતાથી પુરો થાય છે. સફળતા પ્રાપ્ત કરે છે. રોગ અને નિવારણ - કોઈને વધુ પડતો તાવ આવતો હોય ત્યારે કુશા (દર્ભ) ના મુળ હાથમાં બાંધવાથી અનેદાન પુણ્ય કરવાથી પુષ્ય નક્ષત્રમાં રાહત મળે છે. જાતકની ઓળખ ચરણનું ફળ : પહેલું ચરણ - લાંબા આયુષ્યવાળો જાતક હોય છે, બીજું ચરણ - અન્યની મિલકતનો ઉપયોગ કરનાર, ત્રીજુ ચરણ આનંદી સ્વભાવનો, સંતુષ્ટ રહેનાર, ચોથું ચરણ - હોશિયાર, આવડતવાળો, કાબેલ હોય છે. પુષ્ય નક્ષત્ર અંશ- કળા, પ્રથમ ચરણ-૬ અંશ ૪૦ કળા સુધી, ૧૦-૦૦ બીજું ૧૩-૨૦ ત્રીજું, ૧૬-૪૦ ચોથું, સમાવેશ થાય છે. નંગ - મોતી. ધાતુ - સોનું અને ચાંદી કઈ આંગળીએ ધારણ કરવું (૧) અનામિકા (રીંગ ફીંગર) (૨) કનિષ્કા (લીટલ ફીંગર)

તારા ફળ- મિત્રો અધિમિત્ર- સુખ આપનાર, સારૂ કરનાર પુષ્ય દેવ-નક્ષત્ર છે, ભગવાન વિષ્ણુ છે, ધર્મ પ્રધાન છે, શરીરમાં અંગો- મુખ, ચહેરો, હાવભાવ, પ્રકૃતિ- પિત્ત છે, જ્ઞાતિ-ક્ષત્રિય છે, ઉર્ધ્વમુખ નક્ષત્ર છે. (આકાશ તરફ જુવે), પ્રાણી- ઘેટુ, (વાહન) અગ્નિ દેવતા દ્રશ્યમાન પ્રગટ થયા પછી, પક્ષી- કાગડો, રંગ-મરૂન, આંધળા નક્ષત્ર સમુહમાં આવે, લઘુ ક્ષિપ્ર નક્ષત્ર છે, પુષ્પ નક્ષત્ર- વેપાર, વિલાસ- બાગ બગીચા અને ઔષધિના કાર્યમાં સિધ્ધિ આપે છે.

કયા કયા કાર્યો કરી શકાય પુષ્પ નક્ષત્રમાં તેની માહિતી : પુંસવન, ચૌલ ક્રિયા (વાળ ઉતારવા), શ્રીમંત, ગર્ભધારણ કરેલ સ્ત્રીને સુવાવડ માટે મોકલવી. સર્વ-શાંતિ માટે, કર્ણ (કાન) વીધાવવા માટે, નિશાળે બેસાડવા (વિદ્યારંભ) માટે, બાળકને પ્રથમ વખત ઘરની બહાર લઈ જવા માટે (નિષ્ક મણ), બાળકને અન્નપ્રાશન (ખવડાવવુ) માટે. ગૃહ આરંભ, પ્રથમ શિલાસ્થાપન માટે ખાત મુર્હૂત માટે, નાણાંની લેવડ-દેવડ માટે, નાવિકો નૌકા લઈ જવા માટે, યંત્રો ચાલુ કરવા માટે, જૈન દીક્ષા ગુરૂમંત્ર માટે, દસ્તાવેજ ઉપર સહી કરવા, દુકાનનું મુર્હૂત કરવા માટે, વેપાર કરવા માટે, વાવણી માટે, અનાજની કાપણી માટે, ઘર, ખેતર, દુકાન (સ્ટોર) ભૂમિ-જગો પ્લોટ લેવા કે વેચવા માટે, અનાજ ભરવા માટે આ સર્વે કાર્યો માટે પુષ્ય નક્ષત્ર ઉપયોગમાં લઈ શકાય છે. કાર્ય સફળ થાય છે. અભિષેક, યજ્ઞ, નદી સ્નાન, દવાઓ, લેવાનું શરૂ કરવા માટે ઉત્તમ પુષ્ય નક્ષત્ર છે. કાર્યો કરવા નહીં : સગાઈ, રીંગ સેરેમની, વિવાહ (લગ્ન), પ્રવાસ, પર્યટન, પરદેશ ગમન, નક્ષત્ર અને દિન શુધ્ધિ જોવી ત્યારબાદ જવું.

દિશા અને નેગેટીવીટી વાર તિથિમાં જવું નહીં : પશ્ચિમ દિશા, વાયવ્યખૂણો- શુક્ર- રવિ- મંગળ વાર તિથિ ૬, ૭, ૧૪, ૧૫ (પુનમ) સામો કાળ- મંગળ- સોમ.

કર્ક રાશિમાં સમાવેશ પુષ્ય નક્ષત્રના તારાના નામ અંગ્રેજી નામ

(૧) **ASELUS BOREALIS - Theta Cancri** (તીતા), (૨) **AL TARF - Gamma Concri** (ગામા), (૩) **ACUBENS - Eta Cancri** (ઈટા)

**સંવત ૨૦૭૭, ૨૦૨૦થી આસો માસ ૨૦૨૧ સુધીના પુષ્ય નક્ષત્રોની માહિતી**

| | માસ | પક્ષ | તિથિ | વાર | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | કારતક | વદ | ૪ | શુક્ર | ૪-૧૨-૨૦ | ૧૩-૩૯ થી શરૂ |
| | ” | ” | ૫ | શનિ | ૫-૧૨-૨૦ | ૧૪.૨૮ સુધી |
| ૨ | માગશર | વદ | ૧-૨ | ગુરૂ | ૩૧-૧૨-૨૦ | ૧૯.૪૯ થી શરૂ |
| | ” | ” | ૨-૩ | શુક્ર | ૦૧-૦૧-૨૧ | ૦૭.૨૬થી ૨૦.૧૫ સુધી |
| | ગુરૂ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| ૩ | પોષ | સુદ | ૧૪/૧૫ પુનમ | બુધ | ૨૭-૧-૨૧ | ૨૭-૪૯ થી ૩૧.૨૬ |
| | | | ૧૫ પુનમ | ગુરૂ | ૨૮-૧-૨૧ | ૭-૨૭ થી ૨૭-૫૧ સુધી |
| | ગુરૂ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| ૪ | મહા | સુદ | ૧૨ | બુધ | ૨૪-૨-૨૧ | ૧૩.૧૭ થી ૩૧.૧૧ |
| | ” | ” | ૧૩ | ગુરૂ | ૨૫-૨-૨૧ | ૭-૧૨ થી ૧૩.૧૭ સુધી |
| | | | | | | |
| ૫ | ફાગણ | સુદ | ૯/૧૦ | મંગળ/બુધ | ૨૩/૨૪-૩-૨૧ | ૨૨.૪૫ થી ૨૩.૧૭ સુધી |
| ૬ | ચૈત્ર | સુદ | ૮/૯ | મંગળ/બુધ | ૨૦/૨૧-૪-૨૧ | ૬.૫૫ થી ૭.૫૯ સુધી |
| ૭ | વૈશાખ | સુદ | ૫/૬ | સોમ/મંગળ | ૧૭/૧૮-૫-૨૧ | ૧૩.૨૨ થી ૧૪.૫૫ સુધી |
| ૮ | જેઠ | સુદ | ૩/૪ | રવિ/સોમ | ૧૩/૧૪-૬-૨૧ | ૧૯.૦૧ થી ૨૦.૨૭ સુધી |
| | રવિ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| ૯ | જેઠ | વદ | અમાસ ૩૦/૧ | શનિ/રવિ | ૧૦/૧૧-૭-૨૧ | ૨૫.૦૨ થી ૨૬.૨૨ સુધી |
| | રવિ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| ૧૦ | અષાઢ | વદ | ૧૪/૩૦ અમાસ | શનિ/રવિ | ૭/૮-૮-૨૧ | ૮.૧૬ થી ૯.૧૯ સુધી |
| | રવિ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| ૧૧ | શ્રાવણ | વદ | ૧૧/૧૨ | શુક્ર/શનિ | ૩/૪-૯-૨૧ | ૧૬.૪૨ થી ૧૭.૪૫ સુધી |
| ૧૨ | ભાદરવા | વદ | ૯ | ગુરૂ | ૩૦-૯-૨૧ | ૨૫.૩૩ થી ૩૦.૩૯ સુધી |
| | ગુરૂ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| ૧૩ | ભાદરવા | વદ | ૧૦ | શુક્ર | ૧-૧૦-૨૧ | ૬.૪૦ થી ૨૬.૫૮ સુધી |
| | ગુરૂ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| ૧૪ | આસો | વદ | ૭ | ગુરૂ | ૨૮-૧૦-૨૧ | ૯.૪૨ થી ૩૦.૫૦ |
| | ગુરૂ પુષ્યામૃત યોગ છે. | | | | | |
| | આસો | વદ | ૮ | શુક્ર | ૨૯-૧૦-૨૧ | ૬.૫૧ થી ૧૧.૩૯ સુધી |

પુષ્ય નક્ષત્રની વિશેષતા : ગુરૂવારે પુષ્ય નક્ષત્ર હોય તો ગુરૂ પષ્યામૃત યોગ હોય રવિવારે પુ.ય નક્ષત્ર હોય તો રવિ પુષ્યામૃત યોગ બને છે. જેનાથી કાર્ય સિધ્ધિ અને સફળતા મળે છે. પુષ્ય નક્ષત્રમાં આગળ બતાવેલા તમામ કાર્યો કરી શકાય છે. આજના સમયમાં પુષ્ય નક્ષત્રમાં ખરીદેલ સોના-ચાંદિ કદાપી વેચવા નહીં તેમાંથી દિકરી-સ્ત્રીઓના ઘરેમા બનાવવા અથવા ભગવાન માતાજીની મૂર્તિ બનાવવી કે યંત્ર બનાવવું. આવા પુષ્ય નક્ષત્રોમાં સોના-ચાંદી ઘરેણાની ખરીદી કરવામાં આવે તો વારંવાર ખરીદી શકાય છે. તે અંગે જરૂરી નાણઆંકીય વ્યવસ્થા થઈ જાય છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૦ લાખને પાર, રિકવરી રેટ ૯૧ ટકા થયો

નવી દિલ્હી : પાછલા ૨૪ કલાકમાં દેશમાં કુલ ૧૦,૭૫,૭૬૦ સેમ્પલ્સનું કોરોના ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું અને ૪૯,૮૮૧ નવા કેસીસ સાથે કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૦,૪૦,૨૦૩ થઈ હતી, તેમ ગુરુવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. મંત્રાલયના જણાવ્યા અનુસાર પાછલા ૨૪ કલાકમાં ૫૬,૪૮૦ દર્દીઓ સાજા થઈ ગયા હતા અને સામે ૫૧૭ કોરોના સંક્રમિતોનાં મોત થયાં હતાં. અત્યાર સુધીમાં કુલ ૭૩,૧૫,૯૮૯ દર્દીઓ સાજા થઈ ગયા છે અને કુલ ૧,૨૦,૫૨૭ સંક્રમિતોનાં મોત થયાં છે. હાલમાં કોરોના ધરાવતાં કુલ દર્દીઓની સંખ્યા લગભગ છ લાખ છે, ૨૨ ઓગસ્ટ પછી સૌપ્રથમવાર આ સંખ્યા સાત લાખની નીચે આવી છે. હાલમાં દેશમાં ૬,૦૩,૬૮૭ એક્ટિવ કેસીસ છે. રિકવરી રેટ ૯૦.૯૯ ટકા પર પહોંચી ગયો છે. હાલમાં દેશમાં પોઝિટિવિટી રેટ ૪.૬૩ ટકા પર છે અને મૃત્યુનો દર ૧.૪૯ ટકા છે. કોરોના વાઈરસના ટેસ્ટિંગની વાત કરીએ તો ભારત હાલમાં અમેરિકા પછી બીજો સૌથી વધારે કોરોના ટેસ્ટ કરવાવાળો દેશ છે. અમેરિકામાં સૌથી વધારે કોરોના ટેસ્ટ થયા છે જે કુલ ૧૪,૦૧,૯૪,૮૧૪ ટેસ્ટ અથવા દરેક ૧૦ લાખની વસ્તીએ ૪,૨૨,૭૩૫ ટેસ્ટ થાય છે. તેની સરખામણીએ લગભગ ચાર ગણી વસ્તી ધરાવતાં ભારતમાં કુલ ૧૦,૭૫,૭૬૦ અથવા દરેક દસ લાખ વ્યક્તિ દીઠ ૭૬,૯૭૩ ટેસ્ટિંગ કરાયા છે.

## કોરોનાની રસીને લઇ પીએમ મોદીની મોટી જાહેરાત, દરેક નાગરિક માટે ઉપલબ્ધ થશે

દેશમાં કોરોનાના કેસ ૮૦ લાખ હોવાની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ દેશને ખાતરી આપી છે કે કોરોના રસી બની ગયા બાદ દેશના દરેક નાગરિકને રસી આપવામાં આવશે. કોરોનાના રસીકરણ અંગે તેમની સરકારની તૈયારીઓ વિશે માહિતી આપતાં મોદીએ કહ્યું કે દેશના દરેક છેડે આ રસી હાજર દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કોરોના રસીના સ્ટોરેજ માટે કોલ્ડ ચેઇન પર કામ ચાલી રહ્યું છે.

## ભારતમાં પાંચ રાજ્યોમાં કોરોના સૌથી મોટો ખતરો

ભારતના ઘણા રાજ્યોમાં, તહેવારની સિઝનને કારણે કોરોના વાયરસનાં ચેપનું જોખમ ઝડપથી વધી રહ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મંગળવારે એક પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે કેરળ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને દિલ્હીમાં તહેવારોને કારણે કોરોના ચેપના કેસોમાં વધારો થયો છે. જો કે, રાહતની વાત છે કે છેલ્લા પાંચ અઠવાડિયામાં કોરોનાથી મૃત્યુ દર નીચે આવી ગયો છે.

## મિઝોરમમાં ૧નું મોત, કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાની કોરોના પોઝિટિવ

કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીને કોરોના થયો છે. હાલ તેઓ સારવાર હેઠળ છે. ઈરાનીએ કહ્યું હતું કે મને કોરોના પોઝિટિવ આવ્યો છે, માટે જે કોઈ સંપર્કમાં આવ્યા હોય એ વહેલી તકે ટેસ્ટ કરાવવા કહ્યું હતું. ઉત્તર-પૂર્વના રાજ્ય મિઝોરમે કોરોના સામે મજબૂત લડત આપી છે. પરિણામે અત્યાર સુધી ત્યાં કોરોનાથી કોઈ મોત થયું ન હતું. મિઝોરમના પાટનગર ઐઝવાલ પાસેના એક ૬૨ વર્ષિય નાગરિકનું કોરોનાથી મૃત્યુ થયુ હતુ.

## દિલ્હીમાં કોરોના વાયરસનો અત્યાર સુધીનો રેકોર્ડ, મંગળવારે ૪૮૦૦થી વધુ કેસ

વર્તમાન સમયે દેશમાં તહેવારોની સિઝન ચાલી રહે છે. આ દરમિયાન કોરોના કેસમાં સતત વધારો થઇ રહ્યો છે. રાજધાની દિલ્હીમાં પમ કોરોનાનો ફેલાવો ઝડપી બન્યો છે. દિલ્હીમાં મંગળવારે કોરોના વાયરસે અત્યાર સુધીનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. મંગળવારે દિલ્હીમાં એક દિવસની દર સૌથી વધારે ૪૮૫૩ કોરોના કેસ સામે આવ્યા છે. જેના સાથે જ દિલ્હીમાં કોરોનાના દર્દીઓની કુલ સંખ્યા ૩,૬૪,૩૪૧ થઇ છે. જેમાંથી ૩,૩૦,૧૧૨ દર્દીઓ સાજા થઇ ગયા છે.

# પાકિસ્તાનને ભારત વિરોધી દિન મનાવવા માટે મંજુરી નહીં મળી

નવી દિલ્હી : પાકિસ્તાનમાં સત્તામાં આવ્યા બાદથી જ મુસ્લિમ દેશોના બળ પર કૂદી રહેલા પ્રધાનમંત્રી ઈમરાન ખાન શિયા અને સુન્ની બંને જૂથોને કાશ્મીરના મુદ્દા પર મોટો ઝટકો લાગ્યો છે. સાઉદી અરબ અને ઈરાને પોતાના દેશમાં આવેલ પાકિસ્તાની દૂતાવાસોને ૨૭મી ઑક્ટોબરના રોજ જમ્મુ-કાશ્મીરના ભારતમાં મર્જરના દિવસ પર કાળો દિવસ મનાવાની મંજૂરી આપી નથી. સાઉદી અરબ અને ઈરાને પોતાના પાછલા વલણથી પાછળ હટ્યા બાદ પશ્ચિમ એશિયામાંથી પાકિસ્તાનને મોટી નિરાશા હાથ લાગી છે. મીડિયા રિપોર્ટના મતે આ કેસ સાથે જોડાયેલા લોકોએ કહ્યું કે ઈરાનમાં પાકિસ્તાની દૂતાવાસે તહેરાન યુનિવર્સિટીમાં કાળો દિવસ મનાવવા માટે એક કાર્યક્રમ કરવાનો પ્રસ્તાવ મૂકયો હતો. પાકિસ્તાનના આ પગલાં પર ઈરાને આશ્ચર્યજનક રીતે ઈસ્લામાબાદને મંજૂરી આપવાની ના પાડી દીધી. ત્યારબાદ પાકિસ્તાની દૂતાવાસને માત્ર એક ઓનલાઈન સેમિનાર માટે મજબૂર થવુ પડયું. ઈરાનના આ ઝાટકાથી સ્પષ્ટ થઈ ગયું છે કે પાકિસ્તાન કલમ ૩૭૦ના ખાત્મા પર મુસ્લિમ દેશોનું પણ સમર્થન પ્રાપ્ત કરવામાં અસફળ સાબિત થઈ રહ્યું છે.

# કાશ્મીર કુલગામમાં ૩ બીજેપી નેતાની આંતકીઓ દ્વારા હત્યા

શ્રીનગર : જમ્મુકાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓએ ત્રણ ભાજપ નેતાની હત્યા કરતાં ચકચાર મચી છે. બીજેપી યુવા મોરચાના મહાસચિવ ફિદા હુસૈન પોતાના બે સાથીદારો-ઉમર રમજાન અને હારૂન બેગ સાથે ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે જ આતંકવાદીઓએ તેમના પર ગોળીઓનો વરસાદ કર્યો હતો. યુવા નેતાઓની હત્યા બાદ આતંકવાદીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસ અને સેનાના જવાનોએ વિસ્તારને ઘેરી લઈને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ત્રણે ઘાયલને હોસ્પિટલમાં પહોંચાડયા હતા જ્યાં સારવાર દરમિયાન ત્રણેનાં મોત થયાં હતાં. હાલમાં પોલીસ સેનાના જવાનોનો સાથ લઈને આ વિસ્તારના દરેકે-દરેક ઘરની તલાશ લઈ રહી છે. જાણવા મળ્યા અનુસાર આતંકવાદીઓ એક વાહન પર આવ્યા હતા અને ત્રણે યુવાનોની હત્યા કર્યા બાદ ભાગી જવામાં સફળ રહ્યા હતા. અત્રે નોંધનીય છે કે કાશ્મીર ખીણમાં અગાઉ પણ ઘણા ભાજપ નેતાઓની હત્યા કરવામાં આવી છે. ફરી એકવાર આતંકવાદીઓએ ત્રણની હત્યા કરતા તેનાથી ગભરાઈને કેટલાક બીજેપી હોદ્દેદારો પોતાના પદ પરથી રાજીનામું પણ આપી શકે.

# રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તા ફરી 'વેરી પૂઅર' કેટેગરીમાં નોંધાઈ

- આગામી દિવસોમાં પરાલી બાળવાને કારણે પ્રદૂષણ વધશે : સવારે ૧૦ વાગ્યે એક્યુઆઈ ૩૪૩

નવી દિલ્હી : મંગળવારે સવારે દેશની રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તા 'વેરી પૂઅર' કેટેગરીમાં નોંધવામાં આવી હતી. કેન્દ્રીય સરકારી એજન્સીના જણાવ્યા અનુસાર શહેરના પીએમ ૨.૫ પ્રદૂષણમાં પરાલી બાળવાનો હિસ્સો વધવાની શક્યતા છે. આ સાથે સળંગ ચોથા દિવસે દિલ્હીની હવા 'વેરી પૂઅર' કેટેગરીમાં રહી છે.

કેન્દ્રના સાયન્સ મંત્રાલયના એર ક્વાલિટી મોનિટરના જણાવ્યા અનુસાર હરિયાણા, પંજાબ અને દિલ્હીના આજુબાજુના વિસ્તારોમાં પરાલી બાળવાથી ઉત્પન્ન થયેલા ધુમાડાને દિલ્હીમાં પ્રવેશવા માટેની હવાની દિશા અને ઝડપ અનુકુળ હોવાથી આગામી દિવસોમાં દિલ્હીના પ્રદૂષણમાં પરાલી બાળવાનો હિસ્સો વધશે. ઉલ્લેખનીય છે કે રવિવારે દિલ્હીના પ્રદૂષણમાં પરાલી બાળવાનો હિસ્સો ૧૯ ટકા હતો. પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ખેડૂતો દ્વારા પરાલી બાળવાની અસર દિલ્હીના પ્રદૂષણ પર પડે છે. મંગળવારે સવારે દસ વાગ્યે દિલ્હીનો એર ક્વાલિટી ઈન્ડેક્સ ૩૪૩ હતો.

# મુંગેરમાં દુર્ગા માતાની મૂર્તિ વિસર્જન વેળા ટોળાએ પોલીસ સ્ટેશન, વાહનો સળગાવ્યાં

- પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા જિલ્લા અધિકારી, પોલીસ અધીક્ષકને હટાવી દેવાનો હુકમ કર્યો



મુંગેર : બિહારના મુંગેરમાં દુર્ગા માતાની મૂર્તિ વિસર્જનની ઘટના પર આજે ફરી એક વખત હોબાળો થયો હતો. ભડકેલા લોકોએ પૂર્વ સરાય પોલીસ સ્ટેશનમાં આગ લગાવી દીધી હતી. સ્થાનિક મીડિયાના જણાવ્યા પ્રમાણે, મૂર્તિ વિસર્જન દરમિયાન થયેલી હિંસાના વિરોધમાં આજે સંખ્યાબંધ યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધ દર્શાવવા તેઓ પોલીસ અધીક્ષકના કાર્યાલય ખાતે પહોંચી ગયા હતા, જ્યાં તેમણે ખૂબ હોબાળો કર્યો હતો. આ દરમિયાન ચૂંટણી પંચે મુંગેરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા જિલ્લા અધિકારી અને પોલીસ અધીક્ષકને હટાવી દેવાના આદેશ આપ્યા છે. આ સાથે જ સમગ્ર મામલાની તપાસ મગઝના ડિવિઝન કમિશનરને સોંપવામાં આવી છે, જે સાત દિવસમાં પોતાનો રિપોર્ટ સોંપશે. નવા ડીએમ અને એસપીની ભરતી આજે જ કરવામાં આવશે. પ્રાથમિક અહેવાલ અનુસાર, સંખ્યાબંધ યુવાનોએ પોલીસ અધીક્ષક કાર્યાલયની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોલીસ કાર્યાલય આગળ લગાવેલા બોર્ડને પણ તેઓએ ઉખાડીને ફેંકી દીધું હતું.

# ભારતનું અર્થતંત્ર ફરીથી પાટા ઉપર ચઢી રહ્યું છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, લૉકડાઉન જેવી રણનીતિથી ભારતે લાખો લોકોના જીવ બચાવ્યા છે. તેઓએ કહ્યું કે હજુ પણ વર્ષ ૨૦૨૪ સુધી ૫ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમીનું લક્ષ્ય પ્રાપ્ત કરવા પ્રતિબદ્ધ છે. વડાપ્રધાને કહ્યું કે ટીકાકારો સરકારની છબિ ખરાબ કરવા માંગે છે. પીએમ મોદીએ કહ્યું કે, દેશની અર્થવ્યવસ્થા આશાથી પણ વધુ ઝડપથી પાટા પર પરત ફરી રહી છે. જોકે સુધારવાદી પગલા દુનિયાને સંકેત છે કે નવું ભારત બજારની તાકાતો પર ભરોસો કરે છે. તે રોકાણનું સૌથી મનપસંદ ડેસ્ટીનેશન બનશે. વડાપ્રધાને આ ઈન્ટરવ્યૂમાં ઈકોનીમી, કોવિડ-૧૯, રોકાણ, સુધાર જેવા અનેક મુદ્દાઓ પર વાત કરી. કોવિડ મહામારી બાદ ઝડપથી બદલાતી દુનિયામાં નવા ભારતની શું ભૂમિકા હશે તે અંગે પણ તેમણે વાત કરી હતી.

# દિલ્હી સહિત અન્ય રાજ્યોમાં નકલી બિલોની એન્ટ્રી કૌભાંડનો પર્દાફાશ

- દરોડા પાડીને ૫.૨૬ કરોડ રૂપિયાના ઘરેણા અને રોકડ રકમ જપ્ત કરી

નવી દિલ્હી : દિલ્હી-હરિયાણા સહિત અનેક રાજ્યોમાં એન્ટ્રી ઓપરેટર સંજય જૈન અને તેમના લાભાર્થીઓના ૪૨ સ્થળો પર આવકવેરા વિભાગે દરોડા પાડયા હતાં. આવકવેરા વિભાગે અનેક હવાલા ઓપરેટર અને નકલી બિલ બનાવનારા લોકોના પરિસરોમાં દરોડા પાડીને ૫.૨૬ કરોડ રૂપિયાના ઘરેણા અને રોકડ રકમ જપ્ત કરી છે. આ સાથે જ ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના નકલી બિલ બનાવી એન્ટ્રી કરવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. આવકવેરા વિભાગે દિલ્હી-એનસીઆર, ઉત્તરાખંડ, હરિયાણા, પંજાબ અને ગોવામાં એન્ટ્રી ઓપરેટર સંજય જૈન અને તેમના લાભાર્થીઓના ૪૨ પરિસરોમાં દરોડા પાડયા હતાં. આ દરોડામાં અત્યાર સુધીમાં ૨.૩૭ કરોડ રૂપિયા રોકડા અને ૨.૮૯ કરોડ રૂપિયાના ઘરેણા જપ્ત કરવામાં આવ્યા છે. સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું છે ક આ સમગ્ર નેટવર્કમાં એન્ટ્રી ઓપરેટર, વચેટિયાઓ, કેશ હેન્ડલર, લાભાર્થીઓ, કંપનીઓ પણ સામેલ છે. અત્યાર સુધી મળેલા દસ્તાવેજો મુજબ ૫૦૦ કરોડ રૂપિયાની નકલી એન્ટ્રી કરવામાં આવી છે.

# પૂર્વ કેન્દ્રીય મંત્રી દિલીપ રેની સજાને દિલ્હી હાઈકોર્ટે રદ કરી : સીબીઆઈને નોટીસ

નવી દિલ્હી : વર્ષ ૧૯૯૯માં ઝારખંડમાં કોલસાની ફાળવણી કેસમાં ગેરરીતીઓ આચરવાના આરોપસર પૂર્વ કેન્દ્રીય મંત્રી દિલીપ રે ને ટ્રાયલ કોર્ટે ફટકારેલી ત્રણ વર્ષની સજાને દિલ્હી હાઈકોર્ટે રદ કરી હતી. આ કેસ સાથે સંકળાયેલા વકિલ અનુસાર, જસ્ટિસ સુરેશ કુમારે સીબીઆઈને નોટીસ પણ ફટકારી હતી અને રે દ્વારા સજાને પડકારતી કરેલી અરજીનો જવાબ માગ્યો હતો. વેકેશનમાં આ કેસની સુનાવણી કરનાર હાઈકોર્ટે રેની અપીલ દાખલ કરી હતી અને ૨૫ નવેમ્બરે અરજીની વધુ સુનાવણી રાખી હતી, એમ વકીલે કહ્યું હતું. સોમવારે ટ્રાયલ કોર્ટે દિલીપ રેને ત્રણ વર્ષની સજા અને રૂપિયા દસ લાખનો દંડ ફટકાર્યો હતો. રે ઉપરાંત કોર્ટે કોલસા મંત્રાલયના બે વરિષ્ઠ અધિકારીઓ પ્રદીપ કુમાર બેનર્જી અને નિત્યામંદ ગાતમને પણ જેલની સજા ફટકારી હતી.

# કોરોના મહામારી વચ્ચે બિહારમાં પ્રથમ તબક્કાનું ૫૪ ટકા મતદાન

**• ૭૧ બેઠકોમાં આઠ મંત્રીઓ સહિતના ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં કેદ**

પટના : બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદાન શાંતિપૂર્ણ રીતે પુરુ થયું હતું, કોરોના મહામારી અને કેટલાક વિસ્તારોમાં નક્સલી હુમલાની ધમકીઓ વચ્ચે પણ ૭૧ બેઠકો માટે ૫૪ ટકા મતદાન થયું હતું. બિહારના મગધ અને શાહાબાદમાં ૩૫ જેટલી બેઠકો અતી સંવેદનશિલ હતી પ્રથમ તબક્કામાં જે ઉમેદવારો હતા તેમાં આઠ મંત્રીઓ હતા.

દિગ્ગજ નેતાઓમાં પૂર્વ મુખ્ય પ્રધાન જીતનરામ માંઝી અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ઉદય નારાયણ ચૌધરી વચ્ચે ટક્કર જોવા મળી હતી. જ્યારે ગયામાં ભાજપના વરીષ્ઠ નેતા પ્રેમ કુમાર એવં જહાનાબાદમાં જદયૂના કૃષ્ણનંદન વર્મા સામસામે ઉભા હતા. પ્રથમ તબક્કામાં જે ઉમેદવારોનું ભાવી નક્કી થશે તેમાં ભાજપના ૨૯, જદયુના ૩૫, હમના ૬, વીઆઈપી-૧નો સમાવેશ થાય છે જ્યારે મહાગઠબંધનમાંથી આરજેડીના ૪૨, કોંગ્રેસના ૨૧, માલેના ૮ ઉમેદવારો આ પ્રથમ તબક્કામાં મેદાનમાં હતા. તેવી જ રીતે ચિરાગ પાસવાનના પક્ષ લોજપાના ૪૨ ઉમેદવારોનું ભાવી પણ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. પ્રથમ તબક્કામાં જદયુ અને આરજેડી વચ્ચે ખરાખરીનો જંગ છે, આ તબક્કામાં નીતિશ કુમારના પક્ષ અને લાલુ યાદવના પક્ષ આરજેડી બન્ને વચ્ચે કુલ ૨૪ બેઠકો પર ટક્કર જોવા મળી જ્યારે જદયુ અને કોંગ્રેસ વચ્ચે ૭ બેઠકો પર ટક્કર હતી. બીજી તરફ ભાજપ અને આરજેડી વચ્ચે ૧૪ જ્યારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ૧૧ બેઠકો પર રસાકસી જોવા મળી છે.

# હરિયાણાની ગૌશાળામાં ૭૦ ગાયના મોતથી હોબાળો, ૩૦ બિમાર પડી



પંચકૂલા : હરિયાણાના પંચકુલામાં એક ગૌશાળામાં રાખવામાં આવેલી ૭૦ ગાયોના અચાનક મોતથી હોબાળો મચી ગયો છે. પ્રાથમિક તપાસમાં એવી શંકા છે કે ફૂડ પોઈઝનિંગને કારણે આ મોત થયું હોઈ શકે છે. જ્યારે આશરે ૩૦ જેટલી ગાયો પણ બિમાર પડી ગઈ હોવાથી તેને સારવાર આપવામાં આવી રહી છે.

આ સમગ્ર ઘટના બાદ ગૌશાળામાં સરકારની દેખરેખ પર સવાલો ઉઠી રહ્યા છે. માતા માન્સા દેવી ગૌધમ ગૌશાળામાં થયેલા આ મોત અંગે હાલ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. હરિયાણાના એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે અમે આ ગાયોને અપાતા પાણી અને ચારાના સેંપલ લીધા છે. હાલ મોતનું ચોક્કસ કારણ કહેવુ મુશ્કેલ છે પણ અમે તપાસના આદેશ આપ્યા છે. બીજી તરફ ગૌશાળાના સંચાલક રવિન્દ્ર ચિહગલે જણાવ્યું હતું કે એક બાબત ચોક્કસ છે કે અમે જે ચારો ગાયોને આપ્યો હતો તેને કારણે આ મોત નથી થયા.

# જમ્મુ-કાશ્મીરમાં હવે દેશનો કોઈ પણ નાગરિક જમીન ખરીદી શકશે

**• સ્કૂલો, હોસ્પિટલો બનાવવા કૃષિ જમીનની ટ્રાન્સફર શક્ય, ઉદ્યોગોએ નિર્ણય આવકાર્યો**

કાશ્મીર : દુનિયાના સ્વર્ગ સમાન સુંદર જમ્મુ-કાશ્મીરમાં પોતાનું પણ એક ઘર હોય તેવું દેશની અનેક વ્યક્તિઓ વિચારતી હોય છે, પરંતુ જમ્મુ-કાશ્મીર બહારના લોકો અહીં પોતાનું ઘર ખરીદી શકતા નહોતા. જોકે, હવે જમ્મુ-કાશ્મીરમાં પોતાનું ઘર અથવા જમીન લેવાનું દેશના અન્ય ભાગોમાં રહેતા લોકોનું સપનું સાકાર થઈ શકશે.

મોદી સરકારે જમ્મુ કાશ્મીરમાં જમીન માલિકી કાયદામાં સુધારો કર્યો છે. પરિણામે દેશનો કોઈપણ નાગરિક કેન્દ્રશાસિત પ્રદેશમાં મકાન, દુકાન અને ઉદ્યોગ માટે જમીન ખરીદી શકશે. જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન કાયદાના અમલના એક વર્ષ પૂરા થવાના કેટલાક દિવસ પહેલાં જ મોદી સરકારે જમ્મુ-કાશ્મીરના કેટલાક સ્થાનિક કાયદાઓમાં સુધારો કરીને દેશના અન્ય વિસ્તારોમાં રહેતાં લોકો માટે જમ્મુ-કાશ્મીરમાં જમીન, દુકાન, મકાન ખરીદવા માટેનો માર્ગ ખુલ્લો કરી દીધો છે. ગૃહમંત્રાલયે મંગળવારે આ અંગે એક જાહેરનામુ બહાર પાડયું હતું.

# ફરિદાબાદમાં છેડતી બાદ યુવતીની ગોળી મારી હત્યા કરાઈ, વિરોધમાં હાઈવે જામ

**• પોલીસે ગણતરીના કલાકોમાં એક યુવાનની ધરપકડ કરી લીધી હતી**

ફરિદાબાદ : ફરિદાબાદમાં ધોળા દિવસે એક વિદ્યાર્થિનીની જાહેરમાં હત્યા કરી દેવામાં આવી હતી. અહીંની બલ્લાબગઢ વિસ્તારની એક કોલેજમાંથી જેવી યુવતી બહાર આવી કે તેનું અપહરણ કરવાનો પ્રયાસ થયો, યુવતીએ બચાવ કરતા બાદમાં નરાધમોએ તેના પર ગોળી ચલાવી હત્યા કરી નાસી છુટયા હતા. જોકે પોલીસે ગણતરીના કલાકોમાં એક યુવાનની ધરપકડ કરી હતી. નૂંહ જિલ્લામાં વસતા અઝરુ નામના ગુનેગારે તૌસિફને રિવોલ્વર લાવી આપી હતી. પોલીસે એને ઝડપી લીધો હતો.

મૃતક યુવતીનું નામ નિકિતા તોમર છે અને તે બી.કોમમાં અભ્યાસ કરતી હતી, કોલેજમાંથી જેવી તે બહાર નિકળી કે એવામાં ત્યાં એક કાર આવી જેમાં આ હત્યારા બેઠા હતા. યુવતીનું અપરાધીઓએ પહેલા અપહરણ કરવાનો પ્રયાસ કર્યો. જોકે યુવતીએ વિરોધ કરતા તૌફીક નામના એક સનકી યુવકે તેના પર ગોળી ચલાવી દીધી હતી. બાદમાં યુવતીને તાત્કાલીક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

પોલીસે આરોપી તૌફિક અને તેના સાથીની ધરપકડ કરી લીધી છે. જોકે આ માટે પ્રશાસને ચાર જિલ્લાની પોલીસને દોડાવવી પડી હતી. પોલીસના જણાવ્યા અનુસાર તૌફિક નામનો યુવક ઘણા સમયથી આ યુવતીનો પીછો કરી રહ્યો હતો અને વારંવાર તેની છેડતી કરી ચુક્યો છે. આ જાણકારી પોલીસને યુવતીના ભાઈ નવીન દ્વારા આપવામાં આવી હતી.

# યુપીમાં બળાત્કારનો સિલસિલો, ગુરૂગ્રામમાં હોસ્પિટલના આઈસીયુમાં યુવતી ઉપર રેપ

લખનઉ : હાથરસમાં દલિત યુવતી પર બળાત્કારની ઘટનાથી સમગ્ર દેશમાં આક્રોશ ફેલાયો હતો અને બળાત્કારની ઘટનાઓ પ્રત્યે સરકાર ગંભીર બનશે તેમ મનાતું હતું, પરંતુ ઉત્તર પ્રદેશમાં યુવતીઓ અને હવે તો બાળકીઓ પર પણ બળાત્કારનો સીલસીલો યથાવત રહ્યો છે. ઉત્તર પ્રદેશમાં ગુરૂવારે પાંચ વર્ષની બાળકી અને ૧૫ વર્ષ તેમજ ૧૬ વર્ષની સગીરાઓ તથા ગુરૂગ્રામમાં એક અગ્રણી ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં દાખલ યુવતી પર બળાત્કારની ઘટનાઓ સામે આવી છે. ઉત્તર પ્રદેશ ઉપરાંત પંજાબ અને મહારાષ્ટ્રમાં પણ એક બાળકી અને એક સગીરા પર બળાત્કારની ઘટનાઓ સામે આવી છે. ઉત્તર પ્રદેશના બાંદામાં બાબેરૂ ગામમાં ૧૫ વર્ષના એક સગીરે પડોશમાં રહેતી પાંચ વર્ષની એક બાળકી પર કથિત બળાત્કાર ગુજાર્યો હતો. સગીરની અટકાયત કરાઈ છે અને બાળકીને મેડિકલ તપાસ માટે મોકલવામાં આવી હતી તેમ પોલીસે કહ્યું હતું.

હરિયાણાના ગુરુગ્રામમાં એક ખ્યાતનામ ખાનગી હોસ્પિટલમાં ટીબીની સારવાર માટે દાખલ થયેલી યુવતી પર આઈસીયુમાં બળાત્કાર ગુજારાયો હતો. છ દિવસ પછી ભાનમાં આવેલી યુવતીએ તેના પિતાને લખીને બળાત્કારની વાત જણાવી હતી. હરિયાણાના મહેન્દ્રગઢની ૨૧ વર્ષીય યુવતીને ટીબીની સારવાર માટે આઈસીયુમાં વેન્ટિલેટર પર રખાઈ હતી. પંજાબના બરનાલા જિલ્લામાં ૧૬ વર્ષના એક સગીરે ચાર વર્ષની એક બાળકીને પોતાના ઘરમાં લઈ જઈને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. દરમિયાન મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ૧૫ વર્ષની સગીરા પર બળાત્કાર ગુજારના ૧૬ વર્ષીય સગીરની અટકાયત કરાઈ હતી.

# હિઝબુલના વડા, છોટા શકિલ અને ભટકલ સહિત ૧૮ આતંકી જાહેર

નવી દિલ્હી : દેશમાં આતંકવાદ વિરૂદ્ધ ઝીરો ટોલરન્સ નીતિ પર વધુ કડકાઈથી આગળ વધતાં કેન્દ્રીય ગૃહમંત્રાલયે ગેરકાયદે પ્રવૃત્તિ અટકાયત કાયદા (યુએપીએ), ૧૯૬૭ હેઠળ હિઝબુલ મુજાહિદીનના વડા સૈયદ સલાઉદીન, ઈન્ડિયન મુજાહિદીન ભટકલ બંધુઓ, અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ભાઈ અનિસ ઈબ્રાહિમ અને તેના સાથી છોટા શકિલ, ટાઈગર મેમણ, ૨૬/૧૧ના હુમલામાં પાકિસ્તાનથી નિયંત્રણ કરનાર આઈએસઆઈના સાજીદ મીર સહિત ૧૮ લોકોને આતંકી જાહેર કર્યા છે.

૧૯૬૭માં રજૂ કરાયેલા યુએપીએ કાયદામાં ૨૦૧૯માં સુધારો કરાયા પછી સંસ્થાઓ જ નહીં વ્યક્તિઓને પણ આતંકી જાહેર કરી શકાય છે. ગૃહમંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સલામતી મજબૂત કરવા અને આતંકવાદ વિરૂદ્ધ ઝીરો ટોલરન્સ નીતિને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે યુએપીએ કાયદા ૧૯૬૭ (૨૦૧૯માં સુધારા)ની જોગવાઈઓ હેઠળ વધુ ૧૮ લોકોને આતંકવાદી જાહેર કર્યા છે. ભારત અને અમેરિકા વચ્ચે ટુ પ્લસ ટુ મંત્રણામાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ. જયશંકર અમેરિકન મંત્રીઓ માઈક પોમ્પિયો અને એસ્પર સાથે ચર્ચા કરી રહ્યા છે.

# બસપા નેતા મલૂક નાગર, સસરા સહિત સાતને ત્યાં ઈન્કમટેક્સ વિભાગના દરોડા

નવી દિલ્હી : માયાવતીના બસપા પાર્ટીના સૌથી શ્રીમંત નેતા ગણાતા મલૂક નાગરના અર્ધો ડઝન ઠેકાણાં પર આજે સવારથી ઈન્કમટેક્સના દરોડા પડ્યા હતા. આવાં સ્થળોમાં મલૂકના સસરાના ઘર અને ઑફિસનો પણ સમાવેશ થયો હતો. મલૂક પર એવો આક્ષેપ હતો કે છેલ્લાં છ વર્ષના ઈન્કમટેક્સ રિટર્નમાં એણે ઓછી વિગતો આપી હતી. એણે રજૂ કરેલા દસ્તાવેજો કરતાં એનો કારોબાર ઘણો વધારે હતો. મલૂકના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પણ ઈન્કમટેક્સના અધિકારીઓ પૂછપરછ કરી રહ્યા હતા. મલૂક નાગર ડેરીના વ્યવસાયમાં છે જે ખાસ્સા લાંબા સમયથી મધર ડેરીને પોતાનું ઉત્પાદન વેચે છે. આજે પડેલા દરોડો લખનઉ સ્થિત ઈન્કમટેક્સ વિભાગ તરફથી પાડવામાં આવ્યા હતા. મલૂકના દિલ્હી ખાતેના નિવાસસ્થાન અને ઑફિસમાં પણ દરોડા પાડ્યા હતા.

# ટેરર ફંડિંગ કેસમાં એનઆઈએના નવ સ્થળો પર દરોડાથી ચકચાર

શ્રીનગર : એઆઈએએ ગુરુવારે છ જેટલી બિન સરકારી સંસ્થાઓ (એનજીઓ)ના જમ્મુ-કાશ્મીર અને દિલ્હી સ્થિત ૯ જેટલા સ્થળો પર દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. કથિત ટેરર ફંડિંગના કેસમાં એનઆઈએ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે જેમાં દિલ્હી સ્થિત લઘુમિત પંચના પૂર્વ પ્રમુખ જફરુલ ઈસ્લામ ખાનની સંપત્તિનો પણ સમાવેશ થાય છે. જે છ એનજીઓ પર એનઆઈએએ દરોડા પાડ્યા છે તેમાં ફલહ-એ-આમ ટ્રસ્ટ, ચેરિટી એલાયન્સ, હ્યુમન વેલફેર ફાઉન્ડેશન જે કે યતીમ ફાઉન્ડેશન, સાલ્વેશન મૂવમેન્ટ અને જેએન્ડકે વોઈસ ઓફ વિક્ટિમ્સનો સમાવેશ થાય છે. ચેરિટી એલાયન્સ અને હ્યુમન વેલફેર ફાઉન્ડેશન દિલ્હીમાં છે જ્યારે બાકીની એજીઓ જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં આવેલી છે. જફરૂલ ઈસ્લામ ખાન ચેરિટી એલાયન્સના અધ્યક્ષ છે અને મિલી ગેઝેટ અખબારના સંસ્થાપક તેમજ તંત્રી છે. કેટલીક એનજીઓ અને ટ્રસ્ટ્સ દ્વારા દેશ તેમજ વિદેશમાંથી કથિત રીતે ધર્માદા પેટે દાન સ્વીકારીને તેનો ઉપયોગ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃતિ ૫ાછળ કરતો હોવાની આધારભૂત માહિતી મળ્યા બાદ ૮ ઓક્ટોબરના આઈપીસી તેમજ યુએપીએની કેટલીક કલમો સાથે કેસ દાખલ કરાયો હતો.

# હાથરસ કેસની તપાસનું મોનિટરિંગ અલ્લાહાબાદ હાઈકોર્ટ કરશે : સુપ્રીમ

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના ચર્ચિત રેપ અને હત્યાના કેસની તપાસ સીબીઆઈ કરી રહી છે. આ મામલે સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે જે તપાસ થઈ રહી છે તેનું મોનિટરિંગ હવે અલ્લાહાબાદ હાઈકોર્ટ કરશે. જેને પગલે સીબીઆઈ અને એસઆઈટી સહિતની તપાસ ટીમે અલ્લાહાબાદ હાઈકોર્ટને દરેક બાબતોની જાણકારી આપવાની રહેશે.

સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીમાં એવી માગણી કરાઈ હતી કે સમગ્ર મામલાની ટ્રાયલ ઉત્તર પ્રદેશ નહીં પણ અન્ય રાજ્યમાં ચાલવી જોઈએ. આ અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જો જરૂર પડશે તો તેના પણ આદેશ આપીશું પણ હાલ એવા કોઈ આદેશ નથી આપી રહ્યા અને સમગ્ર મામલાનું મોનિટરિંગ ઉત્તર પ્રદેશ હાઈકોર્ટને સોપવામાં આવે છે.

# ઓસ્ટ્રેલિયાનું મેલબોર્ન ૧૧૧ દિવસ બાદ લોકડાઉન મુક્ત, ફ્રાન્સમાં ૪ સપ્તાહ માટે લોકડાઉનની વિચારણા

સીડની : ઓસ્ટ્રેલિયામાં બીજા નંબરનું સૌથી મોટું શહેર મેલબોર્ન ૧૧૧ દિવસ બાદ લોકડાઉન મુક્ત કરાયું હતું ત્યારે બીજી તરફ ફ્રાન્સમાં સરકાર ચાર સપ્તાહના રાષ્ટ્રવ્યાપી લોકડાઉનનું આયોજન કરી રહી હોવાના અહેવાલો છે. વિશ્વભરમાં કોરોનાનો પ્રકોપ પ્રસરી ગયો છે ત્યારે તેને નાથવા માટેના સરકારોના પગલાં અપૂરતા સાબિત થયા છે. યુરોપને લોકડાઉનના આંચકા હચમચાવી રહ્યા છે, યુરોપનાં શહેરોની શેરીઓમાં ફરી તોફાનો ફાટી નીકળ્યાં છે અને ફ્રાન્સ, જર્મની, સ્પેન કોરોના સામે લડવા કડક પગલાં ભરવાની તૈયારીમાં છે તેવા અહેવાલો પાછળ સ્ટોકમાર્કેટમાં ક્રેશ જોવાયો હતો. ફ્રાન્સ સરકાર કોરોનાને નાથવા માટે ચાર સપ્તાહનું રાષ્ટ્રવ્યાપી લોકડાઉન લાદવાની વિચારણા કરે છે. ફ્રેન્ચ પ્રેસિડેન્ટ ફ્રાન્સના સમય પ્રમાણે સરકારી અધિકારીઓએ પગલાંની વધારે માહિતી આપવાનો ઈનકાર કરતા જણાવ્યું હતું કે તે કોઈ નવાં પગલાં હોઈ શકે છે. ઓસ્ટ્રેલિયાના બીજા ક્રમના સૌથી મોટા શહેર મેલબોર્નમાં ૧૧૧ દિવસથી ચાલતાં લોકડાઉનનો અંત આવ્યો છે. વિક્ટોરિયા સ્ટેટ ગવર્નમેન્ટ અનુસાર લોકડાઉનને હટાવી લેવાના પરિણામે ૬૨૦૦ રિટેલ સ્ટોર્સ, ૫૮૦૦ કાફે અને રેસ્ટોરન્ટ્સ, ૧૦૦૦ બ્યૂટી સલૂન્સ અને ૮૦૦ પબ્સને ખોલી શકાશે, જેણે ૧,૮૦,૦૦૦ રોજગારી પર અસર કરી છે.



## ૨૦૨૦ના પ્રથમ છ માસમાં વૈશ્વિક એફડીઆઇમાં ૪૯ ટકાનો ઘટાડો

યુનાઇટેડ નેશન્સ : કોવિડ–૧૯ને પગલે ૨૦૨૦ના પ્રથમ છ મહિનામાં વૈશ્વિક ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ(એફડીઆઇ)ના પ્રવાહમાં ૨૦૧૯ના સમાન ગાળાની સરખામણીમાં ૪૯ ટકાનો ઘટાડો થયો છે તેમ યુનાઇટેડ નેશન્સ દ્વારા જારી નવા આંકડામા જણાવવામાં આવ્યું છે. યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલોપમેન્ટ (યુએનસીટીએડી)ના તાજેતરમાં જાહેર થયેલા ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ ટ્રેન્ડ્સ મોનિટરમાં જણાવવામાં આવ્યું છે કે મહામારી, લોકડાઉનને કારણે ઇન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટની ગતિ ધીમી પડી ગઇ છે.

## Sputnik Vની ૮૫% લોકો પર કોઇ અસર નહીં

મોસ્કો : રશિયાની કોરોના વાયરસ રસી Sputnik V ની ૮૫ ટકા લોકો પર કોઈ આડ અસર જોવા મળી નથી. તેને બનાવનાર ગમલેયા રિચર્સ સેન્ડરના હેડ અલેગ્ઝેન્ડર ગિંટ્સબર્ગે સોમવારે આ વિશે જાણકારી આપી છે. Sputnik Vના ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે. રશિયાએ ઓગસ્ટમાં પોતાની પ્રથમ કોરોના વાયરસ વેક્સિન Sputnik V રજીસ્ટર કરાવી હતી. તેને લઈને વિશ્વમાં ખાસ કરીને પશ્ચિમમાં ખુબ સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. પશ્ચિમી દેશોએ આરોપ લગાવ્યો હતો કે રશિયા માત્ર વેક્સિનની રેસમાં આગળ નિકળવા માટે ઉતાવળ કરી રહ્યું છે.

## બ્રિટનમાં નવેમ્બરમાં વેક્સિન ઉપલબ્ધ થઈ શકે

લંડન : બ્રિટિશ મીડિયાએ દાવો કર્યો હતો કે બ્રિટનની હોસ્પિટલોમાં નવેમ્બર માસમાં જ કોરોનાની વેક્સિન મળી જશે. ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકા દ્વારા તૈયાર થયેલી રસીનો પહેલો જથ્થો નવેમ્બર માસમાં બ્રિટનની હોસ્પિટલોમાં મળી જાય એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સરકાર સંચાલિત નેશનલ હેલ્થ સર્વિસના અધિકારીઓને હોસ્પિટલોમાં વેક્સિન આપી શકાય તે માટેની પૂર્વ તૈયારીનો આદેશ મળ્યો છે.

## ઇઝરાયેલમાં ૧ નવે.થી વેક્સીનનું માનવ પરીક્ષણ

જેરૂસલેમ : દુનિયાભરમાં કોરોના વેક્સીન તૈયાર કરવા માટેમા પ્રયત્નો ચાલી રહ્યા છે. યુરોપ સહિત દુનિયાના અન્ય દેશોમાં કોરોનાની બીજી લહેર સામે આવી છે. આ બધા વચ્ચે હવે ઇઝરાયેલથી કોરોના વેક્સીનને લઇને મહત્વના સમાચાર આવી રહ્યા છે. ઇઝરાયેલ એક નવેમ્બરથી કોરોના વેક્સીનનું માનવ પરીક્ષણ શરૂ કરવા જઇ રહ્યું છે.

## ફ્રાન્સમાં ૫૨ હજાર, જ્યારે બેલ્જિયમમાં ૧૨,૫૦૦ કેસ

યુનાઇટેડ નેશન્સ : આપણે દરરોજ એક લાખ કોરોનાના કેસ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ફ્રાન્સમાં કોરોનાના નવા ૫૨,૦૧૦ કેસો નોંધાયા હતા. જેના પગલે ફ્રાન્સમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૧૧,૩૮,૫૦૭ થઈ છે. બેલ્જિયમમાં પણ ગયા સપ્તાહે કોરોનાના દરરોજ સરેરાશ ૧૨,૫૦૦ નવા કેસો નોંધાયા હતા. જે આગલા સપ્તાહે પાંચ હજાર હતા.

## ઇટાલીમાં લોકડાઉનથી લોકોમાં રોષ, શોપિંગ મોલમાં તોડફોડ

મિલાન : આખા વિશ્વને પોતાના ભરડામાં લેનાર કોરોના મહામારીને નિયંત્રિત કરવા અગાઉની જેમ આ વખતે થોડા પ્રતિબંધ સાથે ઇટાલીએ ફરીથી લોકડાઉન શરૂ કરતાં ઇટાલીના અનેક શહેરોમાં લોકો તેનો વિરોધ કરવા રસ્તા પર ઉતરી આવ્યા હતા. આજે મોટા ભાગના શહેરોમાં રેસ્ટોરન્ટ અને કોફી શોપ બંધ રહ્યા હતા તો સિમેના ગૃહોએ સંપૂર્ણ બંધ પાળ્યો હતો. ઉત્તરીય શહેર તુરિનમાં દેખાવકારોએ શાંતિપૂર્ણ દેખાવમાં પલીતો ચાંપી કેટલીક દુકાનોના શટર તોડી પાડયા હતા. તેમણે ઘુમાડો ઉત્પન્ન કરતાં બોમ્બ ફેંક્યા હતા અને પોલીસ પર બોટલ મારો કર્યો હતો.

# માનવતાના મુક્તિદાતા તથા તારણહાર ઈસ્લામના અંતિમ પયગંબર હઝરત મોહંમદ (સ.અ.વ.)



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

**ઇસ્લામની આરસી**

કાસિમ અબ્બાસ

ભાગ-૨

પ્રસિદ્ધ ગેરમુસ્લીમ ઈતિહાસકાર થોમસ કાર્લાયલે પોતાના પુસ્તક HEROES AND HERO WORSHIP (નાયકો અને નાયક પુજા)માં હઝરત મોહંમદ સાહેબને અંજલી આપતા લખ્યું છે કે ‘એ કેવી મહાઆશ્ચર્યની વાત છે કે એક વ્યકિત (હઝરત મોહંમદ સાહેબ) પોતાના એકલા હાથે ફકત બે જ દાયકામાં રણમાં ભટકતી જ્ઞાતિઓને એક મહાશકિતશાળી અને સુધરેલ જ્ઞાતિ બનાવી દે. પશ્ચિમના દેશોએ આ વ્યકિત વિરુદ્ધ જે અસત્ય ઓકયું છે, તે અમારા માટે પણ ધૃણાજનક કાર્ય છે. મોહંમદ સાહેબ એક મૌન પાળતા મહાત્મા હતા, જેમણે જાણે જગતને એવું બનાવી દીધેલ, જેવું જાણે જગતકર્તા જગતને બનાવવા માટે હુકમ આપી રહ્યો હોય.’

પ્રખ્યાત અંગ્રેજ લેખક અને ચિંતક જયોર્જ બર્નાર્ડ શોએ હઝરત મોહંમદ સાહેબને આ મુજબ અંજલિ આપેલ છે. ‘પયગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ સાહેબને જરૂર માનવતાના તારણહાર કહેવા જોઈએ. હું માનું છું કે જો તેમના જેવા મહાન માનવીએ આધુનિક જગત માટે સરમુખત્યારી અપનાવેલ હોત, તો તે જરૂર આ જગતના અત્યારના તમામ સળગતા પ્રશ્નોનો શાંતિ તથા સુખરૂપ ઉકેલ લાવી શકાત, જેની જગતને અતિ જરૂરત છે.’

એન્સાઈકલોપીડીયા બ્રિટાનીકામાં હઝરત મોહંમદ સાહેબ વિષે આ લખાણ જોવા મળે છે, ‘પ્રાચીન યુગની વિગતો જોતાં એ જાણવા મળે છે કે પયગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ સાહેબ અતિ પ્રમાણિક તથા આદર્શી હતા, જેમણે બીજાઓ, જેઓ તેમના જેવા ગુણો ધરાવતા હતા, તેમના તરફથી માન, મરતબો, મોભો, વિશ્વાસ તથા વફાદારી પ્રાપ્ત કરેલ.’

આઝાદીના લડવૈયા બાપુ મહાત્મા ગાંધીએ પયગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ સાહેબ વિષે પોતાના વિચારો આ પ્રમાણે વ્યકત કરેલ છે, ‘હું એ વાત પર સંપુર્ણ સહમત તથા સંતોષી છું કે પયગંબરે ઈસ્લામના સમયમાં જે વસ્તુએ ઈસ્લામ ધર્મના આદર્શ જીવન અપનાવવા માટે સ્થાન જીતેલ, તે વસ્તુ તલવાર ન હતી, પણ તે વસ્તુઓ તદ્દન સાદગી, સ્વમાન, વચન પાલન, પરમેશ્વરમાં સંપુર્ણ વિશ્વાસ, બિંદાસપણું, સાથીઓ તથા મિત્રોમાં શ્રદ્ધા તથા પોતાના ધ્યેય તરફ પહોંચવાની ધગશ તથા શ્રદ્ધા હતી. જયારે મેં પયગંબરે ઈસ્લામની જીવનકથાનો બીજો ગ્રંથ (વોલ્યુમ) વાંચીને સમાપ્ત કરેલ, તો મને દીલગીરી થયેલ કે તેના પછી આ મહાન માનવીના જીવન વિષે વાંચવા માટે મારા પાસે વધુ કંઈ ન હતું.’

ભારતીય લેખિકા એન્ની બસંતે હઝરત મોહંમદ સાહેબ વિષે આ મુજબ અભિપ્રાય આપેલ છે. ‘જેઓએ અરબના પયગંબર હઝરત મોહંમદ સાહેબના જીવન તથા તેમના ચરિત્રનો અભ્યાસ કરેલ છે કે હઝરત મોહંમદ સાહેબે તેમની જ્ઞાતિને કેવી રીતે શિક્ષણ આપ્યું અને તેઓએ કેવું જીવન ગુજારેલ, તે અભ્યાસીઓ માટે એ અશકય જેવું છે કે તેઓ એ વાતને ન સમજી શકે કે હઝરત મોહંમદ સાહેબ એક મહાન પરમેશ્વર તરફથી એક પવિત્ર તથા મહાન પયગંબર હતા.’

ફીલોસોફીના પ્રખ્યાત ભારતી પ્રોફેસર કે.એસ. રામાક્રીશ્ના રાવે પયગંબરે ઈસ્લામને અંજલી આપતા પોતાના લેખ ‘મોહંમદ ઈસ્લામના પયગંબર’માં હઝરત મોહંમદ સાહેબને ‘માનવતાના સંપુર્ણ પ્રતિક’ તરીકે ઓળખાવ્યા છે.

ભારતી ચિંતક દીવાન ચંદ્ર શર્મા પોતાના પુસ્તક ‘પુર્વના પયગંબર’માં લખે છે કે, ‘મોહંમદ સાહેબ માયાળુપણાના હ્રદય સમાન હતા અને તેમની અસરોએ બહુ ઊંડા પ્રભાવ પાડયા છે.’

ક્રમશઃ

# રોમાંચક મેચમાં ચેન્નાઈએ કલકત્તાને ૬ વિકેટથી હરાવ્યું

## રવિન્દ્ર જાડેજાએ ૧૧ બોલમાં અણનમ ૩૧ રન ફટકારી ટીમને જીત અપાવી

નવી દિલ્હીઃ દુબઈ ખાતે ચેન્નાઈ સુપરકિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાય રહેલી IPL 2020ની ૪૯મી મેચમાં ચેન્નઈએ કલકત્તાને ૬ વિકેટથી પરાજય આપ્યો છે. આજની મેચ ભારે રોમાંચક બની હતી. ચેન્નાઈને છેલ્લી ૨ ઓવરમાં ૩૦ રનની જરૂર હતી ત્યારે રવિન્દ્ર જાડેજાએ ૧૧ બોલમાં અણનમ ૩૧ રન ફટકારી ટીમને જીત અપાવી હતી. સૌપ્રથમ ચેન્નાઈએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. બેટિંગ કરવા ઉતરેલી કલકત્તાની ટીમે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૭૨ રન કર્યાં. કલકત્તા માટે નીતીશ રાણાએ ૬૧ બોલમાં ૧૦ ફોર અને ૪ સિક્સની મદદથી ૮૭ રન કર્યા હતા. તેણે IPLમાં પોતાની ૧૧મી અર્ધી સદી ફટકારતા તેના સિવાય શુભમન ગિલે ૨૬ અને દિનેશ કાર્તિકે અણનમ ૨૧ રનનું યોગદાન આપ્યું. શુભમન ગિલ અને નીતીશ રાણાએ ઓપનિંગ વિકેટ માટે ૫૩ રનની ભાગીદારી નોંધાવી હતી. ચેન્નાઈ માટે લુંગી ગિડીએ ૨ વિકેટ, જ્યારે મિચેલ સેન્ટનર, રવિન્દ્ર જાડેજા અને કર્ણ શર્માએ ૧-૧ વિકેટ ઝડપી હતી. કલકત્તાના ૧૭૩ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ચૈન્નઈની ટીમે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૭૮ રન કર્યા. ચૈન્નઈ માટે ઓપનર ગાયકવાડે ૫૩ બોલમાં ૬ ફોર અને ૨ સિક્સની મદદથી ૭૨ રન કર્યા. આ હાર બાદ કલકત્તા માટે ક્વોલિફાઈ થવાનો માર્ગ મુશ્કેલ થયો છે. પ્લે ઓફની રેસમાંથી પહેલાં જ બહાર થઈ ચુકેલી ચૈન્નઈએ સતત બીજી જીત મેળવી. ચૈન્નઈની ૧૩ મેચોમાં ૧૦ પોઈન્ટ થયાં. ૧૩ મેચોમાં કલકત્તાની આ સાતમી હાર રહી. તે હજુ પણ ૧૨ પોઈન્ટ સાથે ૫માં સ્થાને છે અને બાકીની મેચો જીતીને પણ તેમના ૧૪ પોઈન્ટ થશે.



## મુંબઈની પ્લે-ઓફમાં એન્ટ્રી બેંગ્લોર સામે ૫ વિકેટથી વિજય

નવી દિલ્હીઃ અબુધાબી ખાતે મુંબઈ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચે રમાય રહેલી IPL-2020ની ૪૮મી મેચમાં મુંબઈનો બેંગ્લોર સામે ૫ વિકેટથી વિજય થયો છે અને આ સાથે જ મુંબઈની પ્લે–ઓફમાં એન્ટ્રી થઈ છે. મુંબઈએ બેંગલોર સામે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. બેટિંગ કરવા ઉતરેલી બેંગલોરની ટીમે ૨૦ ઓવરમાં ૬ વિકેટે ગુમાવી ૧૬૪ રન કર્યા. બેંગલોર તરફથી દેવદત્ત પડિક્કલે સૌથી વધારે ૪૫ બોલમાં ૧૨ ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૭૪ રન કર્યા. દેવદત્તે લીગમાં પોતાની ચોથી ફિફ્ટી ફટકારી. એ સિવાય જોશ ફિલિપે ૨૪ બોલમાં ૪ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૩૩ રન બનાવ્યા. જ્યારે મુંબઈ માટે જસપ્રીત બુમરાહે ૦૪ ઓવરમાં ૧૪ રન આપીને ૦૩ વિકેટ ઝડપી. એ સિવાય ટ્રેન્ટ બોલ્ટ, રાહુલ ચહર અને કાયરન પોલાર્ડે ૧–૧ વિકેટ લીધી.

## સનરાઇઝર્સ હૈદરાબાદે દિલ્હીને ૮૮ રનથી આપ્યો પરાજય

દુબઈઃ આઈપીએલના ૪૭માં મુકાબલામાં સનરાઇઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને ૮૮ રને હાર આપી છે. ૨૨૦ રનનો પીછો કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સની શરૂઆત ઘણી ખરાબ રહી ટીમ ૧૯ ઓવરમાં માત્ર ૧૩૧ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. હૈદરાબાદનો ૧૨ મેચમાં આ પાંચમો વિજય છે. તેના ૧૦ પ ોઈન્ટ થઈ ગયા છે શિખર ધવન ખાતુ ખોલાવ્યા વગર પેવેલિયન ભેગો થયો હતો, સનરાઇઝર્સ તરફથી રાશિદ ખાન સૌથી સફળ બોલર રહ્યો હતો. રાશિદે ચાર ઓવરમાં માત્ર ૭ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. આ સિવાય સંદીપ શર્મા અને ટી નટરાજનને બે–બે સફળતા મળી હતી. નદીમ, હોલ્ડર અને વિજય શંકરને એક એક સફળતા મળી હતી. દિલ્હીની ટીમે પાવરપ્લેમાં બે વિકેટે ૫૪ રન બનાવ્યા હતા.

## કલકત્તાને કિંગ્સ ઇલેવન પંજાબે ૮ વિકેટે પછાડ્યું

નવી દિલ્હીઃ શારજાહ ખાતે કિંગ્સ ઇલેવન પંજાબ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાયેલી આઈપીએલની ૪૬મી મેચમાં પંજાબે કલકત્તાને ૮ વિકેટથી પરાજય આપ્યો છે. પંજાબ તરફથી મંનદિપ અને ગેલની અર્ધીસદીની મદદથી પંજાબે ૧૮.૫ ઓવરમાં ૨ વિકેટે ટાર્ગેટ ચેઝ કર્યો, મંદીપ સિંહે અણનમ ૬૬ અને ગેલે ૫૧ રન કર્યા. બંનેએ બીજી વિકેટ માટે ૧૦૦ રનની ભાગીદારી નોંધાવી. કિંગ્સ ઇલેવન પંજાબે ટૉસ જીતીને બોલિંગ પ સંદ કરી હતી. બેટિંગ કરવા ઉતરેલી કલકત્તાની ટીમની શરૂઆત નબળી રહી હતી. પરંતુ બાદમાં બાજી સંભાળતા નાઈટ રાઈડર્સ માટે શુભમન ગિલે ૪૫ બોલમાં ૩ ફોર અને ૪ સિક્સની મદદથી ૫૭ રન કર્યા.

## અમ્પાયરે નોટ આઉટ હોવાનો ઈશારો કરીને વોર્નરનો રિવ્યૂ ખરાબ થતો બચાવ્યો

દુબઈઃ યુએઈમાં રમાઈ રહેલી આઈપીએલમાં વધુ એક વિવાદ સર્જાયો છે.ગઈકાલે સનરાઈઝર્સ હૈદ્રાબાદ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાયેલી મેચમાં અમ્પાયર અનિલ ચૌધરીએ નવા વિવાદને જન્મ આપ્યો છે. હૈદ્રાબાદે સ્ફોટક બેટિંગ કરીને દિલ્હીને ૨૨૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો.દિલ્હીની બેટિંગ દરમિયાન ૧૭મી ઓવરમાં સંદિપ શર્માના બોલ પર આર અશ્વિન સામે એલબીડબલ્યુની જોરદાર અપીલ થઈ હતી.અમ્પાયર અનિલે જોકે અશ્વિનને નોટઆઉટ આપ્યો હતો. જોકે નોટઆઉટ આપવાની સાથે સાથે અમ્પાયરે ઈશારો પણ કર્યો હતો કે, બોલ બેટની ધારને અડીને પેડ પર વાગ્યો છે.આ સંજોગોમાં બેટસમેન એલબીડબલ્યુ આઉટ હોઈ શકે નહી.અમ્પાયરના ઈશારાને જોઈને વોર્નરે ડીઆરએસ રિવ્યૂ નહીં લેવાનો નિર્ણય કર્યો હતો.

## માન્ચેસ્ટર યુનાઈટેડ માટે રમતા રશફોર્ડે ૧૮ મિનિટમાં ૩ ગોલ કરી હેટ્રીક નોંધાવી

લંડનઃ માર્કસ રશફોર્ડે હેટ્રિક નોંધાવતા માન્ચેસ્ટર યુનાઈટેડે ચેમ્પિયન્સ લીગ ફૂટબોલના ગ્રૂપ તબક્કાની મેચમાં આરબી લિપઝિગને ૫-૦થી પરાજય આપ્યો હતો. પ્રથમ હાફમાં મેસન ગ્રીનવૂડે ૨૧મી મિનિટે ગોલ કરીને ટીમને ૧-૦થી આગળ કરી દીધી હતી. બીજા હાફમાં મેદાનમાં ઉતરેલા રશફોર્ડે ૧૮ મિનિટમાં ૩ ગોલ નોંધાવીને હેટ્રિક નોંધાવી હતી. તેણે ૭૪મી, ૭૮મી તથા ઈન્જરી ટાઈમની બીજી મિનિટે ગોલ નોંધાવ્યો હતો. આ સાથે તે ૧૯૯૯ બાદ સબસ્ટિટયૂટ તરીકે હેટ્રિક નોંધાવનાર પ્રથમ ખેલાડી બની ગયો હતો. એન્થોની માર્શલે ૮૭મી મિનિટે મળેલી પેનલ્ટીને ગોલમાં ફેરવીને ટીમને એકતરફી વિજય અપાવી દીધો હતો. તૂરિન ખાતે રમાયેલી ચેમ્પિયન્સ લીગની મેચમાં લાયોનલ મેસ્સીની બાર્સેલોના ટીમે જુવેન્ટ્સને ૨-૦થી પરાજય આપ્યો હતો. આ મેચમાં જુવેન્ટ્સ માટે તેનો સ્ટાર ખેલાડી રોનાલ્ડો કોવિડ-૧૯ પોઝિટિવ હોવાના કારણે રમ્યો નહોતો. બાર્સેલોના માટે ઉસ્માન ડેમ્બેલ તથા મેસ્સીએ ગોલ નોંધાવ્યો હતો. ચેલ્સીએ રશિયા ખાતે ક્રાસ્નોડાર સામે રમાયેલી મેચમાં ૪-૦થી વિજય હાંસલ કર્યો હતો. પેરિસ સેન્ટ જર્મેન, બોરુસિયા ડોર્ટમન્ડ તથા સેવિલાએ પણ પોતપોતાના મુકાબલા જીતી લીધા હતા.

## રોહિત શર્માની ફિટનેસ અંગે જાણવાનો ક્રિકેટ ચાહકોને અધિકાર છેઃ સુનિલ ગાવાસકર

નવી દિલ્હી : ઓસ્ટ્રેલિયા જનારી ટીમ ઈન્ડિયમાંથી વાઈસ કેપ્ટન રોહિત શર્માની બાદબાકીથી ક્રિકેટ ચાહકોએ આશ્ચર્ય અનુભવ્યુ છે.ક્રિકેટ જગતના દિગ્ગજ બેટસમેન ગણાતા પૂર્વ ઓપનર સુનિલ ગાવાસકરે પણ બોર્ડના નિર્ણય સામે સવાલ કર્યો છે. ગાવાસકરે કહ્યુ હતુ કે, રોહિત શર્માને હેમસ્ટ્રિંગ ઈન્જરી થઈ છે તો તે અંગે બોર્ડે વધારે પારદર્શિતા દાખવવાનીજ રુર હતી.કારણકે ઓસ્ટ્રેલિયા સામેની ટીમની જાહેરાત થઈ એ પછી રોહિત શર્મા મુંબઈ ઈન્ડિયન્સની નેટ પ્રેક્ટિસમાં બેટિંગ કરતો જોવા મળ્યો હતો. ક્રિકેટ બોર્ડે ફિટનેસનુ કારણ આપીને રોહિત શર્માને ટી-૨૦, વન ડે કે ટેસ્ટમાં સમાવ્યો નથી.બોર્ડે કહ્યુ હતુ કે, રોહિત શર્માની ઈજા પર નજર રાખવામાં આવી રહી છે.

# ઓસ્ટ્રેલિયાનાં પ્રવાસે જનારી ભારતીય ક્રિકેટ ટીમ જાહેર

## રોહિત શર્મા ઈજાના કારણે આરામ કરશે : કે.એલ.રાહુલની વાઈસ કેપ્ટન તરીકે પસંદગી

નવી દિલ્હીઃ બીસીસીઆઈએ ઓસ્ટ્રેલિયાનાં પ્રવાસ પર જનારી ભારતીય ક્રિકેટ ટીમની ઘોષણા કરી છે. પસંદગીકારોએ ક્રિકેટના ત્રણેય ફોર્મેટ માટે ૩૨ ખેલાડીઓની પસંદગી કરી છે. પ્રથમ વનડે સિરીઝ પછી ટી -૨૦ સિરીઝ અને ત્યારબાદ ટેસ્ટ સિરીઝ રમવામાં આવશે. ભારત આ પ્રવાસ પર પ્રથમ વખત ઓસ્ટ્રેલિયા સાથે ડે-નાઈટ ટેસ્ટ મેચ પણ રમશે. ભારતનો આ પ્રવાસ આઈપીએલના અંત પછી શરૂ થશે. આ ટૂર પર મર્યાદિત ઓવરના ક્રિકેટમાં ટીમના ઉપ-કેપ્ટન રોહિત શર્મા ઈજાના કારણે જઈ રહ્યો નથી. તેમના સ્થાને કે.એલ.રાહુલની ઉપ કપ્તાન તરીકે પસંદગી કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયન પ્રવાસ પર ભારત પ્રથમ બે વન ડે મેચ ૨૭ અને ૨૯ નવેમ્બરનાં રોજ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમશે, ત્યારબાદ છેલ્લી વનડે કેનબેરાના મનુકા ઓવલ ખાતે રમાશે.

**ભારતીય ટેસ્ટ ટીમ**–વિરાટ કોહલી (કપ્તાન), મયંક અગ્રવાલ, પૃથ્વી શો, કેએલ રાહુલ, ચેતેશ્વર પૂજારા, અંજિક્ય રહાણે (ઉપ કપ્તાન) હનુમા વિહારી, શુભમન ગિલ, રિદ્ધિમાન સાહા, રિષભ પંત, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, ઉમેશ યાદવ, નવદીપ સૈની, કુલદીપ યાદવ, રવિન્દ્ર જાડેજા, રવિચંદ્રન અશ્વિન અને મોહમ્મદ સિરાજ. **વનડે ટીમઃ** વિરાટ કોહલી કેપ્ટન, શિખર ધવન, શુભમન ગિલ, કેએલ રાહુલ (ઉપ–કપ્તાન અને વિકેટ કીપર), શ્રેયસ અય્યર, મનીષ પાંડે, હાર્દિક પંડ્યા, મયંક અગ્રવાલ, રવિન્દ્ર જાડેજા, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની અને શાર્દુલ ઠાકુર. **ટી ૨૦ ટીમઃ** વિરાટ કોહલી, શિખર ધવન, મયંક અગ્રવાલ, કેએલ રાહુલ (ઉપ–કપ્તાન અને વિકેટકીપર), અય્યર, મનીષ પાંડે, હાર્દિક પંડ્યા, સંજૂ સેમસન, રવિન્દ્ર જાડેજા, વોશિંગટન સુંદર, યુજવેન્દ્ર ચહલ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની, દીપક ચાહર, વરૂણ ચક્રવર્તી.

## ઓસી.ની વન-ડે, ટીર૦માં કેમરુન ગ્રીન નવો ચહેરો, હેનરિક્સનું ૩ વર્ષ બાદ પુનરાગમન

મેલબોર્નઃ ભારત સામેની શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાએ યુવા ઓલરાઉન્ડર કેમરુન ગ્રીનનો પોતાની ટીર૦ તથા વન–ડે ટીમમાં સમાવેશ કર્યો છે. બીજી તરફ બિગ બેશ લીગમાં શાનદાર પ્રદર્શન કરનાર મોઝિસ હેનરિક્સનું પણ ત્રણ વર્ષના લાંબાગાળા બાદ નેશનલ ટીમમાં પુનરાગમન થયું છે. ભારતીય ટીમ ટેસ્ટ શ્રેણી પહેલાં ઓસ્ટ્રેલિયા સામે ત્રણ વન–ડે તથા ત્રણ ટીર૦ ઇન્ટરનેશનલ મેચ રમશે. ઓસ્ટ્રેલિયાના મુખ્ય પસંદગીકાર ટ્રેવર હાન્સે જણાવ્યું હતું કે કેમરુને ડોમેસ્ટિક ક્રિકેટમાં સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું છે. ભાવિ ખેલાડી તરીકે ભારત સામેની શ્રેણી તેને ઘણાં પાઠ શીખવશે. ઓસ્ટ્રેલિયાએ મર્યાદિત ઓવર્સની શ્રેણી માટે બેટિંગ ઓલરાઉન્ડર્સને વધારે પ્રાધાન્ય આપ્યું છે. ગ્રીનની પસંદગી લગભગ નિશ્ચિત જણાતી હતી. તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની ગ્રેગ ચેપલે જણાવ્યું હતું કે મેં રિકી પોન્ટિંગ બાદ પ્રથમ વખત આટલો પ્રતિભાશાળી ક્રિકેટર જોયો છે.

# પેશાવરના મદરેસામાં બ્લાસ્ટ : આઠ માસૂમ બાળકોનાં મોત, ૧૪૦ ઈજાગ્રસ્ત

• આતંકી બેગમાં બોમ્બ મુકી જતો રહ્યો તેની થોડી મિનિટોમાં જ વિસ્ફોટ, હોલના કાચ તુટયા, દિવાલો લોહીલુહાણ



પેશાવર : પાકિસ્તાનના પેશાવરમાં એક મદરેસામાં ભયાનક વિસ્ફોટ થયો હતો, જેમાં આઠ બાળકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૪૦થી વધુ ઘાયલ થયા છે. બાળકો મદરેસામાં કુરાન અને ઈસ્લામ વિશે અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે જ આ વિસ્ફોટ થયો હતો. જેને પગલે સ્થળ પર જ આઠ બાળકોના મોત નિપજ્યા હતા જ્યારે જે બાળકો ઘવાયા છે તેમાં પણ અનેકની સ્થિતિ ગંભીર છે તેથી મૃત્યુઆંક વધી શકે છે. શીયા મુસ્લિમોને નિશાન બનાવી અવાર નવાર પેશાવરમાં આતંકીઓ હુમલા કરી રહ્યા છે, જેના ભાગરૂપે પણ આ હુમલો થયો હોવાની પોલીસને શંકા છે. પોલીસના જણાવ્યા અનુસાર પેશાવરમાં પ્રખ્યાત જામિયા ઝુબેરીયા મદરેસામાં મુખ્ય હોલમાં બાળકો કુરાન પઢી રહ્યા હતા, એ સમયે ત્યાં કોઈ બેગમાં બોમ્બ મુકી ગયું હતું, જે બાદમાં ફાટયો હતો. જેને પગલે વિસ્ફોટને અડફેટે આવી જતા આઠ બાળકોના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા.

# બિડેન સામેના ભ્રષ્ટાચારના કેસોને ટીવી ચનલો દેખાડતી નથી : ટ્રમ્પ

• બિડેને રશિયા પાસેથી ૩૫ લાખ ડોલર લીધો હોવાનો ટ્રમ્પનો આક્ષેપ

મિલવૌકી : પ્રમુખપદની ચૂંટણીમાં સર્વેમાં પોતાની જાતને પાછળ જોઈ હતાશ થયેલા ટ્રમ્પે હવે અમેરિકાના માધ્યમો અને ટીવી ચેનલો પર પોતાનો ગુસ્સો ઉતાર્યો હતો અને તેમણે પોતાના હરિફ ડેમોક્રેટિક પાર્ટીના જો બિડેનના કથિત લાચ અને ભ્રષ્ટાચારના કેસોના સમાચારોને બ્લોક કરવાનો ટેક કંપનીઓ તેમજ ટીવી ચેનલો પર આક્ષેપ કર્યો હતો. ચૂંટણી પ્રચારમાં ટ્રમ્પ અને બિડેને એક બીજા પર ગંભીર ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે બિડેનને રશિયાએ ૩૫ લાખ ડોલર આપ્યા હતા અને તે રશિયન પ્રમુખ પુતિન દ્વારા મોકલવામાં આવ્યા હતા, કારણ કે તેઓ મોસ્કોના પૂર્વ મેયર સાથે સારી દોસ્તી ધરાવે છે. જો કે બિડેને આ આક્ષેપને નકાર્યો હતો. મંગળવારની સભાને સંબોધવા જતાં પહેલા વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે મુખ્ય પ્રવાહના માધ્યમો બિડેનના ભ્રષ્ટાચારના સમાચારોને બ્લોક કરી દે છે. અત્યાર આપણે જે જોઈ રહ્યા છીએ હું માનું છું કે આ અત્યંત દુખદ સમય છે અને માધ્યમો અને મોટી ટેક કંપનીઓ માટે ખુબ દુખી યુગ તરીકે યાદ રહેશે'એમ તેમણે નિરાશાજનક સ્થિતિમાં કહ્યું હતું.

# ફ્રાન્સમાં ચર્ચ પર આતંકી હુમલો શિરોચ્છેદ સહિત 3 લોકોની હત્યા

પેરિસ : ફ્રાન્સના કટાક્ષ અખબાર ચાર્લી હેબ્દોમાં પ્રસિદ્ધ કરાતા વિવાદાસ્પદ કાર્ટૂન અને તાજેતરમાં આ કાર્ટૂન મુદ્દે એક શિક્ષકની હત્યા પર ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંના નિવેદન બાદ સમગ્ર વિશ્વમાં ફેલાયેલો તણાવ વધુ ઉગ્ર બનવા લાગ્યો છે. ફ્રાન્સના નાઈસ શહેરમા ગુરુવારે હાથમાં છરા સાથે ચર્ચમાં ઘૂસી આવેલા એક હુમલાખોરે એક મહિલાનો શિરોચ્છેદ કરી નાખ્યો હતો અને અન્ય બેને છરો હુલાવી દેતાં ૩ વ્યક્તિનાં મોત થયાં હતાં. હુમલાખોરે છરાબાજી જારી રાખી સંખ્યાબંધ લોકોને ઈજા પહોંચાડી હતી. પોલીસે હુમલાખોરને ગોળી મારીને ઝડપી લીધો હતો. નાઈસ શહેરના મેયર ક્રિશ્ચિયન ઈસ્ટ્રોસીએ આ હુમલાનેઈસ્લામો ફાસિસ્ટ એટેક ગણાવ્યો હતો. ફ્રાન્સના એન્ટી ટેરર તપાસકર્તાઓએ ઘટનાની તપાસ શરૂ કરી છે. ઈસ્ટ્રોસીએ જણાવ્યું હતું કે, શહેરના નોટ્રે ડેમ ચર્ચ નજીક છરા વડે હુમલો કરવામાં આવ્યો છે. પોલીસે હુમલાખોરને ઝડપી લીધો છે.

હુમલાખોર પોલીસે ઝડપી લીધા બાદ પણ અલ્લાહુ અકબરના નારા લગાવી રહ્યો હતો. ફ્રાન્સમાં હવે વધુ આતંકવાદ સાંખી લેવાશે નહીં. પોલીસે જણાવ્યું હતું કે, હુમલામાં ૩ વ્યક્તિનાં મોત થયાં હતાં અને સંખ્યાબંધ લોકોને ઈજા પહોંચી હતી.

# યુદ્ધ વખતે અમે ભારતની પડખે ઉભા રહીશું :અમેરિકાએ હૈયાધારણા આપી

• ભારત-અમેરિકા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રના કરાર-વાટાઘાટો

• ચીને અમેરિકાની પ્રવૃત્તિને કુસંપ પેદા કરનારી ગણાવી

વોશિંગ્ટન : ભારત સાથે વાટાઘાટો માટે અમેરિકી વિદેશ મંત્રી માઈક પોમ્પિયો અને સંરક્ષણ મંત્રી માર્ક એસ્પર અત્યારે ભારતની મુલાકાતે છે. ભારત અને અમેરિકા વચ્ચે વિવિધ સંરક્ષણ કરાર થયા હતા. ખાસ તો લશ્કરી અને સ્ટ્રેટેજીક માહિતીની આપ-લે માટેનો બેઝિસ એક્સચેન્જ એન્ડ કોઓપરેશન એગ્રીમેન્ટ (બીઈસીએ) સંપન્ન થયો હતો. આ પ્રસંગે અમેરિકી વિદેશ મંત્રી પોમ્પિયોએ કહ્યું હતું કે ભારતના સંઘર્ષકાળમાં અમેરિકા તેની પડખે ઉભું રહેશે. ગલવાનમાં થયેલા શહીદ સૈનિકોનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું હતું કે ગલવાન દુર્ઘટના એ ચીનની વિસ્તારવાદી નીતિનું પરિણામ છે.

ભારત-અમેરિકા વચ્ચેની આ વાટાઘાટો ટુ-પ્લસ-ટુ તરીકે ઓળખાય છે, કેમ કે બન્ને દેશના બે મહત્ત્વપૂર્ણ મંત્રાલયો તેમાં સંકળાયેલા છે. આ ડાઈલોગ હેઠળ કુલ મળીને પાંચ કરારો થયા હતા. પોમ્પિયો બહુ પહેલાથી જ ચીનના ટીકાકાર રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ભારત પોતાની એકતા અને અખંડિતતા જાળવી રાખવા જે પ્રયાસો કરે તેમાં અમે ભારતની સાથે છીએ. તેમણે ચીનની સત્તાધારી પાર્ટી કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના (સીસીપી)ની ટીકા કરી હતી. અમેરિકી સંરક્ષણ મંત્રી માર્કે પણ કહ્યું હતું કે અમે ભારત સાથે ખભે ખભો મિલાવીને કામ કરીશું. ચીને આ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યુંહતું કે અમેરિકા ચીન અને અન્ય દેશો વચ્ચે દુશ્મની અને કુસંપ ઉભો કરવાનું બંધ કરે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમેરિકાની આ ઝઘડાળુ માનસિકતા કોલ્ડવોર વખતની છે.

# આર્મેનિયા-અઝરબૈજાન વચ્ચેના જંગની પૂર્ણાહુતિ, એક માસમાં ૫૦૦૦ના મોત



આર્મેનિયા : દિવસથી આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત આવ્યો હતો. આજે ૨૬મી ઓક્ટોબરની મધરાતથી શસ્ત્રવિરામ કરવાની જાહેરાત બંને પક્ષ તરફથી સહિયારી કરાઈ હતી. અમેરિકાની મધ્યસ્થીથી આ યુદ્ધનો અંત આવ્યો હતો. ખુદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વિદેશ પ્રધાન માઈક પોમ્પિયોએ કરી હતી.

વિશ્વના નકશા પર નજર કરવામાં આવે તો આ બંને સાવ નનકડા દેશો છે. પરંતુ અઝરબૈજાને આર્મેનિયાના નાગોર્નો કારાબાખ વિસ્તાર પર ગેરકાયદે કબજો કર્યો હોવાના મામલે બંને વચ્ચે ખેંચતાણ થઈ હતી જે યુદ્ધમાં પરિણમી હતી. છેલ્લા એક માસમાં આ યુદ્ધના પગલે પાંચ હજાર લોકોએ જાન ગુમાવ્યા હતા. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યા મૂજબ 'આર્મેનિયાના વડા પ્રધાન નિકોલસ પશીનાન અને અઝરબૈજાનના પ્રમુખ ઈલબામ અલીયેવ બંનેને મુબારકબાદ. આ યુદ્ધનો અંત આવતાં સેંકડો નિર્દોષ લોકોના જાન બચી જશે. આ પહેલાં અમેરિકાના વિદેશ પ્રધાન માઈક પોમ્પિયોએ બંને દેશોના વિદેશ પ્રધાન સાથે વિગતવાર વાત કરી હતી.

# પર્યાવરણને નુકસાનકર્તા પ્રોજેક્ટ્સને ૨૬ લાખ કરોડ ડૉલરની લોન અપાઈ

• પ્રકૃત્તિ પ્રત્યે બેન્કોની બેદરકારી અંગે પ્રથવાર વૈશ્વિક રિપોર્ટ તૈયાર

વોશિંગ્ટન : વિશ્વભરની બેન્કો-નાણા સંસ્થાઓ દ્વારા કદાવર પ્રોજેક્ટ્સને ફાઈનાન્સ-લોન અપાતી હોય છે. પરંતુ આવા ફાઈનાન્સથી પર્યાવરણ અને વન્યજીવને નુકસાન થઈ રહ્યું હોવાનો રિપોર્ટ પ્રથમવાર તૈયાર થઈ રહ્યો છે. 'બેન્કરોલિંગ એક્સટિંક્શન' નામના વૈશ્વિક રિપોર્ટમાં બેન્કોની લોન અને પર્યાવરણ-વન્યજીવનના નુકસાન વચ્ચેનો સબંધ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. એ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૯માં જગતની પ્રથમ ૫૦ બેન્કોએ ૨.૬ ટ્રિલિયન (લાખ કરોડ) ડૉલરની એવી લોન આપી હતી, જે સરવાળે પર્યાવરણ માટે ઘાતક સાબિત થઈ હતી. સામાન્ય રીતે મોટા પ્રોજેક્ટ માટે લોન આપતી વખતે વિવિધ પ્રકારની તપાસ થતી હોય છે. રિપોર્ટ પ્રમાણે કોઈ બેન્કે લોન આપતા પર્યાવરણને થનારા નુકસાનની તપાસ કરી નથી. આગામી દિવસોમાં બેન્કો દ્વારા મોટા પ્રોજેક્ટને અપાતી લોન-ફાઈનાન્સ પહેલા પર્યાવરણ-વન્યજીવને થનારા નુકસાનની તપાસ ફરજિયાત બનાવાય એવી શક્યતા છે.

# મહિલાઓને સેક્સ સ્લેવ બનાવનારા ગુરૂ કીથ રેનિયરને ૧૨૦ વર્ષની જેલ

ન્યૂયોર્ક : પોતાને સેલ્ફ હેલ્પ ગુરૂ ગણાવતા અને મહિલાઓને સેક્સ સ્લેવ બનાવતા કલ્ટ ગૂરૂ કીથ રેનિયરને મંગળવારે ન્યૂયોર્કની એક કોર્ટે ૧૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. સંખ્યાબંધ મહિલાઓને બહેકાવીને સેક્સ સ્લેવ બનાવનારા અને એમનું જાતીય શોષણ કરવાના આરોપ એની સામે ઘડવામાં આવ્યા હતા. કીથના ગ્રુપમાં અનેક સેલેબ્રિટિઝ અને પ્રસિદ્ધ હસ્તીઓ જોડાઈ હતી જેને કીથે Nxivm જેવું વિચિત્ર નામ આપ્યું હતું. મંગળવારે કોર્ટમાં એની સામેના આરોપો પુરવાર થતાં કોર્ટે ૬૦ વર્ષના કીથને ૧૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. એના પર ઘણી મહિલાઓએ એવો આરોપ મૂક્યો હતો કે અમને પોતાની વાક્જાળમાં ભોળવીને અમારી સાથે નાણાંકીય છેતરપીંડી કરવા ઉપરાંત અમારૂં સેક્સ્યુઅલ શોષણ પણ કર્યું હતું.

# પાકિસ્તાને પુલવામામાં હુમલો કરાવ્યો ઇમરાનના મંત્રીની સંસદમાં કબૂલાત

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના મંત્રીએ દેશની સંસદમાં કબૂલાત કરી છે કે ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર કરાયેલા આતંકવાદી હુમલા માટે પાકિસ્તાન જવાબદાર છે. પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીને સંબોધન કરતા ઈમરાન ખાન સરકારના મંત્રી ફવદ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે ભારતમાં ઘૂસીને તેને માર્યો. પુલવામામાં મળેલી સફળતા ઈમરાન ખાનના નેતૃત્વમાં પાકિસ્તાની જનતાની સફળતા છે. આપણે બધા આ સફળતાના હિસ્સેદાર છીએ.

આ પહેલાં ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના બાલાકોટ ખાતે આવેલા જૈશ એ મોહમ્મદના આતંકવાદી તાલીમ કેમ્પ પર કરેલી સર્જિકલ સ્ટ્રાઈક બાદ બંને દેશ વચ્ચે સર્જાયેલા તણાવમાં ભારત પર હુમલા કરવાની ફિશિયારી મારી રહેલા પાકિસ્તાની સેનાના અધિકારીઓ હકીકતમાં ફફડી ગયા હતા. પાકિસ્તાનમાં તે પછી સર્જાયેલા ઘટનાક્રમનો ચિતાર આપતા પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના સાંસદ સરદાર અયાઝ સાદિકે ભરી સંસદમાં પાકિસ્તાની રાજકીય નેતાગીરી અને સેનાના અધિકારીઓમાં વ્યાપેલા ફફડાટની પોલ ખોલી નાખી હતી.

# જેક માનું એન્ટ ગૃપ અત્યાર સુધીનું સૌથી મોટો ૩૫ અબજ ડોલરનો આઈપીઓ લાવશે

હોંગકોંગ : જેક માનું એન્ટ ગ્રુપ અત્યાર સુધીનો સૌથી મોટો આઈપીઓ લાવવા જઈ રહ્યું છે. આ ગ્રુપ ૩૪.૫ અબજ ડોલર એટલે કે ૨.૫૬ લાખ કરોડ રૂપિયાનો આઈપીઓ લાવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર વિશ્વના ઈતિહાસમાં આ આઈપીઓ અત્યાર સુધીનો સૌથી મોટો છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે સઉદી અરામકોનો આઈપીઓ ૨૯ અબજ ડોલરનો હતો. એન્ટ ગ્રુપનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) હોંગકોંગ અને શાંઘાઈ સ્ટોક એક્સચેન્જમાં આવી રહ્યો છે. એન્ટ અનેક પ્રકારની નાણાકીય સેવાઓ પૂરી પાડે છે. જેમાં ચીનનું અલિપે ડિજિટલ વોલેટ પણ સામેલ છે. શાંઘાઈમાં એન્ટના શેરનો ભાવ ૧૦.૨૭ ડોલર અને હોંગકોંગમાં ૧૦.૩૨ ડોલર રહ્યો હતો. કંપની આઈપીઓ દ્વારા ૩૪.૫ અબજ ડોલર એકત્ર કરશે.

# ટોરોન્ટોમાં શિયાળામાં આઉટડોર પેશીયો સ્પેસ ખુલ્લી રાખવાની યોજના લંબાવાઈ

**• ટોરોન્ટો સીટી કાઉન્સીલે દરખાસ્તને મંજુરી આપી, રેસ્ટોરાં અને બાર સંચાલકોને લાભ થશે**

ટોરોન્ટો : ટોરોન્ટોવાસીઓ હવે શિયાળામાં પણ પબ્લિક પાર્ક નજીકના કે ખાનગી માલિકીની જગ્યાઓમાં ખુલ્લામાં ભોજનની મઝા માણી શકશે. મંગળવારે ટોરોન્ટો સીટી કાઉન્સીલે બહુમતીથી એ વિશેની દરખાસ્તને મંજુરી આપી હતી. જેમાં કાફે ટુ પેશીયો પ્રોગ્રામને એપ્રિલ માસ સુધી લંબાવવાની માંગણી કરવામાં આવી હતી. એમાં કેટલાક સુધારાઓ પણ કરાયા છે. જેથી શિયાળામાં સલામત રીતે સ્નોને ખસેડી શકાય. આ પ્રોગ્રામને કારણે વધારાના કેટલાક રેસ્ટોરાં અને બારને વધારાની સાઈડવોક અને રસ્તાની બાજુની જગ્યાનો ઉપયોગ કરવાની છૂટ મળશે. જયાં તેઓ બહારના ગ્રાહકોને ભોજન અને ખાનપાનની સુવિધા શિયાળા અને ઉનાળામાં પુરી પાડી શકશે. જયારે શહેર સાઈડવોક અને રોડની જગ્યાને બંધ રાખી શકે એમ નથી. કેમકે શિયાળાની મોસમમાં સ્ટાફ ઘણા રેસ્ટોરાં ખુલ્લા રહી શકે એવા પ્રયાસો કરી રહ્યો છે. ટોરોન્ટોના મેયર જોન ટોરીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સાઈડવોક કાફે અને રેસ્ટોરાં શિયાળામાં ખુલ્લા રહેવા જોઈએ. એમને વધારાની ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવી છે. નવી યોજના મુજબ એવા રેસ્ટોરા અને કાફેને ૧૪મી એપ્રિલ ૨૦૨૧ સુધી છૂટ મળશે, જેમની પાસે હાર્ડ સરફેસવાળી ખુલ્લી જગ્યા હોય. તેમની પાસેથી કોઈ વધારાની ફી કે ચાર્જ નહીં લેવાય. રેસ્ટોરાં ઉપરાંત શરાબ પુરી પાડનારાઓ માટે નવા ધારા ધોરણો નક્કી કરવા પણ કાઉન્સીલે પ્રાંતિય સરકારને વિનંતી કરી છે. કોવિડ -૧૯ મહામારીની સૌથી વધુ અસર ટોરોન્ટોના રેસ્ટોરાંને થઈ હતી. કેમકે ઈન્ડોર સેવાઓ મહિનાઓ સુધી બંધ રખાઈ હતી અને માત્ર ટેક અવે સેવાઓ જ ઉપલબધ હતી. જેમાં પણ ફુડ ડીલીવરી સર્વિસનો ચાર્જ ૩૦ ટકા જેટલો હોવાથી એની પણ માઠી અસર રેસ્ટોરાંના બિઝનેસ પર પડતી હતી. તેથી નફાનું પ્રમાણ સાવ ઓછું હતું. ટોરન્ટોની મ્યુનિસીપાલીટી પાસે ફુડ ડીલીવરી ચાર્જ પર નિયંત્રણ રાખનારી સત્તા નથી.

# શિક્ષકની હત્યા બાદ ફ્રાંસે મસ્જિદ બંધ કરાવી, ૧૨૦ સ્થળ પર દરોડા

પેરિસ : તુર્કીએ ફ્રાન્સનો બોયકોટ કરવાના આપેલા એલાન બાદ પણ ફ્રાન્સે ઈસ્લામિક કટ્ટરવાદીઓ સામેના તેવર નરમ પડવા દીધા નથી.ફ્રાંસે આવા તત્વો સામે કાર્યવાહી ચાલુ જ રાખી છે. ફ્રાંસમાં શિક્ષકની ગળુ કાપીને થયેલી હત્યા બાદ ફ્રાન્સે લીધેલા પગલા અને પ્રેસિડેન્ટ મેક્રોને આપેલા નિવેદન બાદ તુર્કી અને ફ્રાન્સ વચ્ચેના વણસેલા સબંધો વધારે ખરાબ થયા છે.તુર્કીએ તો ફ્રાન્સ પ્રમુખના નિવેદનોને મુસ્લિમ વિરોધી ગણાવી ઈસ્લામિક જગતને ફ્રાન્સનો બોયકોટ કરવાની અપીલ પણ કરી છે. જોકે એ પછી પણ ફ્રાન્સે પોતાની કાર્યવાહી ચાલુ રાખી છે.પેરિસના ઉત્તર પૂર્વ વિસ્તારમાં આવેલી એક મસ્જિદને ફ્રાંસે બંધ કરાવી દીધી છે.આ મસ્જિદ સાથે જોડાયેલા લોકો પર શિક્ષણ સેમ્યુઅલ પેટીને ટાર્ગેટ કરવાનો આરોપ પણ લગાવ્યો છે. શિક્ષકની હત્યા બાદ ફ્રાંસ ચોંકી ઉઠ્યુ છે.ફ્રાંસની સરકારે બહુ ઝડપથી કાર્યવાહી કરી છે. શિક્ષકની મોતની તપાસ પણ ચાલી રહી છે.







# Cedarbrae Dental Center




**Use it or Lose it! Don't Let Your Benefits Expire!**

અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.



**Hours of operation**

- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.

Monthly special get free teeth whitening with cleaning (New patients only ) expires 10/31st

Pls call to schedule you appointment today at 416-945-1000.



## Dr. Ghazala Zaid, DMD

3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6

416-945-1000, 416-945-2800

http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com



# CLUB CERAMIC







Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com